ॐ ह्रीँ अर्हँ नमः

શ્રી પાર્શ્વચંદ્રસુરીશ્વરી સદ્ગુરૂભ્યો નમઃ

નમોત્થુણં સમણસ્સઃ ભગવઓ મહાવીરસ્સઃ

## શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય

# દેવવંદનમાળા

સાથે

નવપદ આરાધન વિગેરે તપવિધિ

સંગ્રાહિકા તથા લેખિકા :

શાસન પ્રભાવિકા પૂ. પ્રવર્તિની ખાંતિશ્રીજી મ. સા

卐

પ્રેરીકા :

પ્રસિદ્ધ વકતા પૂ. પ્ર. ખાંતીશ્રીજી મ. નાં

પ્રશિશુ સા. નિજાનંદશ્રીજી મ.

પ્રકાશક :

શા. હંસરાજભાઇ માણેક

ધર્મપત્ની સ્વ. અ. સૌ. શ્રીમતી કુંવરબાઇનાં

આત્મશ્રેયાર્થે.

વિ. સં. ૨૦૩૯ આવૃતિ ત્રીજી પ્રત : ૫૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ હ્રીં અર્હં નમઃ

શ્રી પાર્શ્વચંદ્રસુરીશ્વર સદ્‌ગુરૂભ્યો નમઃ

નમોત્થુણં સમણસ્સ: ભગવઓ મહાવીરસ્સ:

# શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય

# દેવવંદનમાળા

સાથે

નવપદ આરાધન વિગેરે તપવિધી

સંગ્રાહિકા તથા લેખિકા :

શાસન પ્રભાવિકા પૂ. પ્રવર્તિની ખાંતીશ્રીજી મ. સા.

卐

પ્રેરીકા :

પ્રસિદ્ધ વક્તા પૂ. પ્ર ખાંતીશ્રીજી મ. નાં

પ્રશિશુ સા. નિજાનંદશ્રીજી મ.

પ્રકાશક ;

શા હંસરાજભાઇ માણેક

ધર્મપત્ની સ્વ. અ. સૌ શ્રીમતી કુંવરબાઇનાં

આત્મશ્રેયાર્થે.

વિ. સં. ૨૦૩૯ આવૃતિ ત્રીજી પ્રત : ૫૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીયા પરમ વિદુષી પ્રવર્તિની સાધ્વીશ્રી

# શ્રી ખાંતિશ્રીજી મહારાજ



જન્મસ્થળ: નાગલપુર (કચ્છ) સંવત: ૧૯૫૮
દીક્ષા: અમદાવાદ સંવત: ૧૯૭૪ના વૈસાખ વદ-૫
વડી દીક્ષા: નાની ખાખળ (કચ્છ) સં: ૧૯૭૫
પ્રવર્તિની પદ: ધ્રાંગધ્રા સંવત ૨૦૧૧ના મહા સુદ ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ★ કંઈક કહેવા જોગું ★

આ સંસારમાં દરેક આત્માઓ નિરંતર મન, વચન અને કાયાથી જે પ્રવૃતિ કરે છે તેનો મુખ્ય હેતુ સાચું સુખ મેલવવાનો છે પણ પ્રત્યક્ષ અનુભવથી આપણે જોઈએ છીએ કે હરદમ અથાગ પરિશ્રમ કરવા છતાં સંસારીક પદાર્થોથી કોઇ પણ આત્મા સુખી થતો નથી બલ્કે વધુને વધુ દુઃખી થતો જાય છે. તેનું મુલ કારણ એકજ છે કે આત્મા શાશ્વત, સંપુર્ણ અને સર્વોત્કૃષ્ટ સુખ ઇચ્છે છે પણ તેવું સુખ સંસારના કોઇ પણ પદાર્થમાં છે જ નહી માટે જ પ્રાણીઓના સર્વ પ્રયત્નો નિષ્ફલ નિવડે છે.

એ અનુપમ સુખની પ્રાપ્તિ માટે જ્ઞાની મહાત્માઓએ ઉ-તમ ધર્મારાધન શુદ્ધ ભાવ સાથે શ્રી જિનેશ્વર દેવોની ભક્તિ દાન, શીયલ અને વિષય, કષાય રહીત કોઇ પણ ફલની ઇચ્છા રહીત તપનું આચરણ કરવું તેજ છે. એ ઉ-તમ ધર્મની કરેલી આરાધના જ સંસારીક દુઃખોના મૂલ કારણરૂપ કર્મની અતિગહન જડને મુલથી ઉખેડી નાખવા સમર્થ છે.

ભવ્ય આત્માઓ શ્રી જિનેશ્વર દેવોની સુંદર આરાધના દાન, શીયલ અને તપની સાથે સરલતાથી કરી શકે તે માટે કરૂણાસાગર સુરિપુંગવોએ પોતાની કવિત્વ શકિત કેળવી ચોમાસી દેવવંદનાદિ વિધિઓ કવિતામાં રચી મુમુક્ષુ આત્માઓને ભેટ ધરી છે. જેનું આજે શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય દેવવંદનમાલાના નામથી જન્મ થાય છે.

સ્વર્ગસ્થઆગમ રહસ્યવેદી પુજ્ય આચાર્યદેવશ્રી સાગરચંદ્રસુરિ મહારાજ સાહેબજી તથા પરમ તપસ્વી શાંતમૂર્તિ સમભાવી પુજ્ય મુનિશ્રી જગતચંદ્રજી ગણીવર મહારાજ સાહેબની એ દેવવંદનમાળા બહાર પાડવાની ધણી જ ભાવના હતી એ માટે મારી સાથે ઉનાવા ગામે ચર્ચા પણ થયેલ વિ. સં. ૧૯૮૨ ના ચૈત્ર માસમાં સ્વર્ગસ્થ શેઠ વસ્તારામ ગણેશના પુણ્યાર્થે તેમના ચીરંજીવી સુપુત્રો ભુધરભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પીતાંબરભાઈએ નવપદજીના ઉજમણા-સાથે અઠ્ઠાઈ મહોત્સવ કરેલ તે પ્રસંગે તેઓની સાગ્રહ વિનંતિને માન આપી પુજ્ય મુનિશ્રી જગતચંદ્રજી ગણિવર તથા પુજ્ય મુનિશ્રી સાગરચંદ્રજી મહારાજ સહપરિવાર પધારેલા અને સાધ્વી સમુદાય પણ ઠીક પ્રમાણમાં આવેલ એ વખતે સાધુ સાધ્વીજીઓએ કેમ વરતવું ને તેના માટે શું શું કરવું વિગેરે અનેક ચર્ચાઓની સાથે દેવવંદનમાલા બહાર પાડવાની પણ ચર્ચા થયેલ હતી. કોઈ ભાવિના અગમ્ય ભેદના કારણે કહો કે આપણા કમભાગ્યે કહો એ બન્ને ગચ્છના સ્થંભો સ્વર્ગવાસી બન્યા અને દેવવંદનમાળાનું કામ અધર જ રહી જવા પામ્યું છતાં આ વાત મનથી અદ્રશ્ય ન જ થઈ શકી. એ ઉપકારીઓની ભાવનાને સિદ્ધ કરવા સં. ૨૦૦૮ ના મારા ધ્રાંગધ્રાના ચાતુર્માસમાં દેવવંદનમાળા પ્રસિદ્ધ કરવા માટે મેં એક પત્ર અમદાવાદ પુજ્ય મુનિશ્રી કૃપાચંદ્રજી મ. ને લખ્યો અને એક પત્ર પાલીતાણા પુજ્ય વૃદ્ધિચંદ્ર મહારાજને લખ્યો એ બન્ને સ્થળેથી એક જ જવાબ મલ્યો કે એ કાર્ય તમે જ કરો ઘણી ખુશીની સાથે અમે એ કાર્ય માટે સમ્મત છીએ.

જેથી મારી પાસે અગાઉથી સંગ્રહ કરી રાખેલ એ વિધિ વધાનોનું મેટર લખવું મેં શરૂ કર્યું તેમાં મુનિશ્રી હર્ષચંદ્રસુરિકૃત દીવાળી દેવવંદન અને મુનિશ્રી શીવચંદ્ર પાઠકકૃત જ્ઞાનપંચમીના દેવવંદન તથા નવપદ તપ વિગેરે તપની વિધિઓનું મેટર મેં લખી તૈયાર કર્યું અને સ્વ. આ૦ શ્રી સાગરચંદ્રસુરિશ્વરજી કૃત ચોમાસી દેવવંદનનું મેટર સાધ્વીશ્રી સુનંદાશ્રીજીએ લખી આપ્યું આમ સંપુર્ણ મેટર ચોમાસામાં લખી તૈયાર કર્યું એ વાત ધ્રાંગધ્રાના સંઘને કરતા આ પુસ્તક છપાવવા વઢવાણ જશવંતસિંહજી પ્રીન્ટીંગ પ્રેસને આપવામાં આવ્યું આ પુસ્તક આજે જે પ્રસિદ્ધ થાય છે તેનો સંપુર્ણ યશ શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય સંઘ તથા દ્રવ્ય સહાયકોને જ ફાળે જાય છે.

લી. પાર્શ્વચંદ્ર ગચ્છીયા સાધ્વીશ્રી ખાંતિશ્રીજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ. સં. ૨૦૦૯ ના વૈશાખ સુદ અક્ષય તૃતીયા. ગામ ઉનાવામાં આ પુસ્તકનું લખાણ સંપુર્ણ કર્યું. અને તેની પહેલી આવૃતિ એજ સાલમાં પ્રસિધ્ધિને પામી. એ પુસ્તક દેવવંદનમાળા ખલાસ થઇ જતાં અને ગામે ગામ માગણી ચાલુ રહેતા દેવવંદનમાળાની આ બીજી આવૃતિ કેટલાક સુધારા વધારા સાથે છપાવવામાં આવી હતી. તેમજ બીજી આવૃન્તિ ખલાસ થઇ જતા આ ત્રીજી આવૃન્તિ છાપવામાં આવી છે. બનતા પ્રયાસે બીજી આવૃતીમાં રહી જવા પામેલી અશુધ્ધિઓ દૂર કરવામાં આવી છે. છતાં પ્રેસદોષ કે દ્રષ્ટિ દોષથી અશુદ્ધ છપાયું હોય તો વાંચકે શુધ્ધ વાંચવા પર ધ્યાન આપવું.

લી. પાર્શ્વચંદ્ર ગચ્છીયા પ્રવર્તિની શ્રી સાધ્વી ખાંતિશ્રીજી
મેરાઉ કચ્છ (સ્થલ)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# —: અર્પણ પત્રિકા :—

## સ્વ. મારા પરમોપકારિણી દિક્ષા દાતા ગુરૂણી શ્રી લાભશ્રીજી મહારાજ સાહેબ

## તથા

## સ્વર્ગસ્થ પરમપૂજ્ય તપસ્વી મુનિમહારાજ શ્રી જગતચંદ્રજી ગણીવર (બાવાજી)

આપશ્રીએ વીશ વરસની બાલવયે શ્રી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી, પૂજ્ય ભટ્ટારક શ્રી ભ્રાતૃચંદ્ર સુરીશ્વરના શિષ્ય બની, અખંડ ગુરૂભકિતની સાથે જ્ઞાન, ધ્યાન અને તપસ્યામાં લીન બની, શુદ્ધ ચારિત્રવડે જગજીવોના અંતઃકરણને પ્રફુલીત બનાવી, મારા જેવા અનેક આત્માઓને શીતલતા અર્પણ કરી, સમતા અને ક્ષમાના સમુદ્રરૂપ બની, છેવટની ઘડી સુધી શુદ્ધ ચારિત્ર પાળી, આપશ્રી જગતની અંદર નિર્મલ યશને અચલ સ્થાપી સ્વર્ગવાસી બન્યા. એ આપના પવિત્ર ગુણોથી આકર્ષાઇ દેવવંદનમાલા બહાર પાડવાની આપશ્રીની ભાવનાને સફલ બનાવવા આપના અમર આત્માને આ દેવવંદનમાળા અર્પણ કરી યત્કિંચિત ૠણ મુકત બનવાનું આશ્વાસન મેલવું છું.

॥ સુરનર રૂષિ સેવ્યો, સર્વ દોષૈર્વિમુકતે ભવજલધિતરૌહી.
નોંધુ ભૃંગઃ સુયુકતે, તવચરણ સરોજે, કોટિશો મે પ્રણામો,
હૃદિ વસતુ ગુણિનમે, શ્રી જગચ્ચંદ્ર દેવ ॥ ૧ ॥

લી. પ્રવર્તિની શ્રી સાધ્વી શ્રી ખાંતિશ્રીજી

સં. ૨૦૧૯ ના ભાદરવા સુદ પાંચ ગામ મેરાઉ કચ્છ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમાન શ્રેષ્ઠિવર્ય શ્રી હંસરાજભાઇ માણેક-છાડવા (મોટીખાખરવાલા)



જન્મ : વિ. સં. ૧૯૬૭ મોટીખાખર કચ્છ

નિવાસ સ્થળ : ચેમ્બુર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રીમતી અ. સૌ. કુંવરબાઇ હંસરાજ (મોટીખાખરવાલા)



જન્મ વિ. સં. ૧૯૭૭ વૈશાખ સુદ ૩ ભુજપુર (કચ્છ)

સ્વર્ગવાસ વિ. સં. ૨૦૩૫ ભાદરવા સુદ ૩ ચેમ્બુર (મુંબઇ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ હ્રીં અર્હં નમઃ

# પુન્યવંતી વીરાંગનાની વિરલ વાત........
# કુંવરબેનની કેવી કહાની.......

જેમનું શુભ નામ શ્રીમતી કુંવરબાઇ. કચ્છ દેશમાં રળીયામણું ભુજપુર ગામ. એ હતી જન્મભૂમિ. પિતા દેવશીભાઇ માતા વેલબાઇ. કુંવરબાઇનો જન્મ દિવસ વિ. સં. ૧૯૭૭ માં અક્ષય તૃતીય ના એક ભાઈ બચુભાઇને એની દેવકાંબેન, એ ભાઇ બ્હેનનાં પ્યારમાં માતાપિતાનાં સુખની ઘડીમાં આવ્યો ગોઝારો દિન. માતાએ લીધી ચિરવિદાય. નવ વર્ષનાં કુંવરબાઇએ જવાબદારી સંભાળી. વિ. ૧૯૯૪ માં ચૈત્ર વદ ૬ નાં મોટીખાખરનાં શ્રીમાન શેઠશ્રી માણેક તાલાનાં સુપુત્રો ટોકરશીભાઈ, કાકુભાઇ, સુરજીભાઈ, હંસરાજભાઇ, ચાંપશીભાઈ, જેમાં ચોથા નંબરનાં હંસરાજભાઇ સાથે લગ્નગ્રંથીથી જોડાયા. અને ચેમ્બુરમાં આવ્યા. જો કે તે પહેલાં હંસરાજભાઇ ૧૯૮૧ માં મુંબઇમાં આવી સ્વબળે ટ્રાન્સપોર્ટના વેપારમાં આગળ વધ્યા. જે પ્રગતિ આજે પણ દેખાઈ રહી છે. ધર્મનિષ્ઠ દંપતિ દેવગુરૂનાં પરમ અનુરાગી બની દાન, પુન્ય સત્કાર્યોની સૌરભથી પોતાનું જીવન મ્હેંકાવી દીધું. પરમાત્માની ભક્તિને સદ્દગુરૂ સેવાથી પોતાનાં જીવન બાગને વિકસાવી દીધો. એ સુસંસ્કારી ધર્મનિષ્ઠ દંપતિની લીલી વાડીમાં જે પુષ્પો ખીલી રહ્યા છે.

સુપુત્રો :– કાંતીભાઈ, લક્ષ્મીચંદભાઇ, ચુનીલાલભાઇ, શાંતિભાઈ, સુપુત્રીઓ :– રતનબેન, લીલાવંતીબેન, પુત્રવધુઓ :–ધનવંતીબેન, જયાબેન, મંજુલાબેન, ઉર્મિલાબેન.

તથા પૌત્ર–પૌત્રી આદિનાં વિશાળ વૃંદથી જેની વાડી વિકાસ પામી રહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા આ દંપતિ ચેમ્બુર તીર્થધામમાં રહીને પોતાનું જીવન સુકૃત્યોની સરવાણીથી પાવન બનાવી દીધું છે. અનેક તિર્થો કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મારવાડ વિ. મહાન તિર્થ-યાત્રાઓ કરી આત્મ નિર્મળતા સંપાદન કરી. વિ. સં. ૨૦૩૪ માં પૂ. પરમ ઉપકારી પ્રવર્તિની ખાંતીશ્રીજી મ. સા. ની શુભ નિશ્રામાં આ દંપતિએ બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. તે પહેલા મોટીખાખરમાં પ્રભુ ભક્તિ મહોત્સવ કરાવ્યો. "હાથે તે સાથે" એ ઉકિત ચરિતાર્થ કરતા ધર્મભાથું ભરતાં પોતાનું જીવન સોહામણું બનાવી દીધું. શ્રીમાન શ્રેષ્ઠિ વર્ય શ્રી હંસરાજભાઇ મુંબઈ પાર્શ્વચંદ્રગચ્છમાં અગ્રેસરપણે શાસન કાર્ય કરી રહ્યા છે. દાન પુન્યનાં કાર્યોને ગુરૂસેવા તન-મન-ધનથી કરી રહ્યા છે. આજે ૭૧ વર્ષની વયે પણ યુવાન જેવા સુદૃઢ કાર્યો કરી રહ્યાછે. કુંવરબેન રૂપરૂપનાં અંબાર, એક પ્રતિભાશાળી રાજરાણી જ હતા. વાત્સલ્યની સાચી વીરમાતા જ હતા. એ વીરમાતા જાણે સહુ કોઇનાં લાડકવાયા માતા હતા. જેમનાં બધાં કોડ હંસ-રાજભાઇએ પૂરા કર્યા હતા. સુખનાં હીંડોળે જ જે હીંચક્યા હતા. મુખમુદ્રા જ જે સુખોની પહેચાન કરી રહી હતી. રાજરાનીનાં સુખો મ્હાલતા એ.........

## વીરમાતાની વિરલ વાત હવે ધ્યાન દઇને વાંચો
## કેવું અદ્‌ભૂત સમાધિ મરણ! વિ. સં. ૨૦૩૫

દેવ-ગુરૂ ભક્તિ પરાયણા પરમ શ્રાવિકા અ. સૌ. શ્રીમતી કુંવરબાઇએ પર્વાધિરાજ શ્રી પર્યુષણના બીજા દિવસે બુધવારના ચેમ્બુર સ્થિત શ્રી પાર્શ્વચંદ્રસુરી જ્ઞાનમંદિરમાં બિરાજતા શાસન પ્રભાવિકા પૂ. પ્રવર્તિની સાધ્વી શ્રી ખાંતીશ્રીજી મ. સા. ના પ્રશિશુ સુવ્યાખ્યાની પૂ. સાધ્વી શ્રી નીજાનંદશ્રીજી મ. આદિ ઠાણાની પુંનિત સાનિધ્યમાં સકલ સંઘ સાથે પ્રતિક્રમણ કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ ઉભા થઇ પૂ. સાધ્વીજી મ. તથા સકલ સંઘ સાથે ભાવ-પૂર્વક પશ્ચાતાપની આંસુધારાને વ્હાવતા. સહુની સાથે ક્ષમાપના કરી. સકલ સંઘે પણ આશ્ચર્ય વિભોર બની એમને ક્ષમાપના આપી. આ અદ્‌ભુત દ્રશ્ય જોતાં બધા વિચારમાં ગરકાવ બની ગયા કે આજે કુંવરબાઇ કેમ આટલા બધા પશ્ચાતાપ પૂર્વક સહુને ખમાવી રહ્યા છે. એ વિચારમાં જ પ્રતિક્રમણ વિધી શરૂ થઇ.

બધાની વચ્ચે બેઠેલા કુંવરબાઇ ભાવપૂર્વક સર્વ જીવોને ખમાવતા છ આવશ્યક સુધી આત્મ વિશુદ્ધિ પૂર્વક પ્રતિક્રમણ કરતા હતાં, ત્યાં જ એકાએક એમને શરીરમાં આંચકો આવ્યો. તરત તેઓ બોલ્યા "મને મોટી શાંતિ સંભળાવો." પૂ. નિજાનંદશ્રીજી મહારાજે શાંતિ પાઠ ચાલુ કર્યો. શાંતિપાઠ સાંભળવા સાથે કુંવરબેને શ્રી શંખેશ્વર દાદાનો જાપ કરી દીધો. પૂ. ગુરૂમહારાજે પુછયું. કુંવરબેન! શું બોલો છો! "તો મોટે અવાજે બોલ્યા કે, "ૐ હ્રીઁ શ્રી ધરણેન્દ્ર પદ્માવતી પૂજિતાર્ય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ" આ જાપ કરૂં છું. મને કશુ થતું નથી. તમે જાપ ચાલુ રાખો.' ' પછી ગુરૂમહારાજે પૂછયું સામાયિક પારશો? તો કુંવરબેને ચોખ્ખી ના ભણી કે મારે સામાયિક પારવું નથી.

ત્યારબાદ પોતાની પાસે બેઠેલા પૂ. નિજાનંદશ્રીજી મહારાજનો હાથ પકડી લીધો. બીજો હાથ ખોળામાં રાખી એમની સામે દ્રષ્ટિ સ્થિર રાખી. દાદાનો સતત જાપ કરતાં કરતા એકદમ આત્મભાવમાં લીન થઇ ગયાં. આંખો બંધ કરી દીધી. એ જ સંવર ભાવની લીનતામાં સર્વ વ્રત–પચ્ચખાણનાં નિયમોથી યુકત એ મહાન આત્માએ બાકી રહેલા શ્વાસોશ્વાસ પૂર્ણ કરી નશ્વરદેહનો ત્યાગ કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉચ્ચ આત્માની અપૂર્વ ઘટના નિહાળી સૌ દુઃખ મિશ્રિત આશ્ચર્યમાં પડી ગયા. શ્રીમતિ કુંવરબાઇનું આવું વિરલ અને ગૌરવરૂપ સ્વર્ગગમન સૌ કોઇને અનુમોદનીય તેમજ આત્મબળ પ્રેરક બની ગયું. ધર્મ વીરાંગના શ્રીમતિ કુંવરબાઇના ધર્મવીર પતિદેવ શ્રી હંસરાજભાઈ માણેકભાઇએ પણ અસહ્ય આઘાતજનક આ સ્વદુઃખને સમભાવથી સહી, સદ્ગતના ઉચ્ચ આત્માને છાજે એવી ભવ્ય પાલખી તૈયાર કરાવી અને કુંવર-બાઇના નશ્વરદેહને તેમાં વાજતે ગાજતે પધરાવ્યો. અને શ્રી હંસરાજભાઇએ પોતાના ધર્મપત્ની કુંવરબાઇના મૃત્યુને ઉત્સવ રૂપે વધાવી લીધો. ચેમ્બુરના જૈનો તેમ જ જૈનેતરો પણ આ મૃત્યુ મહોત્સવને નિહાળવા ઉમટી પડયા. અને એ તેજસ્વી આત્માને પાલખીમાં નિહાળી-દર્શન કરી વિરાટ માનવમેદની પણ કૃતકૃત્ય અને ધન્ય બની ગઇ.

દિવંગત શ્રીમતી કુંવરબાઇ સરલ, સાત્વિક અને ધર્મ પરાયણ આદર્શ સન્નારી હતા. નિત્ય વીતરાગ પ્રભુની સેવા-પૂજા ગુરૂજનોની સેવા-ભકિત અને ગુરૂવાણીનુ નિરંતર શ્રવણ કરતા હતા. અંત સમયે પણ વીતરાગ વાણીના શ્રવણની સાફલ્યતાનું જન સમાજને સાક્ષાત દર્શન કરાવ્યું.

ધન્ય છે એ ઉત્તમ સમાધિ મરણની ઉચ્ચ કક્ષાને વરેલા વીરાંગના કુવરબેનને........

ધન્ય હો એમના પતિદેવને કે જેમને આવી વીરનારી સાંપડી! ધન્ય છે એમનાં પુત્રો-પુત્રીઓ અને પુત્ર વધુઓ તથા પરિવારને કે જેમને આવી ધર્મમયી માતા પ્રાપ્ત થઇ.

વીરનારી શ્રીમતી કુંવરબેનની અદ્ભુત સાધનાથી પ્રભાવિત થયેલા ચેમ્બુર શ્રી મૂ. પૂ. જૈન સંઘે તેમની અનુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોદનાર્થે રવિવાર તા ૨-૯-૭૯ ના સકલ સંઘ સાથે સમુહ સામાયિક કરી આરાધના કરી હતી. અને ગુરૂ મહારાજ પાસેથી સમાધિમરણનું વ્યાન સાંભળી. આત્માને જાગૃત બનાવી આરાધનામાં સ્થિર કર્યો હતો.

એ પુન્યાત્મા નિમિતે ધર્માત્મા શ્રી હંસરાજભાઇએ સંસાર વ્યવહારના રીતરીવાજો બંધ રાખી ધર્મારાધના અને ધર્મક્ષેત્રમાં દાન પુન્ય કરીને પોતાના આત્માને વિશેષ પ્રભુ ભક્તિમાં જોડયો છે.

સ્વ. શ્રીમતી કુંવરબેનનાં પુન્ય સ્મરણાર્થે અમારા પરમ ઉપકારી પૂ. ખાંતીશ્રીજી મ. ની આ પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવાનો મહાન લાભ પુન્યોદયે અમને પૂ નિજાનંદશ્રી મ. ની શુભ પ્રેરણાથી સાંપડેલ છે. તે માટે ભૂરિ ભૂરિ અનુ–મોદના સહ............

લી. આપનો સ્નેહાધીન પરિવાર.

## વંદન હો એ દિવંગત મહાન વિભૂતિને

કુંવરબાઇ ! આપની વિદાયને આજે ૩ વર્ષ વીતી ગયાં. .અખંડ આત્મ વિશ્વાસ. અજોડ સંકલ્પબળ, અનોખી ધારણા શકિત અને મોહક વ્યકિતત્વથી આપે સૌના ઉત્થાન માટે સદા સંઘર્ષ કર્યો સુખદ ભવિષ્ય જ્યારે કુદરતે સાકાર કર્યું ત્યારે આપ અમારી વચ્ચે નથી જેનો આઘાત અસહ્ય છે. પળે પળે આપની યાદ સતાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણીકા


| | | |
|---|---|---|
| પૃષ્ઠ | ૬ | નવપદ ઓળીની વિધિ |
| ,, | ૭ | દેવવંદન વિધિ |
| ,, | ૧૩ | ચૈત્યવંદન વિધિ |
| ,, | ૧૪ | આયંબીલનું પચ્ચખાણ |
| ,, | ૧૫ | અરિહંત પદ આરાધન વિધિ તથા નવપદના ૯ દિવસના દુહા |
| ,, | ૧૭ | પચ્ચખાણ પાળવાની વિધિ |
| ,, | ૧૮ | અર્હં દેવોની સઝાય તથા આયંબીલ કર્યા પછી ચૈત્યવંદન વિધિ |
| ,, | ૧૯ | નવપદ આરાધન બીજા દિવસની વિધિથી અનુક્રમે નવે દિવસની વિધિ પૃષ્ટ ૩૭ સુધી |
| ,, | ૩૭થી | નવપદના ચૈત્યવંદનો તથા સ્તવનો તે પૃષ્ટ ૫૦ સુધી છે |
| ,, | ૫૦થી | ૨૦ સ્થાનક તપ વિધિ તે પૃષ્ટ ૫૮ સુધી |
| ,, | ૫૯થી | તીથીઓના ચૈત્યવંદનો વિગેરે તે પૃષ્ટ ૬૮ સુધી |
| ,, | ૬૯થી | જ્ઞાનપંચમી તપ વિધિ તથા જ્ઞાનપંચમીના દેવવંદન તે પૃષ્ટ ૯૦ સુધી |
| ,, | ૮૯થી | હર્ષચંદ્રગણી વિરચીત દિવાળીના દેવવંદનની વિધિ તે પૃષ્ટ ૯૭ સુધી |
| ,, | ૯૭થી | સાગરચંદ્ર સૂરિ વિરચીત ચૌમાસી દેવવંદન તે પૃષ્ટ ૧૩૬ સુધી |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃષ્ટ ૧૪૧થી અક્ષયનિધિ તપ વિધિ

,, ૧૪૪થી વર્ધમાન તપના ચૈત્યવંદન વિગેરે

,, ૧૫૧થી શ્રી વર્ધમાન તપની વિધિ

,, ૧૫૨થી દશ પચ્ચખાણુ તપ વિધિ–ક્ષર સમુદ્ર તપ પોષ દશમી તપ–કોહીણુ નમ–વર્ષીતપ–મેરૂ ત્રયોદશી તપ–અને પંચ કલ્યાણુક તપ વિગેરે

,, ૧૬૦થી ચંદન બાળા તપ તથા સિદ્ધાચલજીના ૭ છઠ તપ તથા અષ્ટ પદ તપ

,, ૧૬૩થી પૃદ્ગલ પરાવર્તનની વિગત.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ

# શ્રી નવપદની ઓળીની વિધિ

ચૈત્ર શુદ ૭ યા આસો સુદ ૭ ઓળીની શરૂઆત કરવી, નવ દિવસ સુધી આયંબીલનો તપ કરવો. ક્ષય તિથિ આવી જાય તો સુદ છઠથી શરુ કરવી અને જો વૃદ્ધિ તિથિ આવી જાય તો સુદ આઠમથી શરૂ કરવી.

ઉપાશ્રય અગર દેરાશરમાં સિંહાસન અથવા બાજોઠ ઉપર નવપદ શ્રી સિદ્ધચક્રનો ઘટ્ટો સ્થાપન કરવો. સવાર બપોર અને સાંજ એમ ત્રિકાલ પૂજા કરવી. બધી ક્રિયા તેના સામે કરવી.

પહેલા દિવસની વિધિ સવારમાં રાઈ પ્રતિક્રમણ કરી પરિલેહણ કરવું. તેની વિધિ એક ખમાસણ દઇ ઇરિયાવહિયં. તસ્સ. અનત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી, ખમાસણ દઈ, ઇચ્છા કારેણ સંદિસહ ભગવન ! પરિલેહણ સંદેસામિ? ઇચ્છં. બીજે ખમાસમણે પરિલેહણ કરેમિ કહી મુહપત્તિ, ચરવલો, અને કટાસણ પરિલેહવા, પછી એક ખમાસણ દઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! અંગ પરિલેહણ સંદેસામિ. બીજે ખમાસમણે અંગ પરિલેહણ કરેમિ કહી પહેલા ચણીઓ પછી ચોળી અને તે પછી સાડી પરિલેહવા. ત્યાર પછી ઉપાશ્રયમાંથી દંડાસણ વિગેરેથી કાંજો કાઢી વસ્તીની બહાર જઈ કાજો પરઠવવો પરઠવતાં "અણુજાણહ જસ્સ વગ્ગો" વોસિરે વોસિરે એમ ત્રણ વખત બોલવું. પછી ઉપાશ્રયમાં આવી એક ખમાસણ દઈ, ઇરિયાવહિયં. તસ્સ, અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પારી પ્રગટ લોગગ્સ કહેવો. આટલું કર્યા પછી દેવ વંદન કરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દેવવંદન વિધિ

પ્રથમ ખમાસમણુ દેઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ઈરિયાવહિયં પડિક્કમામિ ? એમ કહી, ઇરિયાવહી પડિક્કમી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો, પછી ખમાસણુ દેઇ ઇચ્છાકારેણુ સંદિસહ ભગવન ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી, નીચે બેસી ડાબો ઢીચણુ ઊંચો રાખી બે હાથ જોડી નીચે પ્રમાણે ચૈત્યવંદન બોલવું:—

## સિરિ-રિસહ-ચૈત્યવંદન

સિરિ રિસહ પઢમનાહં નિવં મુણિ જીણવરં ચ તિત્થયરં, યુગઆંઇ સયલ ભવિયણ, મંગલ જય કારણં વંદે ? સયલ જીયલોય પયડં, સંતિકર સંતિનાહ મુણિપવરં, સોલસમં તિત્થયરં, પંચમ ચકિકં નમંસામિ-૨-જાજીવ બંભયારિં, નિય જસ પસરેણા રંજિયં ભુવણં, મોડિય વમ્મહ માણં, નેમિજી-ણંદં પણિવયામિ-૩-સુર અસુર નાગ મહિયં, લોગાડલોગ પયાસગં સૂરં, મિચ્છત્ત તમો હરણં, પાસજીણંદં થુણિસ્સામિ-૪-તિત્થપઈ સિરિ વીરં, ગુણાગરં ખંતિ, સાગરં ધીરં, પત્તં ભવોહત્તીરં, વંદે કમ્મારિ સિરિ સીરં-૫-સવ્વેડવિ જીણનાહા, ગણહર સહિયા ય કેવલ દિણંદા અન્નેડવિ જેય સિદ્ધા, સવ્વે તિવિહેણ વંદામિ-૬-સંપઇ વટ્ટઇ જે જીણ, સીમંધરસામિ પમુહ તે સવ્વે ભવિય પડિબોહ દિણયર, તિગરણ સુદ્ધેણ પૂએમિ.

## ગુનહ ગંભીર થોઇ

ગુનહ ગંભીર અચલ જીમ ધીર કર્મ-રિપુવીર ભવ જલ-તારી, વસી ગૃહવાસ તજી ઉદાસ ભજી વનવાસ ભએ અનગારી, મનમથ માન મોરિ કર ધ્યાન પાય શુભ ગ્યાન બહુત સુખકારી, સમર અરિહંત ભજીત ભગવંત મુક્તિવર કંત વૃષભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદધારી ॥ ૧ ॥ અજીત જીનરાય સુરા સુરપાય નમત બહુભાય ગુણાકર જાની, સુધાકર વૃષ્ટિ કરત સુખ સૃષ્ટિ સદા સમદ્રષ્ટિ કહત મુખબાની, સુનત સંતોષ કરત ધર્મ પોષ હરત મનરોષ ધરત જે પ્રાની, સમર સિંગદેવ કરહું તસુ સેવ જોરકર બે વિભાવ મન આની ॥ ૨ ॥ સંભવ જગદીશ નમું નિશદિશ ભકિત સુજગીશ મુકિત પંથ ગમી, માન માતંગ દમી ઉત્તંગ ભયે નિરભંગ મિથ્યા મત નામી, સફલ મુજ નયન દેખી પ્રભુ વયન અભિનવ મયન ૩પસમ પામી પરં તુમ ચરણ છોર જરા મરણ ભવ ભય હરણ કરહુ મોરા સ્વામી ॥ ૩ ॥ અભિ- નંદનનાથ પરમ સુખ સાથ જોર દોઊ હાથ રંગચિત્ત લાવું, બારજીઉં માય પાસકુનિ આય કહત નિર્માય ભાગ્યવસી પાવું, રસન મુહ એક બહુરન વિવેક તુમ ગુન છેક કેમ હું ગાવું, ભ્રમણ કઊમૂર કર્મ ઉનમૂર રહે પ્રભુ દૂર ભાવધર ધ્યાવું. ॥૪॥ પછી નીચે બેસીને જંકિંચિ અને નમુત્થુણં કહેવું.

## જંકિંચિ

જંકિંચિ નામ તિત્થં. સગ્ગે પાયાલિતિરિયલોઅમ્મિ, જાઇ જીણ બિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ ?

## નમુત્થુણં

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં આઇગરાણં તિત્થય- રાણં સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિસ-સીહાણં પુરિસ વરપુંડરિયાણં પુરિસ વર ગંધ હત્થીણં, લોગુત્તમાણં લોગ- નાહાણં લોગહિયાણં લોગ પઇવાણં લોગ પજ્જોઅગરાણં અભય દયાણં ચખ્ખુ દયાણં મગ્ગ દયાણં સરણ-દયાણં જીવ દયાણં બોહિ દયાણં ધમ્મદયાણં ધમ્મદેસિયાણ ધમ્મ નાય- ગાણ ધમ્મ સારહીણં ધમ્મવર ચાઉરંત-ચક્કવટ્ટીણં દીવોતાણં સરણ ગઇ પઇટ્ઠા અપ્પડિહય-વરનાણં દંસણ ધરાણ વિયટ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઉમાણં જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં; સવ્વનૂણં સવ્વ-દરિસીણં સિવમયલ - મરૂઅ - મણંત - મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઇ-નામ ધેયં ઠાણં સંપત્તાણં નમો જીણાણં જીય ભયાણં; જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિડણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણ, સવ્વે તિવીહેણ વંદામિ ॥૧૦॥ પછી ખમાસમણ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચારિત્રાચાર વિશોધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં કહી ઉભા થઇ બે હાથ જોડી અન્નત્થ બોલી ચારિત્રાચાર વિશુદ્ધિ માટે 'ચંદેસુ નિમ્મલયરા' સુધી બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો પછી સવ્વલોએ કહેવો.

## સવ્વલોએ

સવ્વલોએ અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિઆએ પૂઅણ વત્તિઆએ સક્કાર-વત્તિઆએ સમ્માણ વત્તિઆએ બોહિલાભ વત્તિઆએ નિરૂવસગ્ગ વત્તિઆએ સદ્ધાએ મેહાએ ધીઇએ ધારણાએ અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં અન્નત્થ.

બોલી દર્શનાચાર-વિશુદ્ધિ માટે 'ચંદેસુ નિમ્મલયરા' સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

## પુખ્ખરવરદી

પુખ્ખર-વરદી વઢ્ઢે, ધાયઇ-સંડે અ જંબૂદીવે અ, ભરહે-રવય-વિદેહે, ધમ્માઇગરે નમંસામિ ॥ ૧ ॥ તમ તિમિર પડલ વિદ્ધં, સણસ્સ સુરગણ નરિંદ મહિઅસ્સ । સીમાધરસ્સ વંદે, પપ્ફોડિઅ-મોહજાલસ્સ ॥ ૨ ॥ જાઇ જરા-મરણ-સોગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણાસણુસ્સ, કલ્લાણ પુક્ખલવિસાલ-સુહાવહસ્સ; કો ? દેવ-દાણુવ-નરિંદ-ગણુ-ચ્ચિઅસ્સ ધમ્મસ્સ સાર મુવલબ્ભ કરે પમાયં ॥ ૩ ॥ સિદ્ધે ભો ! પયઓ નમો જીણમએ નંદી સયા સંજમે, દેવંનાગ-સુવન્ન-કિન્નર-ગણ સબ્ભૂઅ-ભાવચ્ચિએ। લોગો જત્થ પઇટ્ઠિઓ જગમિણં તેલુક્ક-મચ્ચાસુરં, ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ ॥ ૪ ॥ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦ । અન્નત્થ ।

બોલી જ્ઞાનાચાર-વિશુદ્ધ માટે 'ચંદેસુનિમ્મલયરા' સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો પછી

## સિદ્ધાણં બુદ્ધાણં

સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં । લોઅગ્ગ મુવગયાણં, નમોસયાસવ્વ-સિદ્ધાણં ॥ ૧ ॥ જો દેવાણવિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ । તં દેવ-દેવ-મહિઅં, સિરસા વંદે મહાવીરં ॥ ૨ ॥ ઇક્કોવિ નમુક્કારો, જીણવર વસહસ્સ વદ્ધમાણસ્સ । સંસાર સાગરાઓ, તારેઇ નરં વ નારિં વા ॥૩॥ ઉજ્જિંત-સેલ-સિહરે, દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ । તં ધમ્મચક્કવટ્ટિં અરિટ્ઠનેમિં નમંસામિ ॥ ૪ ॥ ચત્તારિ અટ્ઠ દસ દો અ, વંદિઆ જીણવરા ચઉવ્વીસં, પર-મટ્ઠ-નિટ્ઠિ-અટ્ઠા, સિદ્ધા સિદ્ધં મમ દિસંતુ ॥ ૫ ॥ પછી નીચે બેસી નમુત્થુણં કહીને જાવંતિ બે ગાથા કહેવી.

## જાવિંતિ બે ગાથા

જાવંતિ ચેઇઆઇ, ઉડ્ઢે અ અહે અ તિરિયલોએ અ । સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇ ॥ ૧ ॥ જાવંત કેવિ સાહુ, ભરહે-રવય-મહાવિદેહે અ । સવ્વેસિં તેસિં પણઓ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિવિહેણ તિદંડ-વિરયાણું ॥ ૨ ॥ અનંતા સિદ્ધજીને માહારો નમસ્કાર હોજો।

પછી ખમાસણ દેઇ, ઇચ્છાકારેણં સંદિસહ ભગવન સ્તવનં સંદિસાએમિ? બીજે ખમાસમણે ઇચ્છાકારેણ૦ સ્તવનં ભણેમિં? ઇચ્છં, પછી એક નવકાર ગણી સમેત શિખરનું સ્વતન કહેવું. તે આઃ—

## શ્રીસમેત શિખરતીર્થ–સ્તવન.।

શિખર સમેત જુહારો ભવિ તુમે, શિખર સમેત જુહારો। ઇણ ગિરિવરપર વીશ જીનેશ્વર પામ્યા શિવ સુખ સારો ભ૦ ॥ ૧ ॥ ૧અજીત ૨સંભવ ૩અભિનંદન ૪સુમતિ, ૫પદ્મપ્રભ દુઃખવારો। ૬સુપાર્શ્વ ૭ચંદ્રપ્રભ ૮સુવિધિ જીનેશ્વર, ૯શીતલજીન સુખકારો. ભ૦ ॥ ૨ ॥ ૧૦શ્રીશ્રેયાંસ ૧૧વિમલ જયું ૧૨અનંતજીન, ૧૩ધમ, ૧૪શાંતિ હૈયે ધારો। ૧૫શ્રીકુંથુ, ૧૬અર, ૧૭મલ્લિ, ૧૮મુનિસુવ્રત, ૧૯નમિ ૨૦પાર્શ્વજીન–તારો ભ૦. ॥ ૩ ॥ જીણ જીવે ગિરિરાજ ન ફરસ્યો, ભમશ્યે તે સંસારો। મન વચ કાયા શુદ્ધિ કરી ફરસ્યે, તે પામે ભવ પારો ભ૦ ॥ ૪ ॥ સવંત અઢારસેં છાશઠે, ફાગણ માસ મઝારો। વદિ પડવા દિન શીખર જુહાર્યો, શ્રીલબ્ધિચંદ્રસૂરી સારો ભ૦ ॥ ૫ ॥

પછી બે હાથ ઉંચા લલાટે રાખી, જય વીયરાય કહેવા

## । જય વીયરાય ! ।

જય વીયરાય! જગગુરૂ! હોઉ મમ તુહ પભાવઓ ભયવં! ભવ-નિવ્વેઓ મગ્ગાણુસારિયા ઇટ્ઠ-ફલ સિદ્ધી ॥ ૧ ॥ લોગ વિરુધ્ધ ચ્ચાઓ,-ગુરૂ-જણ-પૂઆ પરત્થ કરણં ચ। સુહ ગુરૂ-જોગો તવ્વયણ, સેવણા આભવ-મખંડા ॥ ૨ ॥ વારિજ્જઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઇવિ નિયાણુ, બંધણું વીયરાય! તુહં સમએ તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥ ૩ ॥ દુક્ખ-ક્ખઓ કમ્મ-ક્ખઓ, સમાહિ મરણું ચ બોહિ-લાભો અ। સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ! પણામ-કરણેણં ॥ ૪ ॥ સર્વ મંગલ માંગલ્યં, સર્વકલ્યાણ કારણં । પ્રધાનં સર્વ-ધર્માણાં જૈન જયતિ શાસનં ॥ ૫ ॥

પછી મિચ્છામિ દુક્કડં નીચે મુજબ દેવા:—

## મિચ્છામિ-દુક્કડં ।

જ્ઞાનચાર દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર-વીર્યાચાર- એ પંચવિધ આચારમાહી જે કાંઇ જાણુતાં અજાણુતાં દૂષણ લાગ્યું હોય તે સર્વે હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥ઇતિ।

પ્રભાતના પ્રથમ દેવ વંદન કરી અલગ અલગ નવ જીનમંદિરે જાવું અગર નવજીન પ્રતિમાની સામે એક એક ચૈત્ય વંદન કરવું. એ પ્રમાણે નિત્ય નવ ચૈત્ય વંદન કરવા,

## ચૈત્યવંદન કરવાની વિધિ.

ત્રણુ ખમાસમણુ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ચૈત્યવંદન કરૂં કહી ચૈત્યવંદન બોલી. પછી જંકિંચી. નમુત્થુણં૦ જાવંતિચેઇ૦ જાવંતકે વિસાહુ એ બે ગાથા બોલી ખમાસમણુ દઇ ઇચ્છારેણુ સદિસહ ભગવન સ્તવન સં દે સાહેમિ બીજા ખમાસમણે સ્તવન ભણેમિ બોલી સ્તવન બોલવું પછી જયવિરાય૦ સવ્વલોએ૦ અન્નથ બોલી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી સ્તુતિ બોલવી, એ રીતે નવ વખત નવ ચૈત્યવંદન સહવિધિ કર્યા પછી વાસક્ષેપની પ્રતિમાજીની યા સિદ્ધચક્ર ગટ્ટાની પૂજા કરવી. કેશર ચંદનથી પૂજા કરવી ત્યારપછી આયંબિલના પચ્ચખાણુ કરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ આયંબિલના પચ્ચખાણ ॥

ઉગ્ગએસૂરે નમુક્કાર સહિયં પોરસહિયં સાઢં પોરસ-હિયં પચ્ચખામિ ચઉવિહંપી આહાર અસણું પાણ ખાઇમં સાઇમં અન્નથ્થણા ભોગેણું સહસ્સા ગારેણું પછન્ન કાલેણું દિસામોહેણું સાહુવયણેણું સવ્વ સમાહિ વત્તિયાગારેણું આયં-બિલ પચ્ચખામિ અન્નથ્થણા ભોગેણું સહસ્સા ગારેણું લેવા લેવણું ગિહિથ્થસંસઠેણું ઉખિત્તવિવેગેણું પારિઠા વણિયા ગારેણું મહત્તાગારેણું સવ્વસમાહિ વત્તિયાગારેણું એકાસણું પચ્ચખામિ તિવિહંપિ આહારં અસણું ખાઇમં સાઇમં અન્નથ્થણા ભોગેણું સહસ્સાગારેણું સાગારિયાગારેણું અઉટ્ટણ પસારેણું ગુરૂ અબ્ભુ-ઠ્ઠાણેણ પારિઠ્ઠાવણિયાગારેણું મહત્તરાગારેણાં સવ્વ સમાહિ વત્તિયાગારેણું પાણસ્સ લેવેણવા-અલેવેણવા અછેણવા બહુ લેવેણવા અસિથેણવા । વોસિરામિ ।

(નવ પદમાં પહેલે પદ અરિહંત છે, તેનો વર્ણ સફેદ (ધોળો) હોવાથી પહેલા આયંબિલમાં ચોખા (ભાત) અને ગરમ પાણી એ બે દ્રવ્યનો ઉપયોગ કરવો. આયંબિલનું પચ્ચખાણ કરીને અરિહંતના ગુણ બાર હોવાથી બાર ખમાસણા નીચેના પદો બોલી દેવા.

## અરિહંતના બાર ગુણ

॥ ૧૨ સાથીયા ૧૨ ફૂલ ૧૨ ખમાસમણ સમજવા ॥

ખમા. ૧ અશોકવૃક્ષ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાયનમઃ
,, ૨ પુષ્પ વૃષ્ટિ પ્રાતિહાર્ય સંયુતાય ,,
,, ૩ દિવ્ય ધ્વનિ પ્રાતિહાર્ય સંયુતાય ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા. ૪ ચામર યુગ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાયનમઃ
,, ૫ સુવર્ણ સિંહાસન પ્રાતિહાર્ય સંયુતાય ,,
,, ૬ ભામંડલ પ્રાતિહાર્ય સંયુતાય ,,
,, ૭ દુંદુભિ પ્રાતિહાર્ય સંયુતાય ,,
,, ૮ છત્ર ત્રય પ્રાતિહાર્ય સંયુતાય ,,
,, ૯ જ્ઞાનાતિશય સંયુતાય ,,
,, ૧૦ પૂજાતિશય સંયુતાય ,,
,, ૧૧ વચનાતિશય સંયુતાય ,,
,, ૧૨ અપાયા પગમાતિશય સંયુતાય શ્રી અરિહંતાયનમઃ

ઉપર માફક બાર ખમાસણા દઇ અરિહંત પદ આરાધનાર્થં કાઉસ્સગં કરેમિ અન્નત્થ ઉંસસિસેણું૦ કહી બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો. આ વિધિ પૂર્ણ થયા પછી મધ્યાન સમયે બપોરના સાડા અગિયાર વાગ્યે બીજી વખત દેવવંદન કરવા. પછી આયંબિલનું પચ્ચખાણ પારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંતના બાર ખમાસમણા નીચેનો દુહો બોલીને દેવા :—

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વ ગુણ પજ્જાય રે
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે
વીર જિનેસર ઉપદિંશે, સાંભળજો ચિત્તલાઇ રે 1

## નવપદજીના નવ દિવસના નવ દુહા

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે 1

વીર જિનેશ્વર ઉપદેશે, સાંભળજો ચિ-તલાઇ રે,
આતમધ્યાને આતમા, રૂધ્ધિ મળે સવિઆઇ રે વીર૦ 1

રૂપાતીત સ્વભાવજે, કેવલ દંશણ નાણી રે,
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણી રે, વીર૦ ૨

ધ્યાતા આચરજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે
પંચ પ્રસ્થાને આતમા, આચરજ હોય પ્રાણી રે વીર૦ ૩

તપ સઝાયે રત સદા, દ્વાદશા અંગનો ધ્યાતા રે
ઉપાધ્યાયને આતમા, જગ બંધવ જગ ભ્રાતા રે વીર૦ ૪

અપ્રમ-ત જે નિત્ય રહી, નવિહરખે નવિશોચે રે
સાધુ સુધાતે આતમા, શું મુંડે શું લોચે રે વીર૦ ૫

સમ સંવેગાદિક ગુણ, ક્ષય ઉપશમજે આવે રે
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે વીર૦ ૬

જ્ઞાનાવર્ણી જે કર્મ છે, ક્ષય ઉપરામ તસ થાય રે
તે હુવે એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે વીર૦ ૭

જાણો ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિભમતો રે વીર૦ ૮

ઇચ્છા રોધે સંવરી, પરિણતિ સમના યોગે રે
તપતે એહિજ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે વીર૦ ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## —પચ્ચખાણુ પારવાની વિધિ—

ખમાસમણુ દઈ ઇરિયા વહીયં તસ્સ ઉતરી. અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો પછી ખમાસમણુ દઈ ઇચ્છાકારેણુ સંદિસહ ભગવન પચ્ચખાણુ પ.રવા મુહપત્તિ પડિલેહું ! ઇચ્છં કહી મુહપત્તિ પડલેહવી પછી ૧ ખમાસણુ દઇ સિરિરિસહનું ચૈત્ય વંદન કરી જંકિંચી૦ નમુ-ત્થુણં૦ જાવંત કે બે ગાથા બોલી એક નવકાર બોલી ઉવસગ્ગ-હરં૦ બોલી જય વિયરાય બોલવા બાદ ખમાસમણા દઇ ઇચ્છા કારેણુ સંદિસહ ભગવન પચ્ચખાણુ પારવા મુહપત્તિ પડી લેવું ! ઇચ્છં કહિ મુહપત્તિ પડી લેહવી પછી ૧ ખમ.સમણુ દઇ ઇચ્છા-કારેણુ સંદિસહ ભગવન પચ્છખાણુ પારૂ ? યથા શક્તિ કહી બીજે ખમાસમણે ઇચ્છા. પચ્ચખાણુ પારૂ ? તહત્તિ કહી જમણા હાથનો અંગુઠો મુઠીમાં લઇ જમીન પર એ હાથ સ્થાપી એક નવકાર બોલી આયંબિલ કર્યું તિવિહાર પોરસી. સાઢ પોરસી પુરીમઢ્ઢ પચ્ચખાણુ કર્યું ચૌવીહાર.

ફાસિઅંપાલિઅં ચેવ, સોહિઅં તીરીઅ તહા;
કિટ્ટિઅં આરાહિઅં ચેવ; વિસો હિજજ જયં જઇ ॥૧॥
ફાસુઅં એસણિજજંચ, જં જિણેહિં પવેઇઅં,
તંચ નીરંગહિસ્સામિ; સામાઇઅ પોસેહ તહા. ॥૨॥

પછી બે ખમાશમણા દઈ સજ્જાયનો આદેશ માગી એક નવકાર ગણી ઉભડક બેસી અરહં દેવોની સઝાય કહેવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ અરહંદેવની સજ્ઝાય ॥

અરહંદેવો ગુરૂણો, સુસાહુણો જીણમયં મહ પમાણં, ઇચ્ચાઈ સુહોભાવો, સમ્મત બિંતિ જગ ગુરૂણો ॥ ૧ ॥ લબ્ભઇ સુર સામિતં, લબ્ભઈ પહુ અન્તણં ન સંદેહો એગં નવરિન લબ્ભઇ, દુલ્લહં રયણંચ સમ્મતં૦ ॥૨॥ સમ્મતં મિઉ લદ્ધે વિમાણ વજ્જં ન બંધયે આઉં, જઇવિન સમ્મત જઢો, અહવ ન બદ્ધાઉ ઓપુવ્વિ ॥૩॥ દિવસે દિવસે લખ્ખં, દેઈ સુવન્નસ્સ ખંડિયં એગો; એગો પુણ સામાઈઅં, કરેઈન પહુપ્પયે તસ્સ ॥૪॥ નિંદ પસંસાસુ સમો, સમોઅ માણાવ માણાકારિસુ; સમસયણ પરિઅણ મણો, સામાઇ અ સંગઓ જીવો ॥૫॥

તે પછી આયંબિલનું ભોજન લેવું આમંબિલ કર્યા પછીચૈત્યવંદન કરવું.

## —ચૈત્યવંદન વિધિ—

ખમાસમણ દઇ ઇરિયા વહિયં૦ તસ્સ૦ અન્નત્થ૦ એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલી ઇચ્છા કારેણં સંદિસહ ભગવન ચૈત્યવંદન કરું ઇચ્છં જગ ચિંતામણિ ચૈત્યવંદન બોલી જંકિંચી નમુત્થુણં જાવંતિ બે ગાથા બોલી બે ખમાસમણ દઇ સ્તવનનો આદેશ માગી એક નવકાર બોલી ઉવસ્સગહરં બોલી જય વિયરાય બોલવા. તે પછી જ્યારે પાણી પીવુ હોય ત્યારે પી શકે છે. તે પતી ગયા પછી ૐ હ્રીં નમો અરિહંતાણં એ પદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલી બે હજાર (૨૦૦૦) જાપ કરવા. વીશ નોકરવાલી ફેરવવી એ જાપ જ્યારે સમય મળે ત્યારે કરવા. શ્રીપાલ ચરિત્રનું વાંચન અને શ્રવણ કરવું સાંજના સમયે ત્રીજી વખત દેવ વંદન કરી જિન મંદિર જવું ત્યાર પછી દેવસિય પ્રતિક્રમણ કરવું ઇતિ પ્રથમ દિવસની વિધિ સંપૂર્ણ.

## —બીજા દિવસની વિધિ—

પહેલા દિવસની માફક બીજા દિવસે પણ પ્રતિક્રમણ, દેવવંદન વિગેરે બધી વિધિ કરવી. પણ સિદ્ધ પદનો વર્ણ રાતો હોવાથી આયંબિલમાં ઘઉંનો પદાર્થ વાપરવો. ૐ હ્રીં નમો સિદ્ધાણં, પદ જાપ ૨૦૦૦ નો ગણવો અને સિદ્ધના આઠ ગુણ હોવાથી આઠ ખમાસમણા દેવા. આઠ સાથિયા, આઠ ફલ.

ખમા૦ ૧ અનંત જ્ઞાન સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
,, ૨ અનંત દર્શન સંયુતાય ,,
,, ૩ અવ્યાબાધ સંયુતાય ,,
,, ૪ અનંત ચારિત્ર ગુણ સંયુતાય ,,
,, ૫ અક્ષય સ્થિતિ ગુણ સંયુતાય ,,
, ૬ અરૂપી નિરંજન ગુણ સંયુતાય ,,
,, ૭ અગુરુલઘુગુણ સંયુતાય ,,
,, ૮ અનંત વિર્ય ગુણ સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ

ઉપર માફક ખમાસમણા આઠ દઇ સિદ્ધપદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરાધનાર્થં કાઉસગ્ગં કરેમિ. અન્નત્થ૦ કહી આઠ લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલવો બીજી બધી વિધિ પહેલા દિવસની માફક કરવી.

## ....ત્રીજા દિવસની વિધિ....

પહેલા દિવસની માફક બધી વિધિ કરવી. વિશેષ એટલું સમજવું આચાર્યપદનો વર્ણ પીળો હોવાથી આયંબિલમાં ચણાનો પદાર્થ વાપરવો એઁ હ્રીઁ અને નમો આયરિયાણં એ પદના જાપ ૨૦૦૦ બે હજાર ગણવા અને આચાર્યના ગુણ છત્રીશ હોવાથી છત્રીશ ખમાસમણા નીચે માફક દેવા.

| | | |
|---|---|---|
| ખમા૦ | ૧ પ્રતિરૂપગુણસંયુતાય | શ્રી આચાર્યાય નમઃ |
| ,, | ૨ સૂર્યવ-તેજસ્વિગુણસંયુતાય | ,, |
| ,, | ૩ યુગપ્રધાનાગમસંયુતાય | ,, |
| ,, | ૪ મધુરવાક્યગુણસ.યુતાય | ,, |
| ,, | ૫ ગાંભીર્યગુણસંયુતાય | ,, |
| ,, | ૬ ધૈર્યગુણસંયુતાય | ,, |
| ,, | ૭ ઉપદેશગુણસંયુતાય | ,, |
| ,, | ૮ અપરિશ્રાવીગુણસંયુતાય | ,, |
| ખમા૦ | ૯ સૌમ્યપ્રકૃતિગુણસંયુતાય | શ્રી આચાર્યાય નમઃ |
| ,, | ૧૦ શીલગૂણસંયુતાય | ,, |
| ,, | ૧૧ અવિગ્રહગુણસં યુતાય | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ખમા૦ | ૧૨ અવિકત્થકગુણસંયુતાય | શ્રી આચાર્યાય નમઃ |
| ,, | ૧૩ અચપલગુણસંયુતાય | ,, |
| ,, | ૧૪ પ્રસન્નવદનગુણસંયુતાય | ,, |
| ,, | ૧૫ ક્ષમાગુણસંયુતાય | ,, |
| ,, | ૧૬ ઋજુગુણસંયુતાય | ,, |
| ,, | ૧૭ મૃદુગુણસંયુતાય | ,, |
| ,, | ૧૮ સર્વસંગમુક્તિગુણસંયુતાય | ,, |
| ,, | ૧૯ દ્વાદશવિધતપગુણસંયુતાય | ,, |
| ,, | ૨૦ સપ્તદશવિધસંયમગુણસંયુતાય | ,, |
| ,, | ૨૧ સત્યવ્રતગુણસંયુતાય | ,, |
| ,, | ૨૨ શૌચગુણસંયુતાય | ,, |
| ,, | ૨૩ અકિંચનગુણસંયુતાય | ,, |
| ,, | ૨૪ બ્રહ્મચર્યગુણસંયુતાય | ,, |
| ,, | ૨૫ અનિત્યભાવનાભાવકાય | ,, |
| ,, | ૨૬ અશરણભાવનાભાવકાય | ,, |
| ,, | ૨૭ સંસારસ્વરૂપભાવનાભાવકાય | ,, |
| ,, | ૨૮ એકત્વસ્વરૂપભાવનાભાવકાય | ,, |
| ,, | ૨૯ અન્યત્વભાવનાભાવકાય | ,, |
| ,, | ૩૦ અશુચિભાવનાભાવકાય | ,, |
| ,, | ૩૧ આશ્રવભાવનાભાવકાય | ,, |
| ખમા૦ | ૩૨ સંવરભાવનાભાવકાય | ,, |
| ,, | ૩૩ નિર્જરાભાવનાભાવકાય | ,, |
| ,, | ૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય   શ્રી આચાર્યાય નમઃ
,, ૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય   ,,

ઉપર માફક ખમાસમણા દઇ આચાર્યપદ આરાધનાર્થં કાઉસગ્ગં કરેમિ અન્નત્થ૦ કહી છત્રીશ લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલવો. બીજી બધી વિધિ પહેલાની માફક કરવી.

## —ચોથા દિવસની વિધિ—

પહેલા દિવસની માફક બધી વિધિ કરવી. ઉપાધ્યાય પદ લીલા વર્ણનું હોવાથી આયંબિલમાં મગનો પદાર્થ ખાઓ ઓઁ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં પદનો જાપ ૨૦૦૦ ગણવા અને પચ્ચીસ ખમાસમણ દેવા.

ઉપાધ્યાયપદના પચીસ ગુણ

ખમા૦ ૧ શ્રીઆચારાંગસૂત્રપઠનગુણયુકતાય શ્રીઉપાધ્યાય નમઃ
,, ૨ શ્રીસુયગડાંગસૂત્રપઠનગુણયુકતાય ,,
,, ૩ શ્રીઠાણાંગસૂત્રપઠનગુણયુકતાય ,,
,, ૪ શ્રીસમવાયાંગસૂત્રપઠનગુણયુકતાય ,,
,, ૫ શ્રીભગવતીસૂત્રપઠનગુણયુકતાય ,,
ખમા૦ ૬ શ્રીજ્ઞાતાસૂત્રપઠનગુણયુકતાય શ્રીઉપાધ્યાયાય નમઃ
,, ૭ શ્રીઉપાસકદશાસૂત્રપઠનગુણયુકતાય ,,
,, ૮ શ્રીઅન્તગડદશાસૂત્રપઠનગુણયુકતાય ,,
,, ૯ શ્રીઅણુત્તરોવવાઇસૂત્રપઠનયુકતાય ,,

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

ખમા૦ ૧૦ શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાય નમ:
,, ૧૧ શ્રી વિપાકસૂત્રપઠનગુણયુક્તાય ,,
,, ૧૨ ઉત્પાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૧૩ આગ્રાયણીપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૧૪ વીર્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૧૫ અસ્તિપ્રવાદપૂર્ણપઠનગુણયુક્તાય ,,
,, ૧૬ જ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૧૭ સત્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૧૮ આત્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૧૯ કર્મપ્રવાદપૂર્વપઠનયુક્તાય ,,
,, ૨૦ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૨૧ વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૨૨ કલ્યાણપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૨૩ પ્રાણાવાયપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૨૪ ક્રિયાવિશાલપૂર્વપઠનગુણયુક્તાય ,,
,, ૨૫ લોકબિન્દુસારપૂર્વપઠનગુણયુક્તાય ,,

ઉપર માફક ખમાસમણા દઈ

ઉપાધ્યાયપદ આરાધનાર્થં કાઉસગ્ગં કરેમિ અન્નત્થ૦ કહી પચ્ચીશ લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલવો. બીજી બધી વિધિ પહેલા માફક સમજી લેવી.

## —પાંચમા દિવસની વિધિ—

પહેલા દિવસની માફક બધી વિધિ કરવી, સાધુપદનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળો વર્ણ હોવાની આયંબિલમાં અડદનો ઉપયોગ કરવો. ૐ હ્રીં નમો લોએ સવ્વ સાહૂણં, પદના ૨૦૦૦ જાપ ગણવા. સાધુના ગુણ સત્યાવીસ (૨૭) હોવાથી સત્યાવીશ ખમાસમણા દેવા.

સાધુના સત્યાવીશ ગુણ

ખમા૦ ૧ પ્રાણાતિપાતવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ
,, ૨ મૃષાવાદવિરમણવ્રતયુકતાય ,,
,, ૩ અદત્તાદાનવિરમણવ્રતયુકતાય ,,
,, ૪ મૈથુનવિરમણવ્રતયુકતાય ,,
,, ૫ પરિગ્રહવિરમણવ્રતયુકતાય ,,
,, ૬ રાત્રિભોજનવિરમણવ્રતયુકતાય ,,
,, ૭ પૃથ્વીકાયરક્ષકાય ,,
,, ૮ અપ્પકાયરક્ષકાય ,,
,, ૯ તેઉકાયરક્ષકાય ,,
,, ૧૦ વાયુકાયરક્ષકાય ,,
,, ૧૧ વનસ્પતિકાયરક્ષકાય ,,
,, ૧૨ ત્રસકાયરક્ષકાય ,,
,, ૧૩ એકેન્દ્રિયજીવરક્ષકાય ,,
,, ૧૪ બેઇંદ્રિયજીવરક્ષકાય ,,
,, ૧૫ તેઇંદ્રિયજીવરક્ષકાય ,,
ખમા૦ ૧૬ ચૌરિંદ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે નમઃ
,, ૧૭ પચેંદ્રિયજીવરક્ષકયા ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ખમા૦ | ૧૮ લોભનિગ્રહકારકાય | શ્રી સમ્યગ્દર્શનાય નમઃ |
| ,, | ૧૯ ક્ષમાગુણયુક્તાય | ,, |
| ,, | ૨૦ શુભભાવનાભાવકાય | ,, |
| ,, | ૨૧ પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધકારકાય | ,, |
| ,, | ૨૨ સંયમયોગયુક્તાય | ,, |
| ,, | ૨૩ મનોગુપ્તિયુક્તાય | ,, |
| ,, | ૨૪ વચનગુપ્તિયુક્તાય | ,, |
| ,, | ૨૫ કાયગુપ્તિયુક્તાય | ,, |
| ,, | ૨૬ શીતાદિદ્વાવિંશતિપરિષહસહનતત્પરાય | ,, |
| ,, | ૨૭ મરણાન્તઉપસર્ગસહનતત્પરાય | ,, |

ઉપર માફક ૨૭ ખમાસમણા દઇ સાધુપદ આરાધનાર્થં કાઉસગ્ગ કરેમિ અન્નત્થ૦ કહી સત્યાવીશ લોગસ્સના કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો. બીજી બધી વિધિ પૂર્વ માફક સમજવી.

## છઠ્ઠા દિવસની વિધિ

પહેલા દિવસની માફક બધી વિધિ કરી લેવી દર્શન પદ સફેદ વર્ણે હોવાથી ચોખાનો પદાથ વાપરવો. 'ૐ હ્રીં નમો દંસણસ્સ' પદના ૨૦૦૦ જાપ ગણવા અને સડ સઠ ખમાસમણા દેવા.

| | | |
|---|---|---|
| ખમા૦ | ૧ પરમાર્થસંસ્તવરૂપ | શ્રીસમ્યગ્દર્શનાય નમઃ |
| ,, | ૨ પરમાર્થજ્ઞાતૃસેવનરૂપ | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૩ વ્યાપન્નદર્શનવર્જનરૂપ શ્રીસમ્યગ્દર્શનાય નમઃ
,, ૪ કુદર્શનવર્જનરૂપ ,,
,, ૫ શુશ્રૂષારૂપ ,,
,, ૬ ધર્મરાગરૂપ ,,
,, ૭ વૈયાવૃત્ત્યરૂપ ,,
,, ૮ અર્હદ્વિનયરૂપ ,,
,, ૯ સિદ્ધવિનયરૂપ ,,
,, ૧૦ ચૈત્યવિનયરૂપ ,,
,, ૧૧ શ્રુતવિનયરૂપ ,,
,, ૧૨ ધર્મવિનયરૂપ ,,
,, ૧૩ સાધુવર્ગવિનયરૂપ ,,
,, ૧૪ આચાર્યવિનયરૂપ ,,
,, ૧૫ ઉપાધ્યાયવિનયરૂપ ,,
,, ૧૬ પ્રવચનવિનયરૂપ ,,
,, ૧૭ દર્શનવિનયરૂપ ,,
ખમા૦ ૧૮ સંસારેજિનસારમિતિચિન્તનરૂપ ,,
,, ૧૯ સંસારેજિનમતિસારમિતિચિન્તનરૂપ ,,
,, ૨૦ સંસારેજિનમતિસ્થિતસાધ્વાદિસારમિતિ
ચિન્તનરૂપ ,,
,, ૨૧ શંકાદૂષણરહિતાય ,,
,, ૨૨ કાંક્ષાદૂષણરહિતાય ,,
,, ૨૩ વિચિકિત્સાદૂષણરહિતાય ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૨૪ કુદૃષ્ટિપ્રશંસાદૂષણરહિતાય શ્રીસમ્યગ્દર્શનાય નમઃ
,, ૨૫ તત્પરિચયદૂષણરહિતાય ,,
,, ૨૬ પ્રવચનપ્રભાવકરૂપ ,,
,, ૨૭ ધર્મકથાપ્રભાવકરૂપ ,,
,, ૨૮ વાદિપ્રભાવકરૂપ ,,
,, ૨૯ નૈમિત્તકપ્રભાવકરૂપ ,,
,, ૩૦ તપસ્વિપ્રભાવકરૂપ ,,
,, ૩૧ પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃત્પ્રભાવકરૂપ ,,
,, ૩૨ ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરૂપ ,,
,, ૩૩ કવિપ્રભાવકરૂપ ,,
,, ૩૪ જિનશાસનક્રિયાકૌશલભૂષણરૂપ ,,
,, ૩૫ પ્રભાવનાભૂષણરૂપ ,,
,, ૩૬ તીર્થસેવાભૂષણરૂપ ,,
,, ૩૭ ધૈર્યભૂષણરૂપ ,,
,, ૩૮ જિનશાસનભક્તિભૂષણરૂપ ,,
,, ૩૯ ઉપશમગુણરૂપ ,,
,, ૪૦ સંવેગગુણરૂપ ,,
,, ૪૧ નિર્વેદગુણરૂપ ,,
,, ૪૨ અનુકંપાગુણરૂપ ,,
,, ૪૩ આસ્તિક્યગુણરૂપ ,,
,, ૪૪ પરતીર્થકાદિવન્દનવર્જનરૂપ ,,
,, ૪૫ પરતીર્થકાદિનમસ્કારવર્જનરૂપ ,,
,, ૪૬ પરતીર્થકાદિઆલાપવર્જનરૂપ ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૪૭ પરતીર્થકાદિસંલાપવર્જનરૂપ શ્રીસમ્ગગ્દર્શનાય નમઃ
,, ૪૮ પરતીર્થકાદિ અશનાદિદાનવર્જનરૂપ ,,
,, ૪૯ પરતીર્થકાદિગન્ધપુષ્પાદિપ્રેષણવર્જનરૂપ ,,
,, ૫૦ રાજાભિયોગાકારયુકત ,,
,, ૫૧ ગણાભિયોગાકારયુકત ,,
,, ૫૨ બલાભિયોગાકારયુકત ,,
,, ૫૩ સુરાભિયોગાકારયુકત ,,
,, ૫૪ કાન્તારવૃત્ત્યાકારયુકત ,,
,, ૫૫ ગુરુનિગ્રહકારયુકત ,,
,, ૫૬ સમ્યક્ત્વં ચારિત્રધર્મસ્ય મૂલમિતિ ચિન્તનરૂપ,,
,, ૪૭ સમ્કૂત્વં ધર્મપુરસ્ય દ્વારમિતિ ચિન્તનરુપ ,,
,, ૫૮ સમ્કૂત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનમિતિ ચિન્તરૂપ ,,
,, ૫૯ સમ્કૂત્વં ધર્મસ્યાધારમિતિ ચિન્તનરૂપ ,,
,, ૬૦ સમ્કૂત્વં ધર્મસ્યભાજનમિતિ ચિન્તનરૂપ ,,
, ૬૧ સમ્કૂત્વંધર્મસ્યનિધિસંનિભમિતિ ચિતનરૂપ,,
,, ૬૨ અસ્તિ જીવેતિ શ્રદ્ધાનસ્થાનયુકત ,,
,, ૬૩ સ ચ જીવો નિત્યોતિ શ્રદ્ધાનસ્થાનયુકત ,,
,, ૬૪ સ ચ જીવ કર્માણિ કરોતીતિશ્રદ્ધાનસ્થાયુકત,,
,, ૬૫ સ ચ જીવઃ કૃતિકર્માણિ વેદયતીતિશ્રદ્ધાનસ્થાનયુકત
,, ૬૬ જીવસ્યાતિ નિર્વાણમિતિશ્રદ્ધાનસ્થાનયુકત ,,
,, ૬૭ અસ્તિ પુનર્મોક્ષોપાયેતિશ્રદ્ધાનસ્થાનયુકત ,,

ઉપર માફક ખમાસમણા દઇ—દર્શન પદ આરાધનાર્થં કાઉસગ્ગ કરેમિ અન્નત્થ૦ કહી સડ સઠ લોગસ્સનો કાઉસગ્ગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી પ્રગટ લોગસ્સ બોલવો બીજી બધી વિધિ પૂર્વ માફક સમજવી.

## સાતમાં દિવસની વિધિ

પહેલા દિવસની બધી વિધિ કરવી. જ્ઞાન પદનો વર્ણ ઉજળો હોવાથી આયંબિલમાં ચોખાનો પદાર્થ વાપરવો ૐ હ્રીઁ નમો નાણસ્સ) પદના ૨૦૦૦ જાપ ગણવા (૨૦ નોકરવાલી ફેરવવી) અને એકાવન—૫૧ ખમાસમણા દેવા.

ખમા૦ ૧ સ્પર્શનેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૨ રસનેન્દ્રિવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૩ ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૪ શ્રોત્રેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૫ સ્પર્શનેન્દ્રિયાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૬ રસનેન્દ્રિયાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૭ ઘ્રાણેન્દ્રિયાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૮ ચક્ષુરિન્દ્રિયાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૯ શ્રોત્રેન્દ્રિયયાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૧૦ મનોऽર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
,, ૧૧ સ્પર્શનેન્દ્રિયેહામતિજ્ઞાનાય નમઃ
,, ૧૨ રસનેન્દ્રિયેહામતિજ્ઞાનાય નમ
,, ૧૩ ઘ્રાણેન્દ્રિયયેહામતિજ્ઞાનાય નમઃ
,, ૧૪ ચક્ષુરિન્દ્રિયેશામતિજ્ઞાનાય નમઃ
,, ૧૫ શ્રોત્રેન્દ્રિયેહામતિજ્ઞાનાય નમઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૧૬ મનઇહામતિજ્ઞાનાય નમઃ
,, ૧૭ સ્પર્શનેન્દ્રિયાપાયમતિજ્ઞાય નમઃ
,, ૧૮ રસનેન્દ્રિયાપાયમતિજ્ઞાનાય નમઃ
,, ૧૯ ઘ્રાણેન્દ્રિયાપાયમતિજ્ઞાનાય નમઃ
,, ૨૦ ચક્ષુરિન્દ્રિયાપાયમતિજ્ઞાનાય નમઃ
,, ૨૧ શ્રોત્રેન્દ્રિયાપાયમતિજ્ઞાનાય નમઃ
,, ૨૨ મનોડપામતિજ્ઞાનાય નમઃ
,, ૨૩ સ્પર્શનેન્દ્રિયધારણામતિજ્ઞાનાય નમઃ
,, ૨૪ રસનેન્દ્રિયધારણામતિજ્ઞાનાય નમઃ
,, ૨૫ ઘ્રાણેન્દ્રિયધારણામતિજ્ઞાનાય નમઃ
,, ૨૬ ચક્ષુરિન્દ્રિયધારણામતિજ્ઞાનાય નમઃ
,, ૨૭ શ્રોત્રેન્દ્રિયધારણામતિજ્ઞાનાય નમઃ
,, ૨૮ મનોધારણામતિજ્ઞાનાય નમઃ
,, ૨૯ અક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૦ અનક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૧ સંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૨ અસંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૩ સમ્યકશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૪ મિથ્યાશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૫ સાદિશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૬ અનાદિશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૭ સપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
,, ૩૮ અપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૩૯ ગમિકશ્રુતજ્ઞાનાય નમ:

„ ૪૦ અગમિકશ્રુતજ્ઞાનાય નમ:

„ ૪૧ અંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમ:

„ ૪૨ અનંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમ:

„ ૪૩ આનુગામિકાડવધિજ્ઞાનાય નમ:

„ ૪૪ અનાનુગામિકાડવધિજ્ઞાનાય નમ:

„ ૪૫ વર્ધમાનાવધિજ્ઞાનાય નમ:

„ ૪૬ હીયમાનાવધિજ્ઞાનાય નમ:

„ ૪૭ પ્રતિપાત્યવધિજ્ઞાનાય નમ

„ ૪૮ અપ્રતિપાત્યવધિજ્ઞાનાય નમ:

„ ૪૯ ઋજુમતિ મન:પર્યવજ્ઞાનાય નમ:

„ ૫૦ વિપુલમતિ મન:પર્યવજ્ઞાનાય નમ:

„ ૫૧ લોકાલોક પ્રકાશક કેવલ જ્ઞાનાય નમ:

ઉપર માફક ખમાસમણા દઈ જ્ઞાન પદ આરાધનાર્થં કાઉસગ્ગ કરેમિ અન્નત્થ૦ કહી એકાવન લોગસ્સનો કાઉસગ કરી પ્રગટ લોગસ્સ બોલવો બીજી બધી વિધિ પૂર્વ માફક સમજવી.

## આઠમાં દિવસની વિધિ

પહેલા દિવસ માફક બધી વિધિ કરવી. ચારિત્ર પદનો ધોળો વર્ણ હોવાથી ચોખા આવ 'ઓં હીં નમો ચારિત્તસ્સ' પદના ૨૦૦૦ જાપ ગણવા અને સીતેર ખમાસમણા દેવા.

ખમા૦ ૧ સર્વત: પ્રાણાતિવિરમણરૂપચારિત્રાય નમ:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૨ સર્વતઃ મૃષાવાદવિરમણરૂપચારિત્રાય નમ;
,, ૩ સર્વતઃ અદત્તાદાનવિરમણરૂપચારિત્રાય નમઃ
,, ૪ સર્વતઃ મૈથુનવિરમણરૂપચારિત્રાય નમઃ
,, ૫ સર્વતઃ પરિગ્રહવિરમણરૂપચારિત્રાય નમઃ
,, ૬ ક્ષમાધર્મરૂપચારિત્રેભ્યો નમ;
,, ૭ આર્જવધર્મરૂપચારિ ત્રેભ્યો નમઃ
,, ૮ મૃદુતાધર્મરૂપચારિત્રેભ્યો નમઃ
,, ૯ મુક્તિધર્મરૂપચારિત્રેભ્યો નમઃ
,, ૧૦ તપોધર્મરૂપચારિત્રેભ્યો નમઃ
,, ૧૧ સંયમધર્મરૂપચારિત્રેભ્યો નમઃ
;, ૧૨ સત્યધર્મરૂપચારિત્રેભ્યો નમઃ
,, ૧૩ શૌચધર્મરૂચારિત્રેભ્યો નમઃ
,, ૧૪ અકિંચનધર્મરૂપચારિત્રેભ્યો નમઃ
,, ૧૫ બ્રહ્મચર્યધર્મરૂપચારિત્રેભ્યો નમઃ
,, ૧૬ પૃથ્વીરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ
,, ૧૭ ઉદકરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ
,, ૧૮ તેઉરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ
,, ૧૯ વાઉરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ
,, ૨૦ વનસ્પતિરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ
,, ૨૧ બેઇન્દ્રિશ રક્ષા સંયમ ચારિત્રેભ્યો નમઃ
,, ૨૨ તેઇન્દ્રિયરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ
,, ૨૩ ચૌરિદ્રિયરક્ષાસંયમચારિ ત્રેભ્યો નમઃ
,, ૨૪ પંચેદ્રિયરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

,, ૨૫ અજીવરક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૨૬ પ્રેક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ

ખમા૦૨૭ ઉપેક્ષાસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૨૮ અતિરિક્તવસ્ત્રભક્તાદિપરઠણત્યાગરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૨૯ પ્રમાર્જનરૂપસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૩૦ મનઃસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૩૧ વાકસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૩૨ કાયાસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૩૩ આચાર્યવૈયાવૃત્યરૂપસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૩૪ ઉપાધ્યાયવૈયાવૃત્યરૂપસંયમચારિત્રેભ્યો નમઃ

,, ૩૫ તપસ્વિવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૩૬ લઘુશિષ્યાદિવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૩૭ ગ્લાનસાધુવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૩૮ સાધુવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૩૯ શ્રમણોપાસકવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૪૦ સંઘવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૪૧ કુલવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૪૨ ગણવૈયાવૃત્યરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૪૩ પશુપંડગાદિરહિતવસતિવસનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૪૪ સ્ત્રીહાસ્યાદિવિકથાવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૪૫ સ્ત્રીઆસવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૪૬ સ્ત્રીઅંગોપાંગનિરીક્ષણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૪૭ કુડ્યંતરસ્થિતસ્ત્રીહાવભાવસ્રવણવર્જનબ્રહ્મગુપ્તિચા નમઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

,, ૪૮ પૂર્વસ્ત્રીસંભોગચિન્તનવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૪૯ અતિસરસઆહારવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

ખમા૦ ૫૦ અતિઆહારકરણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૫૧ અંગવિભૂષાવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૫૨ અનશનતપોરૂપબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૫૩ ઉનોદરીતપોરૂપબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૫૪ વૃત્તિસંક્ષેપતપોરૂપબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૫૫ રસત્યાગતપોરૂપબ્રહ્મગુપ્તિચારિત્રેભ્યો નમઃ

,, ૫૬ કાયક્લેશતપોરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૫૭ સંલેખણાતપોરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૫૮ પ્રાયશ્ચિત્તતપોરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૫૯ વિનયતપોરૂપચારિત્રેયો નમઃ

,, ૬૦ વૈયાવચ્ચતપોરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૬૧ સજ્ઝાયતપોરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૬૨ ધ્યાનતપોરૂપચારિત્રેભ્યો નમઃ

,, ૬૩ કાયોત્સર્ગતપોરૂપચારિત્રેયો નમઃ

,, ૬૪ અનન્તજ્ઞાનસંયુક્તચારિત્રેભ્યો નમઃ

,, ૬૫ અનન્તદર્શનસંયુક્તચારિત્રેભ્યો નમઃ

,, ૬૬ અનન્તચારિત્રસંયુક્તચારિત્રેભ્યો નમઃ

,, ૬૭ ક્રોધનિગ્રહકરણચારિત્રેભ્યો નમઃ

,, ૬૮ માનનિગ્રહકરણચારિત્રેભ્યો નમઃ

,, ૬૯ માયાનિગ્રહકરણચારિત્રેભ્યો નમઃ

,, ૭૦ લોભનિગ્રહકરણચારિત્રેભ્યો નમઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર માફક સિત્તેર ખમાસમણા દેવા. ચારિત્ર પદ આરાધનાર્થં કાઉસગ્ગ કરેમિ અન્નતથ૦ બોલી સિત્તેર લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલવો. બીજી બધી વિધિ પૂર્વવત.

## — નવમાં દિવસની વિધિ —

પહેલા દિવસની માફક સર્વ વિધિ કરવી તપ પદનો વર્ણ ઉજળો હોવાથી આયંબિલમાં ચોખા (ભાત) નો ઉપયોગ કરવો.

'ૐ હ્રીઁ નમો તવસ્સ' પદના જાપ ૨૦૦૦ ગણવા અને પચાશ ખમાસણા દેવા.

ખમા૦ ૧ યાવત્કથકતપસે નમ:

,, ૨ ઇત્વિરતપભેદતપસે નમ:

,, ૩ બાહ્યઉનોદરીતપભેદતપસે નમ:

,, ૪ અભ્યંતરઉનોદરીતપભેદતપસે નમ;

,, ૫ દ્રવ્યતપવૃત્તિસંક્ષેપતપભેદતપસે નમ:

,, ૬ ક્ષેત્રતપવૃત્તિસંક્ષેપતપભેદતપસે નમ:

,, ૭ કાલતપવૃત્તિસંક્ષેપતપભેદતપસે નમ:

,, ૮ ભાવતપવૃત્તિસંક્ષેપત ભેદતપસે નમ:

,, ૯ કાયકૂલેશતપભેદતપસે નમ:

,, ૧૦ રસત્યાગતપસે નમ:

,, ૧૧ ઇંદ્રિયકષાયયોગવિષયકસંલીનતાતપસે નમ:

, ૧૨ સ્ત્રોપશુપંડકાદિવર્જિતસ્થાનઅવસ્થિતતપસે નમ:

,, ૧૩ આલોચનાપ્રયશ્ચિત્તતપસે નમ:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

,, ૧૪ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્તતપસે નમઃ

,, ૧૫ મિશ્રપ્રાયશ્ચિત્તતપસે નમઃ

,, ૧૬ વિવેકપ્રાયશ્ચિત્તતપસે નમઃ

ખમા૦ ૧૭ ઉપસર્ગ પ્રાયશ્ચિત્તતપસે નમઃ

,, ૧૮ તપઃપ્રાપશ્ચિત્તતપસે નમઃ

,, ૧૯ છેદપ્રાયશ્ચિત્તતપસે નમઃ

,, ૨૦ મૂલપ્રાયશ્ચિત્તતપસે નમઃ

,, ૨૧ અનવસ્થિતપ્રાયશ્ચિત્તતપસે નમઃ

,, ૨૨ પારાંચિકપ્રાયશ્ચિત્તતપસે નમઃ

,, ૨૩ જ્ઞાનવિનયરૂપતપસે નમઃ

,, ૨૪ દર્શનવિનયરૂપતપસે નમઃ

,, ૨૫ ચારિત્રવિનયરૂપતસે નમઃ

,, ૨૬ શુભમનવિનાયરૂપતપસે નમઃ

,, ૨૭ શુભવચનવિનયરૂપતપસે નમઃ

, ૨૮ શુભકાયવિનરૂપતપસે નમઃ

,, ૨૯ ઔપચારિકવિનયરૂપતપસે નમઃ

,, ૩૦ આચાર્યવૈયાવૃત્ત્યતપસે નમઃ

,, ૩૧ ઉપધ્યાયવૈયાવૃત્યતપસે નમઃ

,, ૩૨ સાધુવૈયાવૃત્ત્યતપસે નમઃ

,, ૩૩ તપસ્વિવૈયાવૃત્ત્યતપસે નમઃ

,, ૩૪ લઘુશિષ્યાદિવૈયાત્ત્યતપસે નમઃ

,, ૩૫ ગ્લાનસાધુવૈયાવૃત્ત્યતપસે નમઃ

,, ૩૬ શ્રમણોપાસકવૈયાવૃત્ત્યતપસે નમઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૩૭ સંઘવૈયાવૃત્યતપસે નમ:

,, ૩૮ કુલવૈયાવૃત્પતપસે નમ:

,, ૩૯ ગણુવૈયાવૃત્ત્યતપસે નમ:

,, ૪૦ વાચનાતપસે નમ:

ખમા૦ ૪૧ પૃછનાતપસે નમ:

,, ૪૨ પરાવર્તનાતપસે નમ:

,, ૪૩ અનુપ્રેક્ષાતપસે નમ:

,, ૪૪ ધર્મકથાતપસે નમઃ

,, ૪૫ આર્તધ્યાનનિવૃત્તતપસે નમ:

,, ૪૬ રૌદ્રધ્યાનનિવૃત્તતપસે નમ:

,, ૪૭ ધર્મધ્યાનચિન્તનતપસે નમ:

,, ૪૮ શુકલધ્યાનચિન્તનતપસે નમ:

,, ૪૯ બાહ્યોત્સર્ગતપસે નમ:

,, ૫૦ અભ્યન્તરોત્સર્ગતપસે નમ:

ઉપર માફક પચાસ ખમાસણા દઇ નવપદ ધર્માર્થે કાઉસગ્ગ કરેમિ અન્નત્થ૦ કહી પચાસ લોગસ્સનો કાઉસ્સગ કરી પ્રગટ લોગસ્સ બોલવા. બીજી બધી વિધિ પૂર્વ માફક કરવી.

## —શ્રી સિદ્ધચક્ર–નવપદ–ચૈત્યવંદનો—

॥ ૧ ॥

શ્રી પાર્શ્વનાથોભવ પાપ તાપ,
પ્રશાંત ધારા ધર ચારૂ રૂપ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિઘ્નૌઘહંતા પ્રણતોરગેન્દ્રઃ;
 સમસ્ત કલ્યાણ કરો જિનેન્દ્રઃ ચૈત્યવંદન

જોધુરિ સિરિ અરિહંત મૂલ,
 દ્રઢ પીઠ પઇંઠીઓ; શિદ્ધસૂરિ ઉવજ્ઝાય સાહુ,
 ચઉસાહ ગરિઠઓ ॥ ૧ ॥

દંસણ નાણ ચરિત્ત તવહિં,
 પડિ સાહાહિં સુંદરૂ;
તત્તખ્ખર સરવગ્ગ લદ્ધિ,
 ગુરૂ પયદલ દંભરૂ ॥ ૨ ॥

દિસિવાલ જખ્ખ જખ્ખિણિ,
 સુર કુસુમેહિં અલંકીઓ;
સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરૂ;
 અમ્હ મણ યંછિય દિઅઓ. ॥ ૩ ॥

॥ ૨ ॥

આજ સફલ દિન મ્હારો, જન્મ કૃતારથ આજ,
 મેં ભેટયા ભવ ભય હરણ, સિદ્ધચક્ક મહારાજ ॥ ૧ ॥
અરિહંત સિદ્ધ સૂરિવરા, વાચક મુનિ સુખકાર,
 સમ્યક્ દરિસણ ગ્નાન ચરણ, તપ નવપદ મનોહાર ॥ ૨ ॥
બાર આઠ છત્રિસ ગુણ. પચવીસ સત્યાવીસ;
 પરમેષ્ટી પદ પાંચકા. ગુણ સમરો નિશદિશ ॥ ૩ ॥
સડસઠ એકાવન કુનિ. સિત્તોર ઓર પચાસ;
 ભેદ ભલીપરે ધ્યાવતા, દરિસણ આદિ વિકાસ. ॥ ૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વેત રકતપીત નીલ શ્યામ, વર્ણ પંચ પદ ધાર,
ઉજ્વલ વર્ણે ધ્યાઇયે, દરિસનાદિક પદ ચાર. ॥ ૫ ॥
મંડલકી રચના રચી, અપૂર્વ અતિ મનોહર,
ધર્મ ઉદયે ભયો, શિવ સુખકો કરનાર ॥ ૬ ॥
સિદ્ધચક્ર મંડલ કમલ; ધ્યાવે ધ્યાન ઉદાર;
ભવપાતકકો દૂર કરી, કરે આત્મ ઉદ્ધાર. ॥ ૭ ॥
સિદ્ધચક્ર કે ધ્યાનસે; દુખ દોહગ મીટ જાય;
સુખ સંપત ઘટમેં વધે, આતમગુણ વિકસાય. ॥ ૮ ॥
શુદ્ધ ભાવસે ધ્યાવતા, અનુભવ પદ દાતાર,
સહજ કલા નિધિવંદતા, કરે ભવસાગર પાર. ॥ ૯ ॥

॥ ૩ ॥

નવપદ આરાધન કરો, આસો ચૈત્રમાસ;
શુદી સાતમથી કીજીએ. નવ આંબિલ તપ ખાસ ॥ ૧ ॥
પહેલે દિને અરિહંતને, સેવો ભવિ હિતકાર;
બારગુણે જે શોભતા, કર્મ મલ હરનાર. ॥ ૨ ॥
ઉજ્જવલ વર્ણ એહનો, અક્ષત સમ પરમાણો;
આત્મ ઉજ્જવલ કરવા ભણી, અરિહંત પદ જાણો ॥ ૩ ॥
કાઉસ્સગ સાથિયા પ્રદક્ષિણા, ખમાસણ પણ બાર;
એમ અરિહંત આરાધીએ, બાલચંદ્ર સુખકાર. ॥ ૪ ॥

॥ ૪ ॥

સિધ પદને પામવા, સિદ્ધ પદને સેવો;
આઠ ગુણ છે જેહના; વર્ણ ગો ધુમ જેવો. ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ જ્ઞાન દર્શન વળી, અનંત સુખના સ્વામી;
અનંત ચારિત્ર અરૂપીને, અક્ષય પદના ધામી. ॥ ૧ ॥
ના ગુરૂ ના લઘુ પ્રભુ, વીર્ય અનંતુ છાજે;
અષ્ટ કર્મ ક્ષય કરી. સિદ્ધ સ્થાને બિરાજે. ॥ ૨ ॥
વિધિકરો આઠ આઠની, નવકારવાળી વીશ;
બાલચંદ્ર કહે એહથી, થાશો જગના ઇશ. ॥ ૩ ॥

॥ ૫ ॥

ત્રીજે દિન આરાધિએ, આચાર્ય ભગવાન,
છત્રીશ ગુણે અલંકર્યા, કાંતિ સુવર્ણ સમાન. ॥ ૧ ॥
રાજા સમ શ્રી સંઘના, શિક્ષાના દાતાર;
સેવો સૂરિપદ સદા ભવો દધિ તારણહાર. ॥ ૨ ॥
સકલ શાસ્ત્ર સાર ગ્રહે ગચ્છતા ધોરી જેહ;
ભવપાતકકો દૂર કરે, એ સૂરી ગુણ ગેહ. ॥ ૩ ॥
ઓઁ હ્રીઁ નમો આયરિયાણં, જપો જાપ દો હજાર;
છત્રીશ સ્વસ્તિક ફલધરો, બાલચંદ્ર મનોહાર. ॥ ૪ ॥

[ ૬ ॥

પાઠકપદ વંદીએ. નીલ વર્ણ જશ ખાસ;
પચ્ચીશ ગુણે અલંકર્યા, ધરતા ધ્યાન ઉલ્લાસ. ॥ ૧ ॥
ચંદન સમ શીતલ વચણ, અહિત તાપને ટાળે;
સાધુ ગણને જે સદા. સૂત્રાર્થને આલે. ॥ ૨ ॥
તપ ત્યાગે રક્ત રહે જગબંધવ જગભ્રાત;
જિનશાસન ઉજ્જવલ કરે, કરતા કર્મ વિઘાત. ॥ ૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણું, નોકરવાળી વીશ,
સ્વસ્તિક ફલ પચ્ચીશ ધરો, બાલનમન પચવીશ. ॥ ૪ ॥

॥ ૭ ॥

પાંચમે પદે મુનિવરા, સંયમ સત્તર ધાર;
સત્યાવીશ ગુણ જેહના, શ્યામ વર્ણ ઉદાર. ॥ ૧ ॥
ખંતિમદ્દવ અજ્જવાદિ, દશ વિધ જે યતિ ધર્મ,
ગંચ મહાવ્રત પાલતા, જાણે તત્ત્વના મર્મ. ॥ ૨ ॥
મોક્ષ સાધન કરવા ભણી, કરતા કોડ ઉપાય,
તે મુનિ પદના ધ્યાનથી, આત્મગુણ વિકસાય ॥ ૩ ॥
સવ્વ સાહુણં જાપથી, દુષ્ટ કર્મનો સંહાર;
ભ્રાતૃ પુનમનો બાલ કહે, ઉતારે ભવપાર. ॥ ૪ ॥

॥ ૮ ॥

શંનપદ છઠે નમો, સમકિત લક્ષણ જેહ;
શુદ્ધ દેવગુરૂ ધર્મની, શ્રદ્ધા કહીયે તેહ. ॥ ૧ ॥
શ્રદ્ધાવંત ભવિક કહે સંસાર સાગર પાર;
એ કારણે ભવિ સેવિએ સમ્યક્ દર્શન સાર. ॥ ૨ ॥
ચારિત્ર વિણ કદિ શિવ લહે, પણ દર્શન વિણ ન હોય;
જ્ઞાવ ચારિત્રનું મૂલ, જિનવરે ભાખ્યું જોય. ॥ ૩ ॥
સડસઠ ગુણ છે એહના, શ્વેતવર્ણતસ જોય;
ૐ હ્રીં નમો દંશણસ્સ, બાલ જપેપદ સોય. ॥ ૪ ॥

॥ ૯ ॥

જ્ઞાન સ્વરૂપ જે જીવનો, સ્વપર પ્રકાશક તેહ,
એહ જ્ઞાન દીપક સમું, વંદો ધરી સ સ્નેહ. ॥ ૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્ષાભક્ષ જ્ઞાનથી જાણે, જાણે પેયાપેય;
  કૃત્યાકૃત્ય જ્ઞાને લહે, કરે ભવ છેહ. ॥ ૨ ॥
પ્રથમ જ્ઞાનને પછી દયા, સિધ્ધાંતે કહયું એહ;
  દશ વૈકલિક સૂત્રમાં, જિનવરે ભાખ્યું તેહ. ॥ ૩ ॥
ભેદ એકાવન જ્ઞાનના, શ્વેત વર્ણ તસ જાણ;
  ઓં હ્રીં નાણસ્સ નમો પદ, ધ્યાને બાલ નિર્વાણ ॥ ૪ ॥

૧૦

કર્મક્ષય કરવા ભણી, ચારિત્ર પદ આરાધો;
  ચારિત્ર ધર્મ પાળીને, આત્મ કારજ સાધો. ॥ ૧ ॥
સત્તર ભેદ છે એહના, વળી સિત્તેર પણ થાય;
  દેશ વિરતિ ગૃહિ યતિએ, દો ભેદમાં સમાય ॥ ૨ ॥
ચક્રવર્તિ ખટ ખંડ ધણી, ચારિત્ર પદ જે પાય;
  સકલ કર્મનો ક્ષય કરી, શીવપુરીમાં જાય. ॥ ૩ ॥
ત્રિકરણ શુધ્ધે એક દિન, ચારિત્ર પદ જે પાળે;
  સુર પદવિ તે પામીને, અનંત સુખમાં મ્હાલે ॥ ૪ ॥
  બાલ મુનિ કહે ભવિ પ્રાણી, પામે શિવ સુખ આપ ॥ ૫ ॥

૧૧

વિઘ્નટળે તપ ગુણ થકી; તપથી રોગ સબ જાય;
  શ્રી શ્રીપાલની પરે, તપથી સબ સુખ થાય. ॥ ૧ ॥
દ્રઢ પ્રહારી હિંસકઘણો, કીધા કર્મ અઘોર;
  સમભાવે તપ પ્રભાવથી, કાઢયા કર્મ કઠોર ॥ ૨ ॥
સમતા ભાવે તપ તપે ભવિ પ્રાણી જે હોય;
  નિકાચિત કર્મ કાપીને, અક્ષય સુખ પામે સોય. ॥ ૪ ॥
નવમે દિન આરાધીએ, શ્વેત તપ પદ સુજાણ,
  ઓં હ્રીં નમો તવસ્સનામે, જાપ જપો ગુણ ખાણ ॥ ૫ ॥
ક્ષાંત્યાદિક ગુણ ને ધરી, શ્રી નવપદ આરાધો.
  પુનમ શશીનો બાલ કહે એમ મોક્ષ પદ સાધો; ॥ ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાનપદ ભજીએ રે–એ દેશી

## ॥ શ્રી નવપદજીનું સ્તવન ॥

નવપદ ધ્યાવો રે ભવિયણ ભાવસું, આતમને હિતકાજ રે.
સમકિત પૂર્વક એ આરાધતાં, ભવતારણ શુભ જહાજ રે ॥નવપદ॥ ૧

પ્રથમ પદે જિન શ્રી અરિહંતજી, બાર ગુણે ગુણવંત રે
ચોત્રીશ અતિશય ગુણ વાણી તણા, પાંત્રીસથી વિક્રાંત રે ॥નવપદ॥ ૨

અષ્ટ કરમ મલ ક્ષય કરવા થકી, અષ્ટ ગુણે જે અનંત રે,
નિરાવરણ શુભ સત્તામાં રમે, ભજો સિદ્ધ ભગવંત રે ॥નવપદ॥ ૩

છત્રીશ ગુણ રયણે કરી રાજતા, ગણનાયક ગુણવંત રે,
વાદ વિવાદે રે પંચાનન સમા, આચારજ મુનિ સંત રે ॥નવપદ॥ ૪

અંગોપાંગ પઠન પાઠન રતા, પંચવીશ ગુણને ધરંત રે,
આગમના અર્થ ઉભયને ધારતા, ઉપાધ્યાય મતિવંત રે ॥નવપદ॥ ૫

સમ્યગરીતે રે સાધે મોક્ષને, સત્તાવીશ ગુણવંત રે,
શાંત દાંત નિર્લોભ ગુણે કરી, સાધુ સમતાવંત રે ॥નવપદ॥ ૬

દર્શન સમકિત જિનવર ભાખીઉ, જ્ઞાન તે આત્મ પ્રકાશ રે,
ચારિત્ર તે નિજ ગુણમાં રમણતા, તપ તે વિવિધ પ્રકાર રે ॥નવપદ॥ ૭

એમ નવપદનારે, આરાધન થકી, શ્રી શ્રીપાલ નરિંદ રે,
કુશલ દીપ ભવસાગરને તર્યો, ભાખે દેવ મુણિંદ રે ॥નવપદ॥ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કોયલ પર્વત ધુંધલો રે લોલ–એ દેશી

## ॥ શ્રી નવપદજીનું સ્તવન ॥

નવપદ ધ્યાવો સુખકરુ રે લોલ,
ઉપયોગી અપ્રમત્તરે; વાલેશર,
સિત ધ્યાની હત મોહની રે લોલ,
અરિહંત પૂજો ભત્તરે, વાલેશર. ॥નવપદ॥ ૧
અનુપમ અનંત અનુત્તરૂરે લોલ,
સાસય સુખનો કંદરે, વાલેશર.
કેવળ કમળાપતિ થયારે લોલ,
તે સિદ્ધ સેવો આણંદ રે. વાલે. ॥નવપદ॥ ૨
જેહ વિરકત વિકથા થકી રે લોલ,
વિષય કષાય પરિત્યકત રે; વાલે.
ધરમોપદેશમેં રકતછેરે લોલ,
ગણિ ને પ્રણમો ભત્ત રે. વાલે. ॥નવપદ॥ ૩
સૂત્ર અરથ દાતાર છેરે લોલ,
વિષ વૈદ્યસમ કહેવાય રે; વાલે,
મોહ સરપ વિષ ભાંજવા રે લોલ,
વંદો તે ઉવઝાય રે. વાલે. ॥નવપદ॥ ૪
મહગારવથી મુકત છેરે લોલ,
સમદમ ગુણ ગણધાર રે; વાલે.
ત્રિપદી ધ્યાને લીનછેરે લોલ,
તે નમો સાધુ ઉદાર રે. વાલે. ॥નવપદ॥ ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ રચણ આધાર છેરે લોલ,

સમતા રસનો ઠામ રે; વાલે.

નિજગુણ પ્રગટન દ્વિપ છેરે લોલ,

ફરસો દરસણ ધામ રે. વાલે. ॥નવપદ॥ ૬

જેહ પ્રસાદે ભવિજનારે લોલ,

વંછિત પૂજિત થાય રે; વાલે.

તેહિ જ ગુણ હિયડે ધરો રે લોલ,

અનુપમ જ્ઞાન કહાય રે વાલે. ॥નવપદ॥ ૭

સુમતિ ક્ષમાદિક ગુણ સહુ રે લોલ,

ગુપ્તિ મૈત્રાદિક સિદ્ધિ રે; વાલે.

ચારિત્રથી સફળી હુવે રે લોલ,

આરાધો ગુણ વૃદ્ધિ રે. વાલે. ॥નવપદ॥ ૮

જીવ કંચન કર્મ કીટથી રે લોલ,

ખીર નીર જિમ જુત્ત રે; વાલે

જલણ સમાન તે શોધવારે લોલ,

તપ ભાંખ્યો બહુ ભત્તરે વાલે. ॥નવપદ॥ ૯

એ નવપદ જે પ્રાણીયા રે લોલ;

શ્રીપાલ મયણા જ્યું નિતરે; વાલે.

ધ્યાયા ધ્યાવે ધ્યાવસેરે લોલ,

લહેશે તે શિવ ખિતરે, વાલે. ॥નવપદ॥ ૧૦

શ્રી પાર્શ્વચંદ્ર સૂરિ ગચ્છે દીપતારે લોલ,

શ્રી લબ્ધિચંદ્ર સૂરીશરે, વાલે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસુ પય પંકજ ભૃંગજયું રેલોલ,
શ્રી હરખચંદ્ર ગણીશરે; વાલે. ॥નવપદ॥ ૧૧
એ નવપદ સ્તવના કરી રે લોલ;
સુભ નિધિ વસુ શિત વર્ષ રે, વાલે.
અશ્વિન શિત ચઉદશ તિથે રે લોલ,
પાલી પૂરમેં હર્ષ રે. વાલે. ॥નવપદ॥ ૧૨

## શ્રી નવ પદજીના સ્તવનો

(હાંરે મારે ઠામ ધર્મના સાડા પચવીશ દેશ જો-એ રાગ )

હાંરે મારે સિદ્ધચક્રને પ્રણમો ત્રણે કાલ જો,
એહની સેવાથી ભવ દુઃખ ભાંજશેરે લોલ.
હાંરે મારે અરિહંત અરિહંત જાપેં અરિહંત થવાય જો, ૧
બાહ્યાભ્યંતર અરિ દલ બલ ત્યાં ભાજશેરે લોલ.
હાંરે મારે સિદ્ધ પદ સેવે સીઝે સઘળા કાજ જો,
અક્ષય અરૂપી પદને પામીયેરે લોલ;
હાંરે મારે જનમ મરણના દુઃખ થાયે દૂર જો;
ચઉગતિના ફેરા સરવે વામીયેરે લોલ. ૨
હાંરે મારે શાસન ધોરી આચારજ કહેવાયજો.
ચતુર્વિધ સંઘના રક્ષક તે વખાણીયે રે લોલ;
હાંરે મારે શિષ્ય ગણને પાઠક આપે પાઠજો,
સમતા ધારી સાધુપદ તે જાણીયે રે લોલ. ૩
હાંરે મારે સમ્યકદર્શન દર્શન પદ સુહાયજો,
એથી ભવ ભમવાના ભય ટાળીયે રે લોલ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંરે મારે જ્ઞાન પદ સેવે કેવલ જ્ઞાન પમાયજો,
 ચારિત્ર પદથી શીવ સુખ ભાળીયે રે લોલ. ૪
હાંરે મારે તપ તપવાથી કર્મ કઠોર કપાય જો,
 આત્મિક ગુણની પ્રાપ્તિ એહથી કહી રે લોલ;
હાંરે મારે નવ પદ સેવ્યા નવદિન ચિત્ત લાય જો,
 શ્રી શ્રીપાલે સુર ગતિ એહથી લહી રે લોલ. ૫
હાંરે મારે વિષય કષાઇને છાંડી નિંદ પ્રમાદજો,
 ખાંતિ શાંતે ધરીએ તપ કીજીએ રે લોલ,
હાંરે મારે નવ આયંબીલની ઓળી નવ નવ થાય જો,
 બાલ કહે એહથી શીવ સુખ લીજીયેરે લોલ. ૬

## (૨) (સ્તવન-રાગ-ધાટો)

મેરે સુગુણ સહાય, ભવ ભય વારક એહ ઉપાય મેરે૦ ॥ ૧ ॥
નવ પદ નવનિધિ દાયક હોય,
 ચરણ શરણ નરગ્રહે જબ કોય મેરે૦ ॥ ૨ ॥
અરિહંત પદ મધ્ય કર્ણિકા ધાર,
 સિદ્ધાદિક ચિહું પંખડી મઝાર મેરે૦ ॥ ૩ ॥
દર્શન બિન નાહિ કારજ સિદ્ધ,
 જ્ઞાનાદિક પદ જગત પ્રસિદ્ધિ મેરે૦ ॥ ૪ ॥
અષ્ટ કમલ દલ હિયે બિચ ધાર,
 ઈણ સમરણ બિન ન લહે ભવપાર. મેરે૦ ॥ ૫ ॥
એ પદ અરવિંદ સમ કરિ ભાલ,
 શ્રી હર્ષચંદ્ર સૂરિ કૃપા સે નિહાલ. મેરે૦ ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૬] સ્તવન [હો સાહેબજી નેક નજર કરી-એ સગ]

ભવિ પ્રીત કરી; નવપદ ગુણનિધિ,
દાયક લાયક સેવિયે;
તિહાં પ્રથમ દેવ અરિહંત ભાખ્યા,
દૂજા શ્રી સિદ્ધ ગુણી દાખ્યા;
ત્રીજા આચારજ ગુરૂ આખ્યા.
ભવિ પ્રીત કરી; નવપદ ગુણનિધિ૦ ૧

ચઉથે પદ ઉપાધ્યાય રૂઠા,
પંચમ ગુરૂ સાધુ નહિ કુઠા
છઠ્ઠો દંસણ ધરમેચૂડા ભવિ૦ ૨

સપ્તમપદ જ્ઞાન સુંદર દિસે, અઠ્ઠમ ચારિત્ર કર્મ પીસે;
નવમે તપ ઉત્તમ જનકીસે. ભવિ૦ ૩

રાગદ્વેષ મોહ દૂર કરી, આજ્ઞા સંવેગ સંતોષ ધરી;
ધ્યાવો તો એહ છે ધર્મ તરી. ભવિ૦ ૪

સાગર નિધિ વસુ ઇંદુ સમે, આશ્વિન સિત પુરાણુ જ્ઞાન રમે;
હર્ષે જગ જસ પરતાપ નમે. ભવિ૦ ૫

## (૭) સ્તવન

શાસન નાયક શ્રીવીર બોલે, બેઠી બારે પરષાદ ટોળે;
નહિ કોઈ નવપદ તોલે રે, ભવિ નવપદ ધ્યાવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ તુમે શિવસુખ પાવો રે. ભવિ ૧

પ્રથમ તે અરિહંત સ્વિકારો, બાર ગુણે કરી શ્વેતજ ધારો;

જગ જનને હિતકારો રે. ભવિ ૨

સિધ્ધ નિરંજન અલખ જગાવો, ધ્યાન લગાવી મનમાં ભાવો;

લ્યો નરભવનો લ્હાવો રે. ભવિ૦ ૩

શ્રી આચારજ ગુણમણિખાણી, શુદ્ધ પ્રરૂપે આગમ વાણી;

સમરો ગીતારથ જાણી રે. ભવિ૦ ૪

શ્રી ઉવજ્ઝાયને વંદો ભાવે, સૂત્ર અર્થ તે ઉભય ભણાવે;

નમતાં શીખે વધુ આવે રે. ભવિ૦ ૫

પંચમ મુનિવર સમતા રાખે, સાધે સંજમ આતમ સાખે;

તે અનુભવ સુખ ચાખે રે. ભવિ૦ ૬

છઠું દરિશન નિર્મળ પામી, જૈન સુતત્વ રૂચિ અભિરામી;

ધરીએ મુકિતના કામી રે. ભવિ૦ ૭

સાતમુ જ્ઞાન દિવાકર દીપે, રાગરોષ અજ્ઞાનને જીપે;

નમતા કર્મ ન લીંપે રે. ભવિ૦ ૮

અષ્ટમ સુન્દર વરીએ, અહો નિશિ ઇંદ્રિય સંવર કરીએ,

હેલે ભવજળ તરીએ રે. ભવિ૦ ૯

નવમું તપ પદ બહુલા ભેદે, ઘાતી કર્મના મૂળ ઉચ્છેદે;

નમો નમો નિત્ય અખેદે રે. ભવિ ૧૦

કુલચંદ્ર દીપ સદ્ગુરૂ રાયા, પામી દેવ તે તાસ પસાયા;

નવપદના ગુણ ગાયારે. ભવિ૦ ૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮ સ્તવન (સિધ્ધાચલના વાસી જીનને લાખો પ્રણામઃ રાગ)

સિદ્ધચક્રની સેવા કરતાં, પામ્યા સુખ અપાર–પામ્યા સુખ અપાર,
શ્રી શ્રીપાલ નરેશર જાણો, મયણાસતીનો એ છે રાણો;
સેવ્યા નવપદ સાર. પામ્યા૦ ૧
પૂર્વ સંચીત કર્મ સંયોગે, કોઢ રોગ ઉપન્યો નિજ અંગે;
પીડા અપરંપાર. પામ્યા૦ ૨
પ્રજાપાલની. મયણાં બેડી, આપકર્તી એ ગુણુની પેટી,
જાણે ધર્મનો સાર. પામ્યા૦ ૩
બેટી સંગાથે બાપ એ ઝગડે, મીથ્યા અહંકાર મતિ તેની બગડે,
માપે ઉંબરે હાથ. પામ્યા૦ ૪
આંતે જિન મંદિર જાવે તિર્થંકર રૂષભવંદે ભાવે;
શ્રી મયાણા ઉંબર સાથ. પામ્યા૦ ૫
જિનશાસનદેવ પ્રભાવે, મનહરમાળા બીજોરૂ આવે,
હાથમાંલે હર્ષ અપાર. પામ્યા૦ ૬
રાયને રાણી તપ કરે હોંશે જગતારક સદગુરૂ ઉપદેશે;
રોગ ગયો તેણીવાર. પામ્યા૦ ૭
પિતુ રાજ્યને પાછુંવાળી, શ્વસૂરના મીથ્યા મદને ગાળી;
મેળવી કીર્તિ અપાર. પામ્યા૦ ૮
વિષય કષાય તજી સુભ ભાવે, નવપદ આરાધન પ્રભાવે,
પામશે ભવનો પાર, પામ્યા૦ ૯
મનુષ્ય દેવ ભવ નવના અંતે. શીવ વધુ વરશે દંગતી ખંતે;
જ્યાં છે સુખ અપાર. પામ્યા૦ ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ જાણી ભવિ દિલમાં ધારો, સિદ્ધચક્ર સેવી ભવને વારો;
બાલ કહે હિતકાર. પામ્યા સુખ અપાર.
સિદ્ધચક્રની સેવા કરતાં,
પામ્યા સુખ અપાર–પામ્યા સુખ અપાર. ૧૧

## સ્તવન ૯મું (મને સંસાર સેરીવિશારી લોલ એ રાગ)

શ્રી સિદ્ધચક્રને સેવીયેરે લોલ, સેવે તે શીવ સુખ થાય જો.
રોગ શોગના દુઃખ દૂર ટળે રે લોલ,
દુર્ગતિના દુઃખ સવિ જાય જો. શ્રી સિદ્ધ૦ ૧
નવપદથી નવ નિધિ પજે રે લોલ,
કરો તપ આયંબિલ ધરી પ્યાર જો;
અષ્ટ કર્મના ઝગડા જીતવારે લોલ,
સબલ એહ કહ્યો હથિયાર જો, શ્રી સિદ્ધ૦ ૨
સિદ્ધચક્ર સમ મંત્રકો નહી રે લોલ,
કઠીન કર્મ કાટન કુઠુર જો
સિદ્ધચક્રાય નમઃ એ મંત્રથી રે લોલ,
અનંત જીવ પહોચ્યા શીવદ્વાર જો. સિદ્ધ૦ ૩
વિષય કષાય મદ વારીને રે લોલ,
ખટપટ કપટને નિવારજો;
સમતા ભાવે એ તપ કીજીયે રે લોલ,
તો થાય કર્મ તણો સંહાર જો. સિદ્ધ૦ ૪
શ્રીપાલ મયણા મહાસતીરે લોલ,
સુખ સંપતિ પામ્યા અપાર જો;
સિદ્ધચક્રના સુપસાયથી રે લોલ,
ખાંતેબાલ જાશે મોક્ષ મોઝારજો. સિદ્ધ૦ ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સિધ્ધપદ સ્તવન
## ( મારે જાઉં છે પેલે પારઃ એ ગરબાની ઢેસ )

જે શોભે છે જગના શિર, સિદ્ધં નમું ભાવે રે.
જેથી પમાય ભવજલ તીર, સિદ્ધ નમું ભાવે રે ટેક
ભવ મંડળમાં ન દેખીયો પ્રાણી,
વિતરાગનો દેદાર સિધ્ધ૦
જ્ઞાનથી કાળ ગવેષીયો જિનજી,
આપ હુઆ અણુગાર સિદ્ધ૦ ૧
ક્ષપક શ્રેણીથી ગુણઠાણું લહી,
ખપાવ્યા આઠે કર્મ, સિદ્ધ૦
કેવલ જ્ઞાનને કેવલ દર્શન
અવ્યાબાધ જીવ ધર્મ સિદ્ધ૦ ૨
અનંત ચારિત્રને અક્ષય સ્થિતિ.
હુઆ અરૂપી જગતાત્ સિદ્ધ૦
અગુરૂ લઘુ વળી અનંત બળિયા.
ગુણઠાણે અવદાત. સિદ્ધ૦ ૩
સિદ્ધ શિલા પર લોકને અંતે,
મુકતે ગયા ભગવાન્ સિદ્ધ૦
સાદિ અનંત અવગાહના ભાંગે.
જ્યોતિથી બિરાજમાન્ સિદ્ધ૦ ૪
અજર અમરને પૂરણા નંદી,
રમતા છે આતમ રામ સિદ્ધ૦
જ્ઞાન આનંદી રહિત ઉપાદિ,
ગુણગણ મણિના ધામ. સિદ્ધ૦ ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવક લહે જેમ સ્વામિ સેવાથી,
શિવ કમળાનું સદન,
સાલંબન જિન રાજના ધ્યાનથી,
બાલ રહે સુખમાં મગન, સિદ્ધ નમુ ભાવે રે. ૬

હવે ઓળીના નવ દિવસ પૂર્ણ થયા પછી પારણાના દિવસે નીચે લખેલ વિધિ કરીને પછી પારણા કરવા જોઇએ.

વદી એકમને રોજ પચ્ચખાણ બીયાસણાના કરવા. પ્રતિક્રમણ, પરિલેહણ૦ દેવ વંદન કરીને નવપદજીના નવ ખમાસમણા દેવા. સાથિયા નવ ફુલ, નવ પ્રદક્ષીણા, નવ લોગસ્સનો કાઉસગ્ગ અને ૨૦ નોકરવાલી નીચે લખ્યા માફક ગણવી.

શ્રી વિમલેશ્વર ચકકેશરી પૂજિતાય શ્રી સિદ્ધચક્રાય નમઃ

—: ઇતિ સંપૂર્ણ :—

— વિસ સ્થાપનક તપ —

વીસ ઓળીના ઉપવાસ ચારસો વીસ થાય છે

વીસ સ્થાનકના દુહા તથા ગુણ વિગેરે

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિનભાણ ૧
ઓં હ્રીં નમો અરિહંતાણં ગુણ બાર–સાથિયા બાર–ખ૦ બાર-નો ૨૦
ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાશ,
અષ્ટ કર્મમલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ૦ ॥૨॥
ઓં હ્રીં નમો સિદ્ધાણં ગુણ ૮–સા ૮–ખ૦ ૮ નો–૨૦
ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ઠિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિભુવન જીવને સુખ કરી, જય જય પ્રવચન દૃષ્ટિ ॥૩॥
ઓં હ્રીં નમો પવયણું ગુણ ૪૫-સા૦ ૪૫-ખ૦ ૪૫-નો-૨૦
છત્રીસ છત્રીશ ગુણે, યુગ પ્રધાન મુણીંદ,
જિનમત પરમત જાણતા, નમો નમો તેહ સૂરીંદ. ॥૪॥
ગુણ ૩૬-સા. ૩૬-ખ૦ ૩૬ ઓં હ્રીં નમો આયરિયાણું
તજીપર પરિણુતિ રમણુતા, લહેનિજ ભાવ સ્વરૂપ;
સ્થિર કરતા ભવિ લોકને, જય જય થવિર અનુપ ॥૫॥
ઓં હ્રીં નમો થેરાણું ગુણુ, ૧૦-સા. ૧૦-ખ. ૧૦ નો ૨૦
બોધ સુક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વપ્રતીય;
ભણે ભણાવે સૂત્રને જય જય પાઠક ગીત૦ ॥૬॥
ઓં હ્રીં નમો ઉવજ્ઝાયાણું ગુણ. ૨૫-સા. ૨૫-ખ. ૨૫ નો. ૨૦
સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો નમો સાધુ શુભ રંગ૦ ॥૭॥
ઓં હ્રીં નમો સવ્વ સાહૂણું ગુણ ૨૭ સા. ૨૭ ખ. ૨૭ નો. ૨૦
અધ્યાત્મ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમભિતિ;
સત્ય ધર્મ ને જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ૦ ॥૮॥
ઓં હ્રીં નમો નાણુસ ગુણ પાચ-સા. ૫ ખ. ૫ નો. ૨૦
લોકા લોકના ભાવજે, કેવલી ભાષિત જેહ,
સત્ય કરી અવધારતા, નમો નમો દર્શન તેહ ॥૯॥
ઓં હ્રીં નમો દંશણુસ્સ, ગુણ ૬૭-સા. ૬૭ ખ. ૬૭ નો. ૨૦
સૌચ મૂલથી મહાગુણી, સર્વ ધર્મનો સાર
ગુણ અનંતનો કંદ એહ, નમો નમો વિનય આચાર ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓં હ્રીં નમો વિણયસ્સ ગુણ ૧૦–સા. ૧૦ ખ. ૧૦ નો. ૨૦

રત્ન ત્રયીવિણુ સાધુતા, નિષ્ફલ કહી સદૈવ;
ભાવશ્યણનું નિધાન છે, જય સંયમ જીવ. ॥૧૧॥

ઓં હ્રીં નમો ચારિતસ્સ. ગુણ ૧૭–સા. ૧૭ ખ. ૧૭ નો. ૨૦

જિન પ્રતિમા જિન મંદિરાં, કંચનના કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુ ફલ લહે; નમો નમો શિયલ સુદેહ, ॥૧૨॥

ઓં હ્રીં નમો બંભવય ધારિણું ગુણ ૯ સા. ૯ ખ ૯ નો ૨૦

આત્મ બોધ વિણ જે ક્રિયા, તે તો બાલક ચાલ;
તત્ત્વારથથી ધારીએ, નમો નમો ક્રિયા સુવિશાલ. ॥૧૩॥

ઓં હ્રીં નમો કિરિયાણં, ગુણ ૨૫ સા. ૨૫ ખ. ૨૫ નો. ૨૦

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપજાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપગુણ ખાણ ॥૧૪॥

ઓં હ્રીં નમો તવસ્સ. ગુણ ૧૨ સા. ૧૨–ખ. ૧૨. નો. ૨૦

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણ ધાન.
એ સમ શુભ પાત્ર કો નહીં, નમો નમો ગોયમ સ્વામ ॥૧૫॥

ઓં હ્રીં નમો ગોયમસ્સ, ગુણ ૨૮ સા. ૨૮ ખ. ૨૮

દોષ અઢારે ક્ષય ગયા, ઉપના ગુણ જસ અંગ;
વૈયાવચ્ચ કરીએ મુદા, નમો જિનપદ સંગ ॥૧૬॥

ઓં હ્રીં નમો જિણાણં ગુણ ૨૪–સા–૨૪ખ–૨૪ નો ૨૦

શુદ્ધાતમ ગુણમેં રમે. તજી ઈંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમવંશ ॥૧૭॥

ઓં હ્રીં નમો ચારિતસ્સ ગુણ ૫ સા.–૫ ખ. ૫ નો. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન વૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂલ;
અજર અમર પદ ફલ લહો; જિનવર પદવી ફુલ ॥૧૮॥
ઓં હ્રીં નમોં નાણુસ્સ ગુણુ ૫૧-સા. ૫૧ ખ. ૫૧ નો. ૨૦
વકતાશ્રોતા યોગ્યથી, શ્રુત અનુભવ રસપીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન. ॥૧૯॥
ઓ હ્રીં નમો સુઅસ્સ ગુણુ ૧૦૦ સા. ૧૦૦ ખ ૧૦૦ નો. ૨૦
તીરણુ ધામ પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં. જય જય તીર્થ જહાજ ॥૨૦॥
ઓં હ્રીં નમો તિત્થસ્સ ગુણુ ૨૫ સા. ૨૫ ખ. ૨૫ નો. ૨૦

## —વિશ સ્થાનક તપની વિધિ—

એક ઓળીના વીસ ઉપવાસ કરવાના હોય છે તે છ માસની અંદર કરી લેવા જોઇએ. એ રીતે દશ વરસમાં વીશ ઓળી સંપૂર્ણ થવી જોઇએ.

વીસમી ઓળી છઠ્ઠ તપથી કરવી. શકિત ન હોય તો ઉપવાસ ચાલીસ કરી લેવા. ઉપવાસને રોજ બે ટંક પ્રતિક્રમણ અને ત્રણ વખત દેવ વંદન કરવા. ઉપવાસને રોજ ધોવા, રોવા, કૂટવા, પીટવા, ખાંડવું અને પીસવું કાંઇ કરવું નહિ અને જયારે માસિક ધર્મમાં હોય ત્યારે વીસ સ્થાનકનું તપ કરવું નહિ. કારણ કે ઉપવાસ ગણુતરીમાં આવતા નથી એ ખ્યાલમાં રાખવું અને વીસ સ્થાનકના ચૈત્યવંદન સ્તવન અને થોઇ જિન મંદિરમાં પ્રતિક્રમણમાં અને દેવ વંદનમાં બોલી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વીશ સ્થાનક પદનું ચૈત્ય વંદન

વિશ સ્થાનક આરાધતો, તીર્થંકર પદ પામે;
દુષ્ટ કર્મ હેલા હણી, ચઉ ગતિ દુઃખ પામે. ૧
અરિહંતાદિ પદ વિશને, ત્રીજે ભવ આરાધિ;:
તીર્થંકર પદ પામીને, વીરે શિવપુરી સાધિ, ૨
ભૂતકાલે ભવતર્યા, ભવિષ્યે તરસે જેહ:
વર્તમાન કાલે વિચરતા, તીર્થંકર પદ લેહ, ૩
એક અથવા પદ વીશને, શુભ ભાવે આરાધે.
શ્રેણિક રાજાની પરે, શીવરમણી સાધે. ૪
આરંભ પરિગ્રહ પરિ હરી, ક્ષાંતિ શાંતિ ધારી,
બાલ કહે આરાધજો, વીશ પદ નરનારી૦ ૫

## ।। વીશ સ્થાનક પદનું સ્તવન ।।

સખી–વીશ સ્થાનક પદ જેહ, છે ભવ ભય તારણ એહ;
આ છે લાલ શીવસુખ સાધન એ ભલોજી. [એ આંકણી]
પ્રથમ અરિહંત દેવ, બીજે સિદ્ધ પદ સેવ;
આ છે લાલ ત્રીજે પ્રવચન જાણીએ જી.
ચોથે આચાર્ય પદ તેહ, પાંચમેં થેરાણં ગુણગેહ;
આ છે લાલ છઠ્ઠું પાઠક વખાણીએ જી. ૧
સાતમે સવ્વ સાહૂણં લેહ, આઠમે જ્ઞાન પદજ્ઞેય,
આ છે લાલ નવમે દર્શન પદે સીઝીએ જી.
દશમે વિનય પદ સેવ, અગિયારમે ચારિત્રપદ લેવ,
આ છે લાલ બારમે :બ્રહ્મવ્રત લીજીએ જી ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેરમે કીરીયા ઠાણુ, ચૌદમે તપ ગુણ જાણુ;
આ છે લાલ પંદરમે ગોયમ ગુણની લો જી.
સોળમે જીણાણું નામ, ચારિતસ્સ સત્તરમે વખાણુ.
આ છે લાલ અઢારમે નાણસ્સને ગણોજી. ૩
ઓગણીસમો ગુણ એહ, સુયસ્સ પદ નમો તેહ;
આ છે લાલ વીશમે તિત્થસ્સ લીજીએ જી.
વીશ સ્થાનક પદ એમ, તપ કરી આરાધોનેમ,
આ છે લાલ વીશ ઓળી એમ કીજીએ જી ૪
દેવ વંદન ત્રણ કાલ, પ્રતિક્રમણ દોયવાર,
આ છે લાલ નિંદ વિકથા પરિ હરો જી
ગણણું દોય હજાર, ગણી ઉતરો ભવપાર,
આ છે લાલ કારજ સગલાં એમ સરેજી. ૫
ઉપવાસ ચારસો વીશ, સર્વ મળી કહે જગદીસ,
આ છે લાલ ખાંતિ શાંતિ ધરી કીજીએ જી;
શ્રી પાર્શ્વચંદ્ર સુરીરાય વડ નાગોરીગચ્છે સોહાય,
આ છે લાલ બાલ મુનિ પ્રણમીજી એ જી. ૬

॥ થોઇ ॥

એક દિન ગોયમ ગણધર આવ્યા, રાજગ્રેહ નગરી મોજારોજી ૧
શ્રેણિક વંદે દેઇ પ્રદક્ષિણા, છાંડી પ્રમાવ ગોજારો જી. ૧
વીશ સ્થાનક તપ ભવિ આરાધો, જેમ પામો ભવપારો જી;
જનમ જરા ભવ ભય નિવારી, પામો શીવસુખ સારો જી ૨
ભાવિ નરનારી સમકીત ધારી, પામ્યા મોક્ષ અપારો જી વિશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનનનો મહિમા મોટો, કોણ લહે રસ પારો જી. ૩ ગોયમ કહે સુણો શ્રેણિક રાજા, અરિહંત પદને આરાધીજી, આવતી ચોવિશમાં થાશો તીર્થંકર, સુણી શ્રેણિકે મન લીધો સાધીજી, ૪ એમ ભવિ નરનારી શિવ સુખકારી, વીશ સ્થાનક ગુણધારીજી; બાલમુનિ કહે જગ હિતકારી, ચોવીશ જિન્ની બલીહારી જી૫

## ॥ વીશ સ્થાનકની સઝાય ॥

—વીર સુણો મોરી વિનતિ એ દેશી—

વીશ સ્થાનક તપ સેવિએ, ભવ્ય પ્રાણી રે આણી મનભાવ;
શ્રી અરિહંત એમ ઉપદેશે, એ તપનારે મોટા પ્રભાવ
વીશ૦ ॥ ૧ ॥

નમો અરિહંતાણં ગુણો, પદ પહિલેરે મન હરખ અપાર;
દ્રવ્યત ભાવત ભેદશું, જિન પુજા રે કરે આઠ પ્રકાર.
વીશ૦ ॥ ૨ ॥

નમો સિદ્ધાણં એહવો, શુદ્ધ ચિત્તે રે ગુણો બીજે ઠાણ,
આરાધો સિદ્ધચકનું, જિમ થાએ રે નિજ જનમ પ્રમાણ.
વીશ૦ ॥ ૩ ॥

નમો ગુણ, ત્રીજે ઠાણે રે, કરો નાણ અભ્યાસ;
ભકિત કરો **શ્રી સિદ્ધાંતની**, જેમ પામોરે તુમે લીલવિલાસ
વીશ૦ ॥ ૪ ॥

આયરિયાણં નમો ગુણ, ચોથે બોલે રે પૂજે ગુરૂજીના પાય;
નમો થેરાણં પાંચમે, ગુણ સેવોરે ધરમી મુનિરાય.
વીશ૦ ॥ ૫ ॥

પંડિત ગુરૂને પૂજિએ. છઠે ગણિયેર નમો ઉવઝાય;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમોસવ્વ સાહૂણં સાતમેં, વળી સેવો રે તપસી સુખદાય
વીશ૦ ॥ ૬ ॥

નમો નાણસ્સ આઠમે, ગણિયે ભણિયેરે નવા સ્તવન સજઝાય;
નમો દંશણ ધારી ગુણ, પાલે નવમેરે સમકિત સુખદાય.
વીશ૦ ॥ ૭ ॥

વિનયસંપન્ન નમો ઇસો, પદ દશમેરે ગણિએ શુભ ધ્યાન,
વિનય કરો ગુણવંતનો, ઇણ રીતે હો લઇએ શિવસ્થાન.
વિશ૦ ।. ૮ ॥

અગિયારમેં સ્થાને કરો, પડિકમણાં રે બે સાંઝ સવાર;
ચારિત્તસ્સ નમો ઇસો, પદ ધ્યાવોરે શિવ સુખ દાતાર.
વીશ૦ ॥ ૯ ॥

ગુણ બંભયારીણં નમો. આઠ પોહોરો રે કરો પોષહ લીલ;
બારમે ઠાણે પાવિયે, શુભ ભાવે રે નિર્મલ ગુણશીલ.
વીશ૦ ॥ ૧૦ ॥

નમો ક્રિયા ધારી ભણી, મનધરીયેરે નિત તેરમેં ઠાણ;
સામયિક પણ લીજિયે, દોષ ટાલોરે બત્તિશ પ્રમાણ,
વીશ૦ ॥ ૧૧ ॥

તપ અધિકો કરો ચૌદમે, નમો તપસી ગણીયે મનરંગ,
તપસી સેવા કીજિયે, વળી રહીયે રે તપસીને સંગ.
વીશ૦ ॥ ૧૨ ॥

( ઢાલ બીજી-દેશી થંભણપુરની )

અતિથિંદાન બહુ ભાવે દીઝે, નમો ગોયમાઇણં ગુણીજે,
પનરમી કિરિયાએહ, પ્રતિમાને ભૂષણ પહિરાવો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમો જિણાણં એ પદ ધ્યાવો, સોલમે ધરી સ્નેહ ॥૧॥
આઠ પહોરી પોસહ વિધિ કરીએ, ધ્યાન નમો ચારિત્તસ્સ ધરિયે
એ વિધિસતરમ ઠાણુ, નમો નાણ ઉછરંગે ભણીયે,
નમો નાણુ એ ગુણણું ગુણિયે, અઢારમેં પરિમાણુ ॥૨॥
નમો સુઅસ્સ ગુણો મનચંગે, પુસ્તક પુજા કરો બહુ ભંગે,
એ ઓગણીસમેં રીત, નમો તિત્થ એ ધ્યાન ધરાવો;
સંઘ ચતુર્વિધ ભક્તિ કરાવો; વિંશમે શાસ્ત્ર વિદીત ॥૩॥

## ( ઢાલ ત્રીજી )

હોય હોય સ્ત્ર પ્રત્યે કે કરે રે, ગુણિયે ગુણમો સુવિશેષે;
ચારસો ઉપવાસ પૂરી જે રે, સમકિત ગુણ શુદ્ધ ધરી જે ॥૧॥
એ વિશ સ્થાનક વિધિ જાણી રે, સેવો મન ઉલટ આણી,
વિધિ શું જોએ તપ વહીયે રે, તો તિર્થંકર પદલહિયે ॥૨॥
ભાવે સ્તવ ચારીત્ર ધારી રે, દ્રવ્ય ભાવે વિધિ સાગારી,
સેવે જે નરને નારી રે, છ મોક્ષ તણા અધિકારી. ॥૩॥

## ( કલશ )

ઈમ વીશ સ્થાનક તપ તણી વિધિ શાસ્ત્રને અનુસાર એ;
જે વહે નરને નારી વિધિ શું ધન્ય તસુ અવતાર એ;
શ્રી રત્નપુરવર સંઘ સુખકર જગતનાથ જિણેસરો;
તસુ ચરણુ પંકજ નમે ભાવે વખત ચંદ્ર મુનિવરો ॥૧॥

## બીજનું ચૈત્યવંદન

પરમાતમ પરમેશ્વરૂ, પ્રણમી જે ભાવે;
રાગ દ્વેષને ટાળવા, બીજ દીને ધ્યાવે. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિન પ્રતિમા જિન સરીખી, ભાંખી સૂત્ર મઝાર;
ધ્યેય સ્વરૂપે ધ્યાવતા, ભવના ભય હરનાર. ૨
ચોથા અભિનંદન પ્રભુ, જનમ્યા જગભાણુ;
ચવિયા બીજે સુમતિજિન, શીતલ પ્રભુ શિવઠાણ ૩
કેવલ જ્ઞાનને પામીયા, વાસુ પૂજ્ય ભગવાન;
બીજ દિને અરજિન ચવ્યા, વંદો એ વર્તમાન ૪
શ્રી જિનવરને ભાવથી, વંદુ સદા ત્રિહુંકાળ;
સહજ રાજેશ્વર મુજ હરો, ભવસાગર જંજાળ ૫

## શ્રી પંચમીનું ચૈત્યવંદન

જય જય શ્રી જિનરાજ આજ, મુજ વંછિત ફળિયા;
પરવ પંચમી પામીને, ઇષ્ટ પરમેશ્વર મળિયા. ૧
કાર્તિક વદની પાંચમે, જનમ્યા સુવિધિ જિણંદ;
ચવ્યા ફાગણ વદ પાંચમે, આઠમા ચંદ્ર મુણીંદ. ૨
અજિત સંભવને અનંતનાથ, મોક્ષ ગયા ચૈત્ર સુદી;
કુંથુનાથ દીક્ષાગ્રહી પાંચમ ચૈત્ર વદી. ૩
ધર્મનાથ મોક્ષે ગયા, જેઠ સુદી મનોહાર;
શ્રાવણ સુદની પાંચમે, જન્મ્યા નેમકુમાર. ૪
સંભવનાથ કેવલ લહયા, આસો વદ પાંચમે,
કલ્યાણકને સેવતાં, જિનવર ધ્યાને રમે. ૪
જિનવર ધ્યાનથી પામીએ, સહજ રાજેશ્વરદેવ
પાર્શ્વચંદ્ર સુરીંદ્રગુરૂ તરભવ સાગરદેવ. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આઠમનું ચૈત્યવંદન

ધન્ય ધન્ય દિન આજનો, પ્રભુ દર્શન પાયા;
નમતા શ્રી જિનવરને, દુરિત દૂર ગમાયા. ૧.
અષ્ટમી દિન શ્રી ૠષભદેવ, જન્મ દીક્ષા કલ્યાણ;
અજિત જન્મ સંભવ ચવ્યા, અભિનંદન નિર્વાણ ૨
સુમતિ મુનિ સુવ્રત નમિ, જનમ્યા જગદાધાર;
સુ પાર્શ્વદેવ સુરભવ થકી, ચવિયા ભવિ સુખકાર ૩
નેમનાથને પાર્શ્વજિન, અષ્ટમી દિન સિદ્ધા;
અષ્ટ કર્મનો ક્ષય કરી, શાશ્વત સુખ લીધા. ૪
દશ જિનવરના જાણિએ, કલ્યાણક અગિયાર;
ભાવ ધરીને સેવતાં, ભવસાગર હરનાર. ૫

## અગિયારસનું ચૈત્યવંદન

માગશર સુદ એકાદશી, આરાધો ભાવિ આજ;
મલ્લીનાથ જનમીયા દીક્ષા કેવળ સાજ. ૧
ત્રણ કલ્યાણક એ દિને, મલ્લીનાથના થાય,
દોઢસો કલ્યાણ એ તિથે, સર્વ મળી ગણાય. ૨
એ માટે ઉત્તમ એ તિથી, કહે શ્રી નેમજિનરાય;
સુવ્રત શેઠ આરાધીને, મોક્ષપુરીમાં જાય ૩
આરંભ પરિગ્રહ પરિહરિ, ચૌવિહાર ઉપવાસ;
પૌષધ વ્રતને આદરી, મૌન રહેવું ખાસ. ૪
માસ અગિયાર જગન્યથી, મધ્યમ વરસ અગિયાર;
જાવ જીવ ઉત્કૃષ્ટ કહ્યો, આરાધન અધિકાર. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વચંદ્ર સૂરીશ્વરા, વળી ભ્રાતૃગુરુ જેહ;
એકાદશી આરાધતાં, પામે શિવ વધુ તેહ ૬

## શ્રી વીર નિર્વાણ કલ્યાણક દીવાળીનું ચૈત્યવંદન

કલ્યાણક દિન આજનો, વર્ધમાન જિનરાય;
મોક્ષપુરીમાં સંચર્યાં, સર્વ કર્મ ખપાય ૧
આસો વદની અમાવસે, પર્યંકાસનઠાય,
શોલ પહોર પ્રભુ દેશન, આપી અતિ સુખદાય. ૨
અઢાર દેશના રાજવી, મલિયા દેવ અનેક,
વીર જિનેશ્વર ધ્યાવત, સમકિતની ધરી ટેક. ૩
વેદની આયુ નામ ગોત્ર, ભવોગ્રાહી કર્મ;
સર્વ ખપાવી પામીયા, અનંત શિવસુખ સર્મ. ૪
ભાવ તીર્થંકર વિરહથી, દ્રવ્ય દીવાળી કીધ;
પૌષધોપવસ ઠાવીને, ભકતોએ લ્હાવો લીધ. ૫
વંદો પ્રણમો પ્રેમથી, સહજ રાજેશ્વર દેવ,
ભવસાગરમાં જાજ સમ, ભવોભવ વીરપાય સેવ. ૬

## બીજની સ્તુતિ–માલિની છંદ–

ત્રિભુવન જનનૂતો, ભુત વર્ગોપકારી, સમિહિત હિતદાતા,
મોક્ષ માર્ગાધિકારી; મદન ગજ મદાનાં, દા. ણે યો મૃગેન્દ્ર;
સપાદ સચ પુનાતુ, સ્વામિ સીમંધરોમાં. ૧
પ્રમુદિત જન રાજી, રાજ તેયો વિદેહે; કનક રચિત રાજત્,
પ્રાજ્ય પાકાર મધ્યે; ઉપદિશતિચ લોકા, લોક રૂપંહિ લોકે,
સચ વર મતિદાતા, પાતુ સીનંધરો નઃ ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ વિમલ મતીનાં, યો કષાયારિવારં, કલલ પન કલાભિ,
દૂંર દૂરી કરોતિ; નય નિનય પદાના, દાન દાતા પવર્ગં,
નિજ શરણુ ગતાનાં નૌમિ સીમંધરંતં. ૩

ભવ જલ નિધિ ગર્તે, કર્મ પંકાવ લોહં, કથમપિ બહિરાગં,
તુન શકનોમિ નૂનં; સપદિતવ પદનાં, દેહિહ્ય લંબનંમે,
તદિહ મહિત દેવૈઃ, પાશ્ર્વચંદ્રસ્ય દેવ. ૪

## જ્ઞાન પંચમીની થોય

### (અભિનંદન જિનવંદન કીજે-એ રાગ)

શાસન નાયક વીર જિણંદા, સિધારથ કુલ અસીનવ ચંદા,
ત્રિશલા રાણીનંદા; પર્ષદામાંહે ભાખે મુણીંદા,
પર્વ પંચમી જે સુખ કંદા, સાંભળો ભવિ જન વૃંદા;
પુષ્પ માંહે જેમ સોહે મકરંદા, સ્વર્ગ માંહે જેમ સુરવર ઇંદા;
તેમ એ પર્વ આનંદા; દૂર તજી સંસારના ફંદા.
પંચ જ્ઞાનને પૂજો અમંદા, જેમ ટળે દુઃખ દંદા ૧

કાતિર્ક સુદ પંચમી દિન આવે, જળ રહિત ઉપવાસ ભાવે,
કરીને કર્મ ખપાવેઃ શ્રુત જ્ઞાન આરાધો ભાવે,
જેથી બુદ્ધિ નિર્મળ થાવે, દુરમતિ દુર્ગતિ જાવે;
પંચ જ્ઞાનના કાઉસગ્ગ સોહાવે, કરતાં પ્રભુતાં પૂરણ પાવે,
સંસારમાં ફરી નાવે; પંચમી તપનો મહિમા ગાવે,
જ્ઞાન ભકિત બહુમાન કરાવે, વેગે શિવ સુખ પાવે ૨

ઓં નમો નાણુસ્સ ગુણણુ ગણીજે, પુર્વ કે ઉતર સામા રહિજે
મનને સ્થિર કરી જે; ત્રણ કાલે દેવ વાંદી જે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિક્રમણુ હોયવેળા કીજે, વિષય કષાય હણીજે;
પંચ પ્રમાદને દૂર કરીજે; પ્રણીપાત પંચ જ્ઞાનના દીજે,
જિનવરને પૂજી જે, એણીપરે પંચમી આરાધી જે,
જેહથી પંચમી ગતિ લીજે, આતમ કારજ સીઝે. ૩
શ્રાવણ સુદી પંચમી મનોહાર, તે દિન જન્મયા નેમકુમાર,
સર્વ જીવ સુખકાર; બીજા પણ કલ્યાણ સાર,
જન્મ દીક્ષા ચ્યવન મોક્ષ દ્વાર પામ્યા જિન અપાર;
નાગોરી તપ ગચ્છના શણગાર, શ્રી પાર્શ્વચંદ્ર સૂરિગુણના,
ભંડાર, વંદુ વારંવાર; ભ્રાતૃ સૂરિના પુનમ અણગાર,
તસ શિષ્ય બાલચંદ્ર સુવિચાર, ભાખ્યો એ અધીકાન ૪

## આઠમી થોય-(વામાનંદન વંદન કીજે-એ રાગ)

રાજગ્રહી નગરીમાં વીર જિન, વિચરંતા તિહાં આવ્યાજી;
દેવે કરી ત્રિગડાની રચના, બેઠા વીરજિન રાયાજી;
શોભા આઠ પ્રાતિહાર્યની રૂડી; કંચન વરણી કાયાજી;
વાંદવા આવે શ્રેણીક રાજા; સહુજન મનને ભાયાજી. ૧
મધુર કંઠે પ્રભુ વાણી પ્રકાશે, સાંભળે સુરનર વૃન્દાજી;
આઠ કરમથી આત્મા ઘેરાયો, જેમ રાહુમાં ચંદાજી;
વિષય કષાયને છોડો ભવિયા, એ છે દુ:ખના દંદાજી;
અષ્ટમી દિનનો મહિમા ભાખો, કહે ગૌતમ મુણીંદાજી. ૨
વીર કહે અષ્ઠમી દિવસે, જન્મ દીક્ષા રૂષભનાજી;
અજિત સુમતિ મુનિ સુવ્રતને, નમિ જન્મ્યા આઠમનાજી;
સંભવ સુપાર્શ્વ ચ્યવન કલ્યાણક, પાર્શ્વનેમિ મોક્ષ ગમનાજી;
અષ્ઠમી દિન સેવો હીતકારી, સુખ મળે આતમનાજી. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૌષધ સહિત ઉપવાસ કરીને, ધ્યાન ધરમનું ધરીએજી;
આઠમનું આરાધન કરતાં, સિદ્ધિ આઠને વરીએજી;
જિન શાસનમાં પાર્શ્વચંદ્ર સુરિ, તસ આણા અનુસરીએજી;
ભ્રાતૃ પુનમનો બાલ કહે જેમ, આઠ કર્મ સંહરીએજી, ૪

## અગિયારસની સ્તુતી (માલીની છંદ)

નમ જિન પતિ મલ્લિ, ધ્વસ્ત મોહોગ્રમલ્લ;
કલલપન કલાભિઃ કલ્પિત. નલ્પ સૌખ્ય;
ભવિક જન કુલેભ્યો, લભ્યમભ્યસ્ત યોગૈ,
સ્તવમિહ ભવિક યોગ્યં, યોગિભિર્ગીયમાનં, ૧
વિકસિત સુખ પદ્મો, મલ્લિનાથો જિનેન્દ્રો,
વિમલ મતિ મથોનો, મન્મથોન્માથ દક્ષ;
અગણિત ગુણમાલા, મંડલિ મંડિતોયં,
વિમલ સરલ વાણી, દાન દાતા દાતુ. ૨
કલિમલ કલિતોથો, નાથ નાથા મ પાંથો,
જિત મદન મહં, સંસાર કાંતાર તોયં;
પ્રજનિત જનમાલા વૈભવ વભવંત,
કૃત ભવિક ભવાંન, મલ્લિ તીર્થંકરેંદ્રં,
ગહન ગહન તુલ્યા, સાર સંસાર પાર;
કથમપિ તવ પાદા, લંબનસ્યંદનોદ્ય;
અધિગત ઇહ ગંતુ. મલ્લિનાથ પ્રભો ભો,
શિવ કરમય કાયં, પાર્શ્વચંદ્રેણ રમ્ય; ૪

## શ્રી નવપદજીનું ચૈત્યવંદન

શિવ સંપદા વરવા સદા નવ પદ ધરૂં હું ધ્યાનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ વાસનાનો વેગ ટાળે રાચત ગુણ ગાનમાં;
શ્રીપાલ મયણા સુંદરી સાધી ઘણા સુખીયા થયાં,
નવ પદ ભજો સહુ ભાવથી એમાં અખિલ માત્રો રહ્યા. ૧
અરિહંત પદને પ્રથમ સુણતાં વિઘ્ન સહુ દૂરે ટળે;
વળી સિદ્ધ આચારજ અને ઉવઝાયથી શાંતિ મળે;
પંચમ મનોહર સાધુ પદને સેવતાં શિવપુર ગયા,
નવ પદ ભજો સહુ ભાવથી એમાં અખિલ મંત્રો રહ્યા; ૨
દર્શન અને શુભ જ્ઞાનને વળી ચારિત્ર પદની યોજના.
એ ત્રિતયની આરાધના પૂરે સદા સહુ કામના;
કહે દીપ તપ પદ ચળકતું બાર જસ ભેદો કહ્યા;
નવ પદ ભજો સહુ ભાવથી એમાં અખિલ મંત્રો રહ્યા. ૩

## નવપદજીની સ્તુતિ

અરિહંત પદ ધ્યાવો એજ મનમાંહિ લાવો,
સકલ દુઃખ મિટાવો મોક્ષ માર્ગે સિધાવે;
સિદ્ધપદ ગુણ ગાવો સિદ્ધમા ચિત્ત લાવો,
કરમ સવિ ગુમાવો સિદ્ધ જેવાજ થાવો. ૧
સુરિપદ પ્રણમિજે ચિત્તમાં એજ લીજે,
નરભવ સફલ કીજેં ધર્મ ધ્યાને રહી જે;
વાચક પદ નમીજેં કર્મ ચકચૂર કીજેં
શિવ વધુ કરલીજેં માન માયા તજી જેં
મુનિપદ મન ધારો સર્વ કર્મો વિદારો,
કરિ સફલ જન્મારો મોક્ષ માર્ગે પધારો;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શન પદ સ્વિકારો દૂર મિથ્યાત્વ કારો;
નિજ જનમ સુધારો કુગતિને નિવારો. ૩
નિજ મન થિર લીજે જ્ઞાનમાં મોહ કીજે;
ચરણ પદ લહીજે મોહ માયા તજી જે;
તપ પદ પ્રણમીજે મુકિત રામા લહીજે;
કુશલચંદ્ર નમીજે દીપચંદ્ર સ્તવીજે. ૪

## નવપદ સ્તુતિ

નવપદ નિત સેવુ પ્રગટે મંગલ માલ,
આરાધી પામ્યો સુખ સંપદ શ્રીપાલ,
ભવબંધન તુટે, મનવંછિત સુખ થાય,
નવપદ મહિમાથી સંકટ દુર પલાય ૧
અરિહંત પ્રથમ પદ, તીર્થંકર સુખકાર,
શ્રી સિદ્ધ નમીજે, આઠ ગુણે મનોહાર,
આચારજ ધ્યાવો, ગુણ છત્રીસ સુહાય,
પચવીસ ગુણ રાજીત, નમીયે શ્રી ઉપજાય ૨
સાધુ ગુણ સત્યાવીશ. થકી સોહંત,
દશનને જ્ઞાને ચરણ અતિ ઉલસંત,
તપ બારે ભેદે, કરે કર્મની હાણ,
તપ આતમ પામે, અક્ષય પદ નિર્વાણ ૩
એ નવપદ ધ્યાને પ્રગટે પરમ નિધાન,
દુર્ગતિના દુઃખો, લે ધરોનિત ધ્યાન,
મંગલપદ દાયક, કુશલચંદ્ર ગુરૂરાય,
દીપ ભકિત વધારી દેવ નમે તસ પાય ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ પંચ પ્રભુની સ્તુતિ ॥

વંદે જિણંદ ગય રાગ દોસં, ઇખ્ખાકુ વંસે વર ભાણુ કપ્પં;
સુરા સુરેહિં કય પાય સેવં, દેવાહિદેવં પઢમં મુણિંદં ૧
સંસાર પાથો નિહિપાર પત્તં, કસાય સંઘાય રજો વિમુત્તં;
સંતિકરં સંતિ જિણંદચંદં, નમામિ મુત્તિસુહ વલ્લિ કંદં. ૨
નેમિ જિણંદં યદુવંસ નંદ, રાઈ મઇ ચખ્ખુ ચકોર ચંદં;
સુરાલિ સંસેવિય પાય વંદં, ભત્તીઇ વંદે પરમં મુણિંદં, ૩
પાસં જિણંદં થુઅ પાસચંદં; સૂરીસરં વંદિય દેવ વંદં;
ણમામિવીરં મહીમેરૂધીરં, ભાવારિ દાહો વસમે સૂનીરં ૪

## ॥ શ્રી વિશ વિહરમાન જિન સ્તુતિ ॥

સીમંધર પ્રભુ વળી યુગ મંધરે શા,
બાહુ સુબાહુ સૂજાત નમું જિનેશા;
શ્રીં શ્રી સ્વયં પ્રભુ મને સુખ શાંતિ આપો,
મારાંજ સર્વ રૂષભાનન કષ્ટ કાપો. ૧

ભાવે નમો ભવિક લોક અનંત વીર્ય,
સૂર પ્રભ પ્રભુ નમો વળી ધારી ધૈર્ય;
મુક્ત્યંગના સુખ વિશાલ વિશાલ આપો,
કર્મોજ વજ્ર સમ વજ્ર ધરેશ કાપે. ૨

ચંદ્રાનનાનન સુચંદ્ર સમાન ભાળું
જોડી કરૂં વિનંતિ બાહુ સુચંદ્ર બાહુ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારાં ભુજંગ સમ કર્મ ભુજંગ ટાળો,
સામુંજ મારિ તુમ ઇશ્વર આજ ભાળો 3
આજે નમું નમિ જિનેશ સુવીરસેનં,
મહા ભદ્ર ભદ્ર મુજ આપ કૃપા કરીતું;
પૂજે સુદેવ જસ દેવજસા નમુ તે,
સેવા કરી અજિત વીર્યનિ દીપચંદ્રે. ૪

## ॥ શ્રીમંદર સ્વામી ચૈત્યવંદન ॥

શ્રી સીમંદર ગુણમણિ, ભવ ભંજન જિનભાણ;
શ્રી શ્રેયાંસ નૃપ નંદનો, માતા સત્યકી જાણ. ૧
પાંચશેં ધનુષની દેહડી, શોભે સોવન વાન,
ચોરાસી લખ પૂર્વ તણુ, સર્વ આયુ પ્રમાણ. ૨
કુંથુ અરના મધ્યમાં, જનમ્યા ત્રિજગ ભાણ,
મુનિસુવ્રત નમી આંતરે, દીક્ષા લે સુજાણ. ૩
ઘાતી કર્મનો ઘાત કરી, પામ્યા કેવલ નાણ,
ઉદય પેઢાલને આંતરે લેશે પદ નિરવાણ. ૪
સો ક્રોડ સાધુ છે ભલા, સાધ્વી સો ક્રોડ હોય,
દશ લાખ કેવળી સાથમાં, વિચરે સીમંદર સોય. ૫
શરણ ગ્રહયું મે તાહારૂં, તાર તાર પ્રભુ તાર,
જગતચદ્ર કુલચંદ્રમાં. ક્ષાંતિ શાંતિ દાતાર. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ શ્રીસીમંદર સ્વામીનું સ્તવન ॥

આટલો સંદેશો ચંદા જિનજીને કહેજો, તેનો પ્રત્યુત્તર
અમને દેજો, સંદેશો ચંદા જિનજીને કેજો (એ ટેક)
શ્રી સીમંદર સ્વામી દૂરે વસો છો, વંદના સ્વીકારી મારૂં લેજો,
સંદેશો ચંદા૦ ૧
ચંચલ મન મરકટ માને ન મારૂં, આપ ધ્યાનમાં સ્થિર કરજો.
સંદેશો૦ ૨
તરણુ તારણુ પ્રભુ મુજને તારો, તારક બિરૂદને ધરજો.
સંદેશો૦ ૩
સંસાર સાગરમાં રડવડતો દેખી, સહજ રાજેશ્વર ઉદ્ધરી લેજો
સંદેશો૦ ૪
શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સ્વામી સેવકને, કલ્યાણ મંગલકારી થાજો.
સંદેશો૦ ૫

## જ્ઞાન પંચમી તપની વિધિ

કાર્તિક સુદ પાંચમને રોજ પંચમી તપ લેવું અને દર સુદ પાંચમનો ઉપવાસ કરવો, સાડા પાંચ વર્ષ સુધી આ તપ કરવું, તપના દિવસે બે વાર પ્રતિક્રમણ, ત્રણ ટંક દેવ વંદન કરવુ; કાર્તિક સુદ પંચમીના રોજ નવપદ આરાધનના સાતમા દિવસની વિધિમાં જે જ્ઞાનપદના ૫૧ ખમાસમણા લખ્યા છે તે મુજબ ૫૧ ખમાસમણા દેવા અને ૫૧ સાથિયા, એકાવન લોગસ્સનો કાઉસગ્ગ કરવો, ફલ ૫૧ ઢોકવા અને જ્ઞાનપદ-ઓં હ્રીં નમો નાણસ્સ પદની નોકરવાલી ૨૦ ગણવી. કાર્તિક સુદ પાંચમના સિવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર પાંચમનાં ઉપવાસને દિવસે પાંચ લોગસ્સનો કાઉસગ્ગ, પાંચ સાથિયા. વીસ નોકરવાલી અને પાંચ ખમાસમણા દેવા.

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો જ્ઞાનકી રીતિ. ૧

આ દુંહો બોલીને ખમાસમણા દેવા અને દેવ વંદનમાં જ્ઞાન પદનું ચૈત્યવંદન અથવા પંચમીના–જ્ઞાન પદનું–સ્તવન બોલવું (બપોરના દેવવંદના સમયે)

## —જ્ઞાન પંચમીનું ચૈત્યવંદન—

અરિહંત પદ જેના થકી આ જગતમાં ચળકિત થયું,
જેના અનંત પ્રકાશથી અંતર તિમિર દૂરે ગયું;
ગુણ ગાનનું બહુમાન કરવા ભવ્ય ભાવ દિલ ધરો,
એ વિશદ સમ્યક્ જ્ઞાનની અંતર થકી ભકિત કરો. ૧
તે પંચ ભેદો જ્ઞાનના સિદ્ધાંતમાં પ્રખ્યાત છે,
મતિજ્ઞાનને શ્રુત અવધિ મનઃ પર્યાયથી એ ખ્યાત છે;
પંચમ ગુણ કેવલ સમસ્ત વિમોહ તો જેથી પરો,
એ વિશાદ સમ્યક્ જ્ઞાનની અંતર થકી ભકિત કરો. ૨
જ્ઞાની થયા ગુણ જ્ઞાનનાં ગાતાં જગતમાં દીપતા,
એના પ્રકાશ સમક્ષ કોઈ પદાર્થ ક્યાંય ન છીપતા;
કહે દીપ સહુ એ શાશ્વતું ધ્યાવી સદા ભવથી તરો,
એ વિશાદ સમ્યક્ જ્ઞાનની અંતર થકી ભકિત કરો.

ચૈત્ય વંદન કરી 'એવા દેવાધિદેવની ગુણ સ્તુતિ ભાણું કહીને થુઈ બોલવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી જ્ઞાનની સ્તુતિ (થુઇ)

( વંદો જિન શાંતિ એ રાગ )

નવિ જગ સમ નાણી, ગુણની કોય ખાણી,
ભવિજન મન આણી, જ્ઞાન ગુણો વખાણી;
શિવ સુખ લીયો તાણી, જ્ઞાનીનું જ્ઞાન જાણી,
તુરત મુગતિ રાણી, મેલવે આપ પ્રાણી. ૧

સવિ સુખ તરૂ કંદો; ટાલશે મોહ ફંદો,
દલન તિમિર દંદો, જેહ છે પૂર્ણ ચંદો;
મુનિજન સવિ નંદો, મેળવી જ્ઞાન વૃંદો,
ભવિજન તુમ વંદો, જ્ઞાનને કો ન નિંદે ૨

જગત સવિ પ્રકાશે, જેહથી મોહ નાશે,
દુરગતિ દુઃખ જાશે, કર્મ સંહાર થાશે;
નિજ મન પ્રવિકાશે, જ્ઞાનને જેહ ગાશે,
સવિ સુખ જન પાસે, મોક્ષ રામા વિલાશે. ૩

જગત જન નદીના જેહ છે જ્ઞાન ભીના,
જનમ જનમ ખિન્વા, જેહ છે જ્ઞાન હીના;
કુશલચંદ્ર મુનિના, જ્ઞાન ગૂણજે લીના,
વિરચિ થુઇ કવિના, દિપચંદ્ર પ્રવિણા. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાન પંચમીનું સ્તવન

શ્રી વીર જિણેસર ઉપદેશે, સુણો પરખદા હો,
સવિમનને રંગ કે, ગણધર મુનિવર નરવરા સુર નાયક હો,
ભલે ભાવે અભંગ કે, ભવિકા જ્ઞાન અભ્યાસીએ.
(એ આંકણી) ૧

શોભાગી હો તુમે સુગુણ સુજાણ કે, રાગી પ્રભુ વાણી તણા;
આતમજી હો કાંઈ થાઓ અજાણ કે. ભવિકા૦ ૨

અનાદિ મિથ્યાત્વ તમેં કરી, મુંઝાણા હો જગવાસી જીવકે;
તે સવિ જ્ઞાન ભણે ગુણે, લહે તત્ત્વની હો પર તીત
સદૈવ કે, ભવિ૦ ૩

ભવન પદારથની ભલી, શુદ્ધિ થાયે હો એહ જ્ઞાનથી સારકે;
સ્વપર પ્રકાશક દિનમણિ, તે ભાસકહો લોકા લોક
વિચાર કે, ભવિ૦ ૪

વિનય સહિત ગુણ જ્ઞાનથી, દરિશનની હો પ્રાપ્તિનો દાવકે;
તે દરિશન શ્રદ્ધા કરી, ચેતનજી હો ગ્રહો,
ચારિત્ર ભાવ કે, ભવિ૦ ૫

ચરણથી મુકિતની સંપદા, પામી જે હો શિવસુખ ભરપુર કે;
અવ્યા બાધ અનંતની, લીલા એ હો લહો,
નિરમલ નુર કે. ભવિ૦ ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સુખ કારણ જ્ઞાન છે, દુઃખ વારણ હો ભવતારણ હેતુ કે;
જ્ઞાન સમો ત્રિભુવન નહિ, ભવિજનને હો.
ભવ સાગર સેતુ કે. ભવિકા૦ ૭

ગુણ અનંત ચેતન તણા, તેમાંહિહો ગૂણ ચારિત્ર પ્રધાન કે;
તેહમાં જ્ઞાન અધિક કહ્યું, સહિ જાણો હો,
તુમે સુગુણ નિધાન કે. ભવિકા૦ ૮

શ્રત અભ્યાસ કરો સદા, તન મન વચહો કરો યત્ન અનેકકે;
આરાધો અવિહડ પણે, ગુરૂ સંગે હો ધરી,
આત્મ વિવેક કે. ભવિક૦ ૯

ઇમ દેશના સુણી શ્રી વીરની, શ્રી ગણધર હો પૂછે;
સોહમ સ્વામીકે; કેમ તે પ્રભુજી આરાધીએ,
જે જ્ઞાનનો હો વિધિ કહો હિત કામ કે. ભવિકા૦ ૧૦

પ્રભુ કહે કાર્તિક માસની, અજુઆળી હો પંચમી અધિકારકે;
પવિત્ર બાજોઠે સ્થાપીને, શ્રત પુસ્તક હો,
બહુ માને સાર કે. ભવિકા૦ ૧૧

સ્વસ્કિ પંચક ભરી ભલા, દીપાવો હો પંચ દીપક જ્યોત કે;
ધુપ ઉખેવો શ્રુત આગલે, ફુલ ઢોકતાં હો,
હોય જ્ઞાન ઉદ્યોત કે. ભવિકા૦ ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચ વરણુના ધાનશું, પકવાને હો વળી પંચ પ્રકાર કે;
ઈમ વિધિ સાચવી ગુરૂમુખે, પચખો ભવિ હો
ઉપવાસ ચોવીહાર કે ભવિ૦ ૧૩

પોષધ શ્યુંગુણણુ ગુણો, જ્ઞાન પદનું હો રસિયા ગુણરંગ કે;
ઉંત્તર દિશિ સહામુંઠવી, સહસ્ત્ર સંખ્યે હો
લહો ગુરુને સંગકે. ભવિ૦ ૧૪

પારણા દિને બહુને હુશું, ઉજમણો હો કરો અધિકે પ્રેમકે;
સાધરમી સંતોષીને, જ્ઞાન પંચમી હો આરાધો,
એમ. કે. ભવિ૦ ૧૫

પાંચ વરસ પાંચ માસની, મરિયાદે હો તપને પરિણામ કે;
આગમ વિધિ શ્યું સેવતાં, ભવ પંચમે હો,
લહો પંચમ નાણુ કે ભવિકા૦ ૧૬

જીમ વરદત્ત વિવેકીએ, ગુણ મંજરી હો કરી જ્ઞાનકી સેવકે;
તિમ ભવિયણુ કરો ધારણા, વળી મુકો હો,
સવિ વિષયની ટેવ કે. ભવિકા૦ ૧૭

તે જેમ ભવ જલ નિસ્તર્યા તેમ તરશો હો તુમે સુભગ;
દયાળ કે; લલિત ત્રિભંગી નાથજી મુખ ભાખે હો
શ્રી વીર વિશાળ કે. ભવિકા૦ ૧૮

તેનિ સુણી તપ આચરો, નરનારી હો તુમે ચઢતે ભાવકે;
એહથી જ્ઞાન અનંતની. લીલાએ હો હોઇ,
પૂર્ણ જમાવ કે. ભવિકા૦ ૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનધન જિન શાસનવરા, ધનધન હો શ્રી વિરજિણંદ કે;
ધન જે એ વ્રત આદરે, તે પામે હો ગુણ,
જ્ઞાન આનંદ કે. ભવિકા૦ ૨૦

[કલશ] ઇમ વીર વાણી, સુણી પ્રાણી
જ્ઞાન પંચમી તપ કરો; સંવેગ રંગે સાધુ સંગે,
મુક્તિ રમણીને વરો; શ્રી શ્યામજી ગણી ચરણ સેવક.
ગુલાલચંદ જયંકરો; તસુ શિષ્ય ગુણચંદ્ર કહે,
ભવિયણ ભાવે મંગલ આદરો. ૧

## ॥ જ્ઞાન પંચમીના દેવવંદન ॥

વિધિ–પ્રથમ બાજોઠ અથવા ઠવણી પાંચ ઉપર પાંચ પુંસ્તકો મૂકી વાસક્ષેપ તથા રૂપા નાણાથી જ્ઞાન પૂજન કરી, પુસ્તકને જમણે પડખે યતના પૂર્વક પાંચ દીવેટનો દીવો મૂકવો અને ધુપ ધાણુ ડાબે પડખે મુકીએ.

પુસ્તક આગળ પાંચ અથવા એકાવન સાથિયા કરી ૧ શ્રીફલ તથા ૧ સોપારી મુકી યથા શક્તિ જ્ઞાનની દ્રવ્ય પૂજા કરવી. તે પછી નીચે મુંજબ દેવ વાંદવા.

## ॥ દેવ વાંદવાની વિધિ ॥

એક ખમાસમણ દઇ–ઇરિયાવહી, તસ્સ. અન્નત્થ. કહી એક લોગસ્સનો કાઉસ્સગ કરી પ્રગટ લોગસ કહી ઇચ્છાકારેણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંદિસહ ભગવન! મતિ જ્ઞાન આરાધનાર્થં ચૈત્ય વંદન કરૂં ? કહી નીચેનું ચૈત્યવદન બોલવું.

## ॥ મતિ જ્ઞાનનું ચૈત્યવંદન ॥

કાર્તિક સુદ પંચમી દિને, આરાધો ભવિ જ્ઞાન,
મતિ શ્રુત અવધિ અને મન–પર્યવ કેવલ નાણ. ૧
પૂર્વ કે ઉત્તર દિશે, સ્થાપી પુસ્તક સાર,
પંચ પંચ વસ્તુ ઢોકીયે, નિજ શકિત અનુસાર. ૨
મતિ જ્ઞાન પેહેલું કહ્યું શ્રી જિનશાસન સાર,
મતી શ્રુત વિણ નવિ ઇપજે, અવધ્યાદિ ત્રણ વિચાર ૩
એ કારણ મતિ પ્રથમ કહ્યું; મતિ શ્રુતમા મતિમાન,
મતિ જ્ઞાન મન માનીએ, ભેદ અઠવીશ જાણ. ૪
અઠવીશ નમન દીજીયે, હૈયે ધરી બહુમાન
શીવચંદ્ર શિવ સુખ લહે, કહે શ્રી જિન ભાણ. ૫

પછી નીચેની સ્તુતિ કહેવી.

## ॥ જ્ઞાનની સ્તુતિ ॥

જયંતિ કામિત પૂર્ત્તિ સૂરદ્રુમ સૂર નરોરગનાથ નત ક્રમ:
કુશલ પદ્મ વિકાશ દિનેશ્વર, સુમતિ પારગત: પરમેશ્વર: ॥૧॥
જાતા પંચમતિ શ્રુતાવધિમન; કૈવલ્ય પુત્રા: પ્રભો,
સ્તન્મધ્યે શ્રુતનંદનો ભગવતા સંસ્થાપિત; સ્વપદે,
અંગોપાંગયુતશ્ચ પુંસ્તક ગજાદયારોહ લબ્ધો દય:;
સિદ્ધાંતા ભિધ ભુપતિ ગર્ણ ધરા માત્યશ્ચિરં નંદતાત્ ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ ધદિહય દાન્નાં નિર્વૃતૌ શંમણીનાં, સુખ નિર તનુતાનો
નુત્તમાસ્તે મહાંત:, દદતુ વિપુલભદ્રં દ્રાગ જિનેદ્રા
શ્રીયંસ્વ:, સુખ નિર તનુ તાનો નુત્તમાસ્તે મહાત: ૩

કૃત સુમતિ બલદ્ધિં દ્વસ્ત રૂગ મૃત્યુ દોષં,
પરમ મૃત સમાનં માન સંતાપ કાંતં;
પ્રતિદઠ રૂચિ કૃત્વા શાસનં જૈનચંદ્રં
પરમમૃત સમાનં માનસંતાપ કાન્તં.

સ્તુતિ કહ્યા પછી જંકિંચી, નમુત્થુણં, જાવંતિચે જાવંતકે કહી બે ખમાસમણા પૂર્વક સ્તવનનો આદેશ માગી નીચેનું સ્તવન બોલવું.

## જ્ઞાનનું સ્તવન

જ્ઞાન નિરંતર વંદીએ, જ્ઞાન ભક્તિ ચિત્તલાય સનેહી;
જ્ઞાન સકલ ગુણસે હરો, જ્ઞાન વિમલ ગુણ ગાય સનેહી. જ્ઞાન. ૧
મતિશ્રુત પરમ અવધિમન, પર્યવ કેવલ નાણ સનેહી;
લોકાલોક પ્રકાશનો, કારણ નિરૂપમ ભાણ સનેહી જ્ઞાન. ૨
સકલ જ્ઞાનમાં શ્રુત કહ્યો, જગ નાયક જિનરાજ સનેહી;
જગ જન ઉપકારી સદા, ભવજલ જંગીજહાજ સ્નેહી જ્ઞાન. ૩
જે ભવિ શ્રવણ પુટે કરે, જ્ઞાનામૃત રસપાન સનેહી;
તે અજરામર પદ લહે, અક્ષય સૌખ્ય નિધાન સનેહી જ્ઞાન ૪
માષ તુષાભિધ મુનિવરૂ, ઘાતિ કર્મ વિદાર સનેહી;
જ્ઞાન ચરણ આરાધતો, પામ્યો કેવલસાર સનેહી જ્ઞાન. ૫
વિમલ ભયે આરાધતાં, તરિયા ભવિક અનંત સનેહી;
તુરત ભયે જગ દીસરૂ, ભયભંજણ ભગવંત સનેહી જ્ઞાન. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વપ્રભુ સુખસાયથી. પામી પરમાનંદ સનેહી;
એ શ્રતચરણ શરણ ગ્રહયો, નિત પાઠકશીવચંદ સનેહી.જ્ઞાન. ૭

પછી સંપૂર્ણ જય વીયરાય કહેવા પછી ખમાસમણ દઈ ઇચ્છા કારેણ સદિસહ-ભગવન! મતિજ્ઞાન આરાધનાર્થં કરેમિકાઉસ્સગ્ગ ઇચ્છં કહી અન્નત્થ, કહી અઠયવીશ લોગસ્સનો કાઉસ્સગ કરવો પછી પ્રગટ લોગસ્સ કહી મતિજ્ઞાનના અઠયાવીશ ખમાસમણા નીચે મુજબ દેવા. નીચેનો દુહો દર ખમાસમણે બોલવો૦

સમકિત ધારી જીવને, થાયે જ્ઞાન પ્રકાશ;
વંદો ભવિયાં તેહને, ભાવ ધરી ઉલ્લાશ. ૧

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણં વંદામિ

| | | | |
|---|---|---|---|
| ખમા૦ | ૧ | સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૨ | રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૩ | ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| , | ૪ | શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૫ | સ્પર્શનેન્દ્રિયાર્થાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૬ | રસનેન્દ્રિયાર્થાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૭ | ઘ્રાણેન્દ્રિયાર્થાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૮ | ચક્ષુરિન્દ્રિયાર્થાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૯ | શ્રોત્રેન્દ્રિયાર્થાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૧૦ | મનોઽર્થાવગ્રહ | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૧૧ | સ્પર્શનેન્દ્રિયેહા | મતિજ્ઞાનાય નમ: |
| ,, | ૧૨ | રસનેન્દ્રિયેહા | મતિજ્ઞાનાય નમ: |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ,, | ૧૩ | ઘ્રાણેન્દ્રિયેહા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૧૪ | ચક્ષુરિન્દ્રિયેહા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૧૫ | શ્રોત્રેન્દ્રિયેહા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૧૬ | મનઇહા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૧૭ | સ્પર્શનેન્દ્રિયાપાય | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૧૮ | રસનેન્દ્રિયાપાય | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૧૯ | ઘ્રાણેન્દ્રિયાપાય | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૦ | ચક્ષુરિન્દ્રિયાપાય | મતિજ્ઞાનાય નમઃ |
| ;, | ૨૧ | શ્રોત્રેન્દ્રિયાપાય | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૨ | મન અપાય | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૩ | સ્પર્શનેન્દ્રિયધારણા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૪ | રસનેન્દ્રિયધારણા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૫ | ઘ્રાણેન્દ્રિયધારણા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૬ | ચક્ષુરિન્દ્રિયધારણા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૭ | શ્રોત્રેન્દ્રય ધારણા | મતિજ્ઞાનાય નમઃ |
| ,, | ૨૮ | મનો ધારણા | મતિજ્ઞાનાય નમઃ |

## અથ—શ્રુતજ્ઞાન

ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી શ્રતજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂ ! ઇચ્છં

## શ્રુત જ્ઞાન ચૈત્યવંદન

શ્રત જ્ઞાન ભવિસેવિએ, ભાવ ધરી મન માંહે;<br>
સ્વપર પ્રકાશક એહ છે, દીપક જગત માંહે. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિ જ્ઞાની ભવ કહે એ, ભવિ જીવના હીતકારતો;

જાણે દેખે જગતનાએ, રૂપીએ દ્રવ્ય અપારતો;

જ્ઞાની અને જ્ઞાન તણીએ, આશાતના નિવારતો;

શીવચંદ્ર કહે શિવ કરૂ એ, શ્રી જિન શાસન સારતો ૪

સ્તુતિ કહી પછી જ કિંચી નમુત્થુણં જાવંતિ જાવંત કે બે ખમાસણા પૂર્વક સ્તવનનું આદેશ માગી નીચેનું સ્તવન બોલવું

## ॥ તૃતિય અવધિજ્ઞાન સ્તવન ॥

અવધિ જ્ઞાનન વંદિયે, જેહથી ભવ દુઃખ જાય લાલરે;

અજ્ઞાન તિમિર દૂરે ટળે, આતમ ગુણ પ્રગટાય લાલરે. અ૦ ૧

સનકિત વંતને ઉપજે, અવર એઠા વાખાય લાલરે;

નારક દેવ ભવમાં પણ, અવધિજ્ઞાન કહાય લાલરે અ૦ ૨

ઓહી નાણ સહિત જિનવરૂ, અવતરી કહે ઉપકાર લાલરે;

ભોગ કરમ ક્ષય જાણીને, સંયમ લે સુખકાર લાલરે. અ૦ ૩

ચોવીશ જિનના જાણીયે, અવધિજ્ઞાની શિષ્ય લાલરે.

એકલખતેંત્રીસ સહસ છે, ઉપર ચૌશત દિશ્ય લાલરે. અ૦ ૪

અવધિના ભેદ અસંખ્ય છે, વળી ખટ ભેદ જાણ લાલરે.

આતમ ગુણને અનુસરી, એમ કહે શ્રી જિન ભાણ લાલરે. અ૦ ૫

લોચન જેમ સાથે રહે, અનુગામી તે કહેવાય લાલરે.

થિર દીપકની પરે માનીયે, અનનુ ગામિતે સોહાય લાલરે અ૦ ૬

વર્દ્ધમાન જ્ઞાન વધતું રહે, સંશય એહમાં ન હોય લાલરે;

યોગ્ય સામગ્રી વિણ ઘરતુંરહે, હીયમાન એમ જોય લાલરે. અ૦ ૭

પ્રતિ પાતી જ્ઞાન પડતો કહ્યો, અપ્રતિ પાતી નવ જાય લાલરે;

એ આપે કેવલ જ્ઞાનને, શીવચંદ્ર શિવ સુખલાય લાલરે. અ૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી જય વીયરાય કહેવા પછી એક ખમાસમણુ દઇ ઇચ્છા કારેણુ સંદિસહ ભગવન શ્રી અવધિજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગ અન્નત્થ કહી છ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહી અવધિ જ્ઞાનના છ ખમાસમણા દેવા અને આ દુહો પ્રત્યેક ખમાસમણે બોલવો.

શુધા સમકિત વંતને, ઉપજે અવધિ નાણુ;
વંદના તેહને માહરી, પામું પદ નિરવાણ. ૧

ખમા૦ ૧ આનુગામિકા લધિ જ્ઞાનાય નમ:
,, ૨ અનાનુગામિકા વધિ જ્ઞાનાય નમ:
,, ૩ વર્દ્ધમાનાવધિ વધિ જ્ઞાનાય નમ:
,, ૪ હીય માના વધિ જ્ઞાનાય નમ:
,, ૫ પ્રતિપાત્ય વધિ જ્ઞાનાય નમ:
,, ૬ અપ્રતિપાત્ય વધિ જ્ઞાનાય નમ:

ઇતિ અવધિ જ્ઞાન સંપુર્ણ.

## ।। અથ ચોથું મન પર્યવજ્ઞાન ।।

એક ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન ! મન પર્યવ જ્ઞાન આરાધનાર્થં ચૈત્ય વંદન કરૂં ઇચ્છં.

## ।। મન પર્યવજ્ઞાન ચૈત્યવંદન ।।

મન: પર્યવ ચોથું કહયું તેહના હોય તે ભેદ;
ઋજુમતિ વિપુલમતિ, કરે કર્મનો છેદ.
મન: પર્યવ જ્ઞાનીતે, જાણે મનના ભાવ;
સંજ્ઞી પંચેંદ્રિ અઢી દ્વીપના, ચેતના શકિત પ્રભાવ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપજે ચારીત્ર વંતને, ચઢતે શુભ પરિણામેં;
શીવચંદ્ર મનઃ પર્યવી, પહોચે શિવપુર ઠામે ૩

## ॥ મનઃ પર્યવજ્ઞાનની સ્તુતિ ॥

(અજીતે ભવરણમાં જીત્યા કર્મ કઠોર–એ રાગ)

મનઃ પર્યવજ્ઞાન, દો ભેદ તસ જાણો,
ૠજુમતિ વિપુલમતિ, આગમ વચન પ્રમાણો;
મુનિવરને ઉપજે, અપ્રમત ગુણ ઠાણો,
દીક્ષા પછી જિનવર, પામે એ વર નાણો. ૧

અઢી દ્વિપના સર્વે, સંજ્ઞી પંચેદ્રિ જીવઃ
તસ મન પરિણામો, જાણે તેહ સદીવ;
ૠજુમતિ જ્ઞાની, ઝાંખા દ્રવ્યો જાણે;
વિપુલમતિ અધિકા, સર્વભાવ વખાણે. ૨

દ્રવ્યથી મનઃપર્યતણે, જાણે મનના ભાવ;
ક્ષેત્રથી ઊર્ધ્વ તિર્છું, અધો લોકના દાવ;
અતીત અનાગત વાતો, કાલજી જાણે ધીર;
ચિંતિત દ્રવ્યના પર્યાયો, ભાવથી ગ્રહે વડ વીર. ૩

ચોવીસે જિનના, મન પર્યવજ્ઞાન ધારી;
એકલખ પીસ્તાલીશ, સહસ્રપંચશત દીલધારી,
ઊપર એકાણું, સવિ સંખ્યા હિતકારી;
પૂજો સૌ પ્રેમે, શીવચંદ્ર સુખકારી. ૪

સ્તુતિ કહ્યા પછી જંકિંચી નમુત્થુણં, જાવંતિ જાવંત. કહી મન પર્યજ્ઞાનનું સ્તવન બે ખમાસમણા પૂર્વક એક નવકાર ગણી બોલવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ મનઃ પર્યવજ્ઞાનનું સ્તવન ॥

સજની મોરી જિનવર જગ જયકારીરે
સજની મોરી જ્ઞાન તણી બલીહારીરે;

સ૦ સંયમ સમય જાણીરે સ૦ લોકાંતિ મન આણીરે ૧
સ૦ ખટ અતિશય વંતારે, સ૦ દાન ભવિને દીયંતારે;

સ૦ દાન વરસી વરસાવીરે, સ૦ સંયમ તબ ચિત્ત લાવીરો ૨
સ૦ આરંભ પરિગ્રહ પરિહારોરે સ૦ સર્વ વિરતિવ્રત ધારોરે

સ૦ ઉપજે મનઃપર્યવનાણરે સ૦ સર્વ અરિહંતને એમ જાણરે. ૩
સ૦ વિપુલમતિ એહરે, સ૦ અપ્રતિપાતી તેહરે;

સ૦ ચોથું મનઃપર્યવ નાણરે, સ૦ આરાધો ભવિ પ્રાણરે. ૪
સ૦ ચોવીશ જિનના સાધુરે, સ૦ મનઃપર્યવ લાધ્યુંરે;

સ૦ એકલાખ નિરધારેરે, સ૦ વળી પીસ્તાલીશ હજારરે. ૫
સ૦ પાંચશેએકાણું જાણરે, સ૦ સાધુ સર્વ મન આણીરે;

સ૦ સંશય સર્વ વિદારેરે, સ૦ મન પર્યવ આધારેરે. ૬
સ૦ આતમ ગુણ પ્રગટાવોરે, સ૦ જ્ઞાન ભકિત ચિત્ત લાવોરે.

સ૦ ભવ સાગર કિનારેરે, સ૦ શીવચંદ્રને ઉતારે રે. ૭ ઇતિ

એ સ્તવન કહી જય વીયરાય બોલી એક ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી મન પયવ જ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગં અન્નત્થ કહી (ચંદેસુનિમ્મલયરા સુધી) બે લોગસ્સનો કાઉસ્સગ કરી પ્રગટ લોગસ્સ બોલી મનઃપર્યવ જ્ઞાનના બે ખમાસમણા દેવા ને નીચેનો દુહો બોલવો.

મનઃપર્યવ જ્ઞાની તે, જાણે મનના ભાવ;
વંદો ધ્યાવો ભવિજના, એ જ્ઞાને ચિત્ત લાવ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમા૦ ૧ ૠજુમતિ મનઃપર્યવ જ્ઞાનાય નમઃ
ખમા૦ ૨ વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાનાય નમઃ
ઈતિ મનઃપર્યવ જ્ઞાન સંપુર્ણ.

## ॥ પાંચમું કેવલ જ્ઞાન ॥

એક ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ ! કેવલ જ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં.

## ॥ કેવલ જ્ઞાન ચૈત્યવંદન ॥

જ્ઞાન દર્શન મોહની, વળી અંતરાય વિચાર;
ધન ઘાતીનો ઘાત કરી, પામે કેવલ સાર. ૧
કેવલ જ્ઞાને તે જાણે, દેખે દર્શન પ્રભાવ;
ત્રણ જગત ત્રણ કાલના, જાણે સર્વ સ્વભાવ. ૨
લોકાલોકના ભાવનો, સંપૂર્ણ જ્ઞાતા એહ;
કેવલ જ્ઞાની આતમા કરે ભવનો છેહ. ૩
જ્ઞાન પંચમિ આરાધતો, પામે એ વર નાણ;
શીવચંદ્ર શિવકારણે, નિત્ય ધરો તસ ધ્યાન. ૪

## ॥ કેવલ જ્ઞાન સ્તુતિ ॥ (દીનસકલ મનોહર એ રાગ)

પંચમી દિન પ્રણમો,: પંચમજ્ઞાન સુભાવે;
ધનઘાતી કર્મના, ક્ષયથી એ ગુણ આવે;
નિજ પરના સ્વરૂપો, જાણે સહજ સ્વભાવો;
ટાળી જન્મ મરણને પંચમીગતિને પાવે. ૧
બહિતરામ ત્યાગી, અંતર આતમ રૂપ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ સ્વરૂપે રાચો, પ્રગટે પરમાત્મ રૂપ;
પર પરિણુતિ છોડો, ભેદ એકજ ચિદ્રુપ;
તેરમે ગુણુ ઠાણે, પામે આત્મ સ્વરૂપ. ૨
શુદ્ધ કેવલ જ્ઞાને સઘળા જ્ઞાન સમાવે;
દેખે ને જાણે, દર્શન જ્ઞાન પ્રભાવે;
ગુણુ પર્યાય અનંતા, દ્રવ્ય સર્વ સમજાવે;
એક અત્મ પ્રદેશે, વીર્ય અનંત સુહાવે, ૩
નિરંજન અરૂપી, પરમાતમ પદ ધાર;
મન વચન કાયે, અવિચલ ને અવિકાર;
તે ધ્યાવો ભવિયાં, કેવલ જ્ઞાન ઉદાર;
શીવચંદ્ર શિવસુખ, તે પામે નર નાર ૪

સ્તુતિ કહ્યા પછી જંકિંચી. નમુત્થુણું. જાવંતિ જાવંત કહી બે ખમાસમણુ પૂર્વક એક નવકાર ગણી નીચેનું સ્તવન બોલવું.

## ।। કેવલ જ્ઞાનનું સ્તવન ।।

( પંથડો નીહાલું રે–એ રાગ )

જ્ઞાન પંચમીનો જે તપ તપેરે, પામે તે પંચમ નાણુ;
કેવલજ્ઞાન તે અક્ષય જાણીયેરે, એ આગમ વચન પ્રમાણુ. જ્ઞાન ૧
ચઉનાણી થઇ જિનજી વીચરેરે, ધરતા શુકલ એ ધ્યાન;
ક્ષાયિક ભાવે કેવલ પામીયારે, પામ્યા વળી દર્શન નાણુ જ્ઞાન. ૨
દોશ અઢાર ગયા મુલથીરે, પ્રણમે સુર નર વૃંદ;
સમવસરણુની રચના કરેરે, મળીયા ચોસઠ ઈંદ. જ્ઞાન. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ પ્રાતિ હાર્યથી દીપતારે, જીપતા જગ જનસંત;
છત્ર ત્રયવળી ચામર બલારે, અશોક વૃક્ષ દુઃખ હરંત જ્ઞાન ૪
દિવ્ય ધ્વનિ દુંદુભિના નાદથીરે; ભવિ જીવ મન વિકસંત;
ભામંડલ ભલો ઝલહલેરે, પુષ્પ વૃષ્ટિ સુર કરંત :જ્ઞાન. ૫
રત્ન ઝડીત સિંહાસન શોભતુ રે, તરાપર પ્રભુ પાય ધરંત;
અંજળી જોડી ક્રોડી સુર વરારે, કેવલી મહિમા કરંત. જ્ઞાન, ૬
દુષ્ટ કર્મ મલને ધોવતાંરે, જોવતાં પ્રભુ સુખચંદ;
જ્ઞાની અને જ્ઞાનને સેવીયેરે, એમ ભાખે ત્રિશલાનંદ. જ્ઞાન. ૭
ભવ તાપ સંતાપ નિવારણોરે, તારણો એ વરનાણ;
કેવલ જ્ઞાનનો મહિમા કહ્યોરે, શીવચંદ્ર લહે નિરવાણ જ્ઞાન. ૮

ઉપરનું સ્તવન કહી જયવીયરાય બોલી એક ખમાસમણ દઇ; ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ કેવલ જ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગ અન્નત્થ, કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો. પછી ૧ ખમાસણુ દઇ બોલવું કે

લોકાલોક પ્રકાશક, કેવલ જ્ઞાન છે ધર્મ;
અષ્ટ કર્મ નિવારીને, પામે તે શિવ શર્મ. ૧

॥ ઇતિ જ્ઞાન પંચમી દેવવંદન સંપૂર્ણ ॥

## ॥ હર્ષચંદ્રગણીવિરચીત ॥

### ॥ દિવાળીના દેવવંદન ॥

સ્થાપનાચાર્ય આગળ નવકાર પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પછી પ્રથમ ઇરિયાવહી. તસ્સ. અન્નથ. કહી એક લોગસ્સનો કાઉસ્સગ કરી પ્રગટ લોગસ્સ કહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું.

## ॥ ચૈત્યવંદન ॥

અપાપા નયરીભલી, વીર જિનેશ્વરરાય;
છેલ્લું ચોમાસું તિહાંકરે, સભાહસ્તિપાલની માંય. ૧
અમાવાસ્ય કાર્તિક માસની, શેષરયણિ નિર્વાણ;
સોલપ્રહર આપી દેશના, પામ્યા મુક્તિઠાણ. ૨
અઢાર દેશના રાજવી, મળીયા દેવ અનેક;
મેરઇયા હાથેગ્રહી, સમકિતની ધરી ટેક. ૩
ભાવ ઉદ્યોત જિનગયે, કીધો દ્રવ્ય ઉદ્યોત;
દીવાળી પર્વ પ્રગટ થયું, એ જિન શાસન જ્યોત. ૪
છઠ્ઠ તપ કરી પૌષધ કરો, કરો વીર ગુણગાન;
કર્મ શત્રુને જીતવા, હરખ ધરે શુભ ધ્યાન. ૫

પછી સ્તુતિ કહેવી.

## —થુઇ (સ્તુતિ)—

વીર જિનેશ્વર જય જયકારી, નયરી અપાપા આવ્યાજી;
ચરમ ચોમાસું રાજ સભામાં, હસ્તિપાલ સુખ દાયજી. ૧
અઢાર દેશના રાજા મલિયા, કોઇકિ કામ પ્રસંગેજી,
શોલ પહોર પ્રભુ દેશના સાંભળી, આનંદ પામ્યા અંગેજી. ૨
કાર્તિક માશની અમાવાસ્યે, પ્રભુ વીર પામ્યા નિરવાણજી;
સુર નૃપ મળી કરે દ્રવ્ય ઉદ્યોત, દિવાળી પર્વએ પ્રમાણજી. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠ તપ વળી પૌષધ કરીને, જાપ વીરનું જપીયેજી;
પાર્શ્વચંદ્રસૂરિગછ પતિજાણો, હર્ષકર્મ એમ ખપીયેજી. ૪

પછી જંકિચિ. નમુત્થુણં કહી ચારિત્રાચાર વિશોધનાર્થં કરેમિ કાઉસગ્ગં કહી અન્નત્થ, કહી બે લોગસ્સનો કાઉસ્સગ કરી પ્રગટ લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત ચેઇ આણં. અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસ્સગ કરવો પછી પુખ્ખર વરદી વડ્ઢે૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉસ્સગ કરી સિદધાણં બુદધાણં. કહી નીચે બેસી નમુત્થુણં૦ જાવંતિ ચેઇઆઇં૦ જાવંત કે વિસાહું બોલી. નીચેનું સ્તવન બોલવું.

## ॥ શ્રી દીવાલી મહાવીર સ્વામીનું સ્તવન ॥

શ્રી સીદધારથ નંદન દેવા, પ્રભુ સેવ કરૂં નિત્ય મેવા;
દેજો મુજ ભવ ભવ સેવા, જગત ગુરૂવીરપરમ ઉપગારી,
પ્રભુ કરૂણા નિધિ દાતારી, જગત ગુરૂ૦ ૧
શોલ પહોર પ્રભુ દેશના વરસે, સાંભળી ભવિ હ્રુદયમાં ધરશે,
તોરા ચરણ કમલ નિત્ય ફરસે, જગત ગુરૂ૦ ૨
બ્રાહ્મણ દેવશર્મા જાણે, પ્રતિબોધવા મોકલ્યા તે ટાણે,
ગૌતમ ચાલ્યા ગુણ ખાણે જગત ગુરૂ૦ ૩
પ્રતિબોધીને પાછા વળીયા, મારગમાહે શ્રવણે સાંભળીયા;
પ્રભુ મોક્ષ મારગ સંચરિયા. જગત ગુરૂ૦ ૪
તે સાભળી દિલમાં વાત, ગૌતમને થાય વજ્રઘાત;
વિવેકે ગુણમણી ખ્યાત, જગત ગુરૂ૦ ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે કેને હું કહીશ વીર, ગૌતમ ચીંતવે સાહસ ધીર;
કર્મ શત્રુના તોડયા જંજીર. જગત૦ ૬
કાતી કૃષ્ણ હુવા નિર્વાણ, પ્રભાતે ઇંદ્રિભૂતિ કેવલ નાણું;
જયો જયો ભણે ગુણ ખાણ. જગત૦ ૭
અઢાર દેશના રાજા મળીયા, ભાવ દીપક મોક્ષમાં ભળીયા;
દ્રવ્ય દીપક ગુણમણિ ભરીયા. જગત૦ ૮
પ્રભુ વરિયા શીવલટકાળી, ધર્યું ધ્યાન પદ્માસન વાળી
તિહાં પ્રગટી લોક દીવાળી, જગત૦ ૯
મુજ મંદિર સુરતરૂ ફળીયો, પરમાતમ ગૌતમ મળીયો;
ગઇ ભાવઠ શુભ દિન વળીયો જગત૦ ૧૦
સવંત ઓગણીશ પંચલોતેર વરસે, દિવાળી દિન મન હર્ષે;
પ્રભુ મોક્ષ વર્યા સુભ દિવસે. જગત૦ ૧૧

પછી જય વીયરાય પુરા કહેવા.

જય વીયરાય કહી જ્ઞાનાચાર, દર્શનાચાર-ચારિત્રાચાર તપાચાર-વીર્યાચાર. એ પંચ વિધ આચારમાહી જે કાંઇ જાણતાં અજાણતાં દૂષણ લાગ્યુ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુકકડં,

## ॥ પાછલી રાત્રે ચાર વાગે દેવવાંદવાની વિધિ ॥

પહેલાની માફકજ પ્રથમ ઇરિયાવહીયં, તસ્સ૦ અન્નત્થ, કહી એક લોગસ્સનો કાઉસ્સગ વિગેરે સર્વ કરી દેવવાંદવા તેમાં ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તવન ગૌતમ સ્વામિના નીચે મુજબ કહેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ગૌતમ સ્વામીનું ચૈત્યવંદન ॥

ઈંદ્ર ભૂતિ ગણુ ધર નમું, વીર શિષ્ય ગુણુ ધામ;
ગૌતમસ્વામિ ગુણુનિલો, નિત્ય સમરૂં તસ નામ. ૧
પાંચસે છાત્રે પરિવર્યા, દીક્ષા લે પ્રભુ પાસ;
ત્રિપદિ પ્રભુ મુખ પામીને, રચી દ્વાદશાંગી ખાસ. ૨
શ્રી અષ્ટા પદ ગિરિ ઉપરે, વાંદ્યા જિન ચોવીશ;
કેવલ જ્ઞાન પામીને, આપ થયા જગદીશ. ૩
કાર્તક વદ અમાવાસ્યે, વીર લહે નિરવાણુ;
ગૌતમ કેવલ એકમદિને, હર્ષ ધરે તસ ધ્યાન. ૪

## ॥ ગૌતમ સ્વામીની સ્તુતિ ॥

(ઉપજાતિવૃત) શ્રી ઈંદ્ર ભૂતિં વસુ ભૂતિ પુત્રં,
પૃથ્વીભવં ગૌતમ ગોત્રરત્નં;
સ્તુવંતિ દેવાઃ સૂરમાનવેંદ્રાઃ,
સ ગૌતમો યચ્છતુ વાંછિતંમે ૧
શ્રી વીર નાથેન પુરા પ્રણીતં,
મંત્રં મહાનંદ સુખાય યસ્ય;
ધ્યાયંત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ,
સ ગૌતમો યચ્છતુ વાંછિતંમે. ૨
શ્રી વર્દ્ધમાનાત ત્રિપદીમવાપ્ય
મુહૂર્ત માત્રેણ કૃતાનિયેન;
અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ
સ ગૌતમે યચ્છતુ વાંછિતંમે. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા,
ચયૌ જિનાનાં પદ વંદનાય;
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ,
સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે; ૪

ત્રિપંચ સંખ્યાશત તાપસાનાં,
તપઃ કૃશાના મપુનર્ભવાય;
અક્ષીણ લબ્ધ્યા પરમાન્નદાતા,
સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૫

સદક્ષિણં ભોજન મેવ દેયં,
સાધર્મિકં સંઘ સપર્યયેતિ;
કૈવલ્ય વસ્ત્રં પ્રદદૌ મુનીનાં,
સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૬

યસ્યાભિધાનં મુનયોપિ સર્વે,
ગૃહ્ણંતિ ભિક્ષા ભ્રમણસ્ય કાલે;
મિષ્ટાન્નપાનાંબર પૂર્ણ કામાઃ,
સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૭

શિવંગતે ભર્ત્તરિ વીરનાથે,
યુગ પ્રધાનત્વ નિ હૈવમત્વા;
પટ્ટાભિષેકો વિદધે સુરેંદ્રૈઃ,
સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ૮

શ્રી ગૌતમસ્યાષ્ટક માદરેણ,
પ્રબોધ કાલે મુનિ પુંગવાયે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પઠંતિ તે સૂરિપદં સદૈવા,

નંદંલભંતે નિતરાં ક્રમેણ ૯

## ॥ સ્તવન ગૌતમ સ્વામિનું ॥

સેવો સેવો ગુરૂ ગૌતમને દીવાળી દીન આજ

મારા સિધ્યાં સઘળા કાજ, મગધ દેશમાં ગોબર ગામે

બ્રહ્મણ વસુ ભૂતિ નામ; તસ પત્ની પૃથ્વીના ઉદરે,

ઉપન્યા ગૌતમ સ્વામ. મારા૦ સેવો૦ ૧

માત પિતાના લાડકડાંએ, બન્યા વિદ્યાના ધામ;

ચાર વેદને ચૌદ વિદ્યાના, પાઠ ભણે તમામ.

મારા૦ સેવો૦ ૨

યજ્ઞ કર્મમાં પ્રવિણ થયા ને, શિષ્ય કર્યા શત પંચ;

જીવકેરો સંશય પડયો તોયે, ધરે સર્વજ્ઞ પ્રપંચ.

મારા૦ સેવો૦ ૩

તે કાલે તે સમયે પ્રભુજી, મહાવીર પામ્યા જ્ઞાન;

પાવા પુરીમાં વીર પધાર્યા; દેવો કરે ગુણ ગાન.

મારા૦ સેવો૦ ૪

સમવસરણમાં ચાર મુખે પ્રભુ, આપે બોધ અપાર;

મધુરી એ વાણીમાં મોહયા, સુરપતિ નરને નાર.

મારા૦ સેવો૦ ૫

ઈંદ્ર ભૂતિ ચિંતવે મનમાહે, સહુ યજ્ઞ તજી કયાં જાય;

ખબર પડી કે કોઇ સર્વજ્ઞ, આવ્યો છે ઇણ ઠાય.

મારા૦ સેવો૦ ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિમાનથી ક્રોધે ચડીયો, ચાલ્યો વીરની પાસ;
હું છતાં એ કોણુ સર્વજ્ઞ ધરતો મન ઉલ્લાસ.
મારા૦ સેવો૦ ૭

સમવસરણુમાં પ્રભુને જોતાં, ઇંદ્રિ ભૂતિ વિચારે;
આતો જિન ચોવીશમાં છે કેમ જીનવા મ્હારે.
મારા૦ સેવો૦ ૮

મીઠા વચને પ્રભુ બોલાવે, હે ઈંદ્ર ભૂતિ આવો;
ચિત ચમકી ઇંદ્ર ભૂતિ ચિંતવે, ખોટો મુજ છે દાવો
મારા૦ સેવો૦ ૯

વેદના પદનો અર્થ કરીને, પ્રભુજી ત્યાં સમજાવે;
જીવનો સંશય દૂર થયો ને, સમ્યગ દષ્ટિ પાવે.
મારા૦ સેવો૦ ૧૦

શિષ્યો સાથે દીક્ષા લીધી, પ્રભુજી ગણુધર પદે સ્થાપે;
છઠ અઠમ તપ તરવારે, કર્મ કઠીનને કાપે.
મારા૦ સેવો૦ ૧૧

કાર્તિક વદ અમાસની રાતે વીરજી મોક્ષ સિધાવે;
પ્રભુ વિરહે ગૌતમનું મનડું, આકુલ વ્યાકુલ થાંવે
મારા૦ સેવે૦ ૧૨

કોણુ વીરને કોન હું વળી, ગૌતમ–મનમાં ભાવે;
પર પરિણિત દૂર પરિણુમતાં, પ્રભાતે કેવલ પાવે.
મારા૦ સેવો૦ ૧૩

એવા ગુરૂ ગૌતમને વંદો, ઉઠી નિત્ય સવારે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે હર્ષ ભવજળથી તરીને પહોંચ્યો શિવપુર દ્વારે.
મારા૦ સેવો૦ ૧૪

પછી જય વીયરાય કહી જ્ઞાનાચાર દર્શ. ચારિત્રા૦ તપાચાર. વિર્યાચાર એ પંચવિધ આચારમાં જે કોઇ દોષ લાગ્યો હોય તે સવિ હું મન, વચન; કાયાયે કરી તસ્સ મીચ્છામિ દુકકડં ઇતિ દીવાળીના દેવવંદન સંપૂર્ણ.

## ॥ દીવાળીનું ગુણણું ગણવાના મંત્રો ॥

૧–રાતના નવ વાગે ઓ હ્રી **શ્રી** મહાવીર સ્વામિ
સર્વ જ્ઞાય નમ: નો૦ ૨૦

૨–રાતના બાર વાગે ઓ હ્રી શ્રી મહાવીર સ્વામી
પારં ગતાય નમ: નો૦ ૨૦

૩–સવારના પાંચ વાગે ઓ હ્રી શ્રી ગૌતમ સ્વામી
કેવલ જ્ઞાય નમ: નો૦ ૨૦

## અથ સાગરચંદ્ર સૂરિ વિરચિત ચૌમાસી દેવવંદન

## ॥ દેવવંદન વિધિ ॥

પ્રથમ ઇરિયાવહી૦ તસ્સઉત્તરી૦ અને અન્નત્થ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો. ત્યારબાદ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ચૌમાસી દેવ વાંદવા ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

શ્રી સિદ્ધાચલ મંડણો, આદિજિનેશ્વર રાય;
અવિચલ સુખદાયક પ્રભુ, પ્રણમું મન વચ કાય. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ ભાવથી સેવના, પ્રભુ ચરણોની થાય;
પારસમણી પ્રભુ સ્પર્શથી, ચેતન કનક હોજાય. ૨

વિમલાચલને વંદતાં, વિમલ મતિ પ્રગટાય;
વિમલાચલ ગુણ આતમા; વિમલાચલ ગુણ ગાય. ૩

એ ગિરિરાજને સેવતાં, પાંડવને શુકરાય;
થાવચ્ચા શેલગ મુનિ, શાશ્વત સ્થાન સિધાય. ૪

અપૂર્વભાવ જ્યાં ઉલ્લસ્યો, શુદ્ધિ વૃદ્ધિ આદાય;
ગ્રંથી ભેદ થયો તદા, આતમ અતિ ઉલસાય. ૫

સમ્યગદર્શન પામતાં એ, ભવ ભાવઠ દૂર જાય;
પરમાનંદ પ્રગટે તદા, સાગરમાં ન સમાય. ૬

પછી જંકિંચિં૦ નમુથ્થુણં૦ કહી આભવમખંડા સુધી જય વીયરાય કરવાં ચોવીશીમાંથી પહેલા ભગવાનના દર્શન કરી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન પહેલા રૂષભદેવ આરધવા ચૈત્યવંદન કરૂં. કહી ચૈત્યવંદન કરે.

## ચૈત્યવંદન

આદિદેવ પ્રણમુ મુદા, પિતાશ્રી નાભિરાય;
આજ ભલો દિન માહરો, પ્રભુ દર્શનથી થાય. ૧

માતા મરૂદેવી જનમીયા, લંછન વૃષભ સોહાય;
પાંચસે ધનુષની શોભતી, નિર્મળ કંચન કાય. ૨

લાખ ચોરાશી પુર્વનું, આયુ સુખની ખાણ;
અષ્ટાપદ ગીરિ ઉપરે, પામ્યા શ્રી નિર્વાણ. ૩

દીન દયાલ કરૂણા નિધિ, સેવક જન પ્રતિપાલ;
સેવક શરણે આવીયો, કર મારી સંભાળ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારક બિરૂદને ધારતાં એ, સહજ રાજેશ્વર દેવ;
ભવ સાગરથી પાર કર, મુજ વિનતિ નિત્વ મેવ. ૫

એહવા દેવાધિ દેવની ગુણ સ્તુતિ ભણું કહી ઉભા થઇ થોય બોલવી.

## ।। રૂષભદેવની સ્તુતિ ।।

(શંખેશ્વર પાસજી પૂજીએ-એ રાગ)

રાજેશ્વર પ્રથમ પ્રથમ યતિ;
યોગીશ્વર પ્રથમ તીરથ પતિ,
આદીશ્વર ઈશ્વર જગપતિ,
કરૂં કરજોડી હું વિનતિ. ૧

જસ લંછન વૃષભ ઋષભ સ્વામી,
વિનિતાના સ્વામિ ગુણધામી,
વપુ પણ શત ધનુષ તણું પામી,
વિમલાચલ મંડન આરામી. ૨

મરૂદેવા નાભિ સુત રાયા,
જસ કંચન સમ ઉજ્જવલ કાયા,
લખ પૂરવ ચોરાશી પાયા,
આયુ શક્રેન્દ્ર ગુણ ગાયા. ૩

કેવળ કમળા પ્રભુજી પાવે,
માતાને દે ભકિત ભાવે,
મોટાના ગુણથી ગુણ આવે,
સમતા સાગર પ્રભુ પરભાવે. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી જંકિંચિ. નમુથ્થુણં૦ કહી ચારિત્રાચાર વિશોધાનાર્થં કાઉસગ્ગ કરૂ કહી અન્નત્થ બોલી બે લોગસ્સ અથવા આઠ નવકારનો કાઉસગ્ગ કરવો પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અને અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. પછી પુખ્ખરવરદી૦ વંદણવત્તિઆએ૦ અને અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો ત્યારબાદ સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી નમુથ્થુણં૦ જાવંતિ ચેઇઆઇ૦ જાવંત કેવિસાહુ૦ કહી અનંતા સિદ્ધને મારો નમસ્કાર હોજો ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સ્તવન ભણું સ્તવન સાંભળુ નવકાર કહી સ્તવન બોલવું.

## ॥ રૂષભદેવનું સ્તવન ॥

પ્રભુજી આદીશ્વર અલવેસર,
 વિનતિ અવધારીયેરે લોલ;
પ્રભુજી કરૂણા નજર કરીને,
 સેવક તારીએરે લોલ. ૧

પ્રભુજી ભવ અટવી દુઃખ,
 દાવાનલને વારીયેરે લોલ;
પ્રભુજી આલંબન આપીને,
 દાસ ઉદ્ધારીયેરે લોલ. ૨

પ્રભુજી સમસ્થ સાહિબ જગમાં,
 તું સુખકારણોરે લોલ;
પ્રભુજી અશુભ અનાદિના સંચિત,
 તેહનો વારણોરે લોલ. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુજી તુમ વિના બીજા દેવ,
સરાગી નહિ ગમે રે લોલ;
પ્રભુજી સુરતરૂ અંબ છોડીને,
નિંબે કોણ રમે રે લોલ. ૪

પ્રભુજી રાજ રાજેશ્વર પામી,
આનંદ અતિ ઘણો રે લોલ;
પ્રભુજી ભવસાગર દુઃખ દૂર,
કરો સેવક તણો રે લોલ. ૫

પછી જય વીયરાય પુરા કહી બીજા ભગવાનનું ચૈત્યવંદન કરવું.

## ॥ અથ અજિતનાથનું ચૈત્યવંદન ॥

અજિતનાથ સ્વામી તણા, પામ્યો દરિસણ આજ,
જન્મ સફલ થયો માહરો, સિદ્ધા સઘળા કાજ. ૧

વિનિતા પુરી જિતશત્રુરાય, વિજ્યા તણો નંદન,
બહોંતરલાખ પુરવ વરસ, આયુ ગજ લંછન. ૨

ચારસે અધિક પચાસ ધનુષ કાયા કંચન વાન,
સમ્મેતગીરિ સિદ્ધિ ગયા, અનંત ગુણ નીધાન. ૩

શરણે આવ્યો નાથજી, શરણાગત સુખકાર,
કર્મરોગ હર ધનવન્તરી, તાર તાર મુજ તાર. ૪

ગોપ નીર્યામક સાહિબાએ, વીનતિ એ અવધાર,
સહજ રાજેશ્વર જગ ધણી, કર ભવસાગર પાર. ૫

પછી જંકિંચી૰ નમુત્થુણં૰ સવ્વલોએ અરિહંત ચેઈયાણં૰ અન્નત્થ૰ કહી એક નવકારનો કાઉસ્સગ કરી પારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચે પ્રમાણે થાય કહેવી

વિજય વિમાનથી ચવ્યા વૈશાખ શુદ,
તેરસે અજીત જિન સ્વામીજી;
મહા શુદિની આઠમે પ્રભુ જનમ્યા,
તેજ નોમે દીક્ષાને પામીજી;
પોષ શુદિ અગ્યારસ કેવલ શિવ,
ચૈત્ર શુદ પંચમી નિઃકામીજી;
સહજ રાજેશ્વર ભવસાગરથી,
તારો સર્વે કર્મ વામીજી ૧

પછી જયવીયરાય, આભવમખંડા સુધી કહેવા; આ પ્રમાણે સર્વ તીર્થંકરોના દેવવંદનની વિધિ જાણવી એટલે કે સોળમા, બાવીશમા, ત્રેવીશમા અને ચોવીશમાં તીર્થંકર પ્રભુની દેવવંદનની વિધિ પ્રથમ પ્રભુના વિધિ પ્રમાણે જાણવી અને બાકીના પ્રભુની વિધિ બીજા અજીતનાથ પ્રભુની વિધિ પ્રમાણે જાણવી.

## શ્રી સંભવનાથનું ચૈત્યવંદન

પૂરવ પુન્યના યોગથી, શ્રી સંભવ જિનરાજ;
તુમ ચરણે શિર નામતાં, સફલ થયો દિન આજ. ૧
સાવત્થી પુરી જિતારીરાય, સેના માત મલ્હાર;
ચારસેં ધનુષનું શરીર સોહે, સુવર્ણ વર્ણાકાર. ૨
સાઠ લાખ પૂરવ આઉખું, અશ્વ લંછન મનોહર;
સમ્મેત શિખર શિવપદ લયા, વંદુ હું વારંવાર. ૩
નામ મંત્ર પ્રભુનુ હૃદય, સ્મરતાં પાપ પલાય;
મન વંછીત આવી મળે, અષ્ટ મહાભવ જાય ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવસુખ કારણ તું પ્રભુ એ, નોધારાનો આધાર;
સહજ રાજેશ્વર વિનતિ, ભવસાગરથી તાર. ૫

## થોય

પ્રણમું સંભવ જિનવરૂએ, મેરૂ ગીરિવર ધીર તો,
કઠીન કર્મને તોડવાએ, થયા છે પ્રભુ શૂરવીર તો,
અનંતાનંત ગુણે ભર્યાએ, પામ્ય ભવજળ તીર તો,
સહજ રાજેશ્વર સેવીએ એ, સાગર વર ગંભીર તો. ૧

## શ્રી અભિનંદનનું ચૈત્યવંદન

અભિનંદન જિનવર નમું, જગદાનંદ જયકાર;
વિશ્વ વંદ્ય પાવન પ્રભુ, શિવસુખ દાતાર. ૧
સંવર નૃપ કુલ દિનમણી, વિનિતા પુરીનો રાય;
માતા સિદ્ધાર્થા જનમીયા, કંચનવર્ણી કાય. ૨
સાડાત્રણસેં ધનુષની, કાયા કંચન વાન;
આયુલખ પચાસ પૂરવ, ભય ભંજન ભગવાન. ૩
શરણાગત વચ્છલ ધણી, સેવક શરણાધિન;
સહાય કરો પ્રભુ સદા, થાય મન મુજ લીન. ૪
અરજી એ અવધારજો, દાસ પોતાનો જાણી;
સહજ રાજેશ્વર તારજો, સાગર ગુણમણિ ખાણી. ૫

પછી જંકિંચિ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી થોય કહેવી

## થોય

જયંત વિમાન થકી સુખકારી, વૈશાખ શુદની ચોથ મનોહરી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહા શુદિ બીજે પ્રભુજી જાયા, તેજ બારસે જિન દીક્ષા પાયા,
સર્વ જીવ હિતકારી, પોષ શુદ ચઉદશે કેવળ પામી,
શુદિ આઠમ વૈશાખ શિવધામી, જન્મ મરણ દુ:ખ વારી,
અભિનંદન જિન સહજ રાજેશ, ભવસાગર કર પાર વિશ્વેશ,
સેવક મંગળકારી ૧

પછી જયવીયરાય આભવમખંડા સુધી કહેવા.

## શ્રી સુમતિનાથનું ચૈત્યવંદન

શ્રી સુમતિ જિનેશ્વર સેવીયે, સુમતિ તણાદાતાર,
મ્હારૂં મન સુમતિએ રમે, તિમ કર તું કિરતાર. ૧
ગર્ભે છતાં પણ માતને, સુમતિનો દેનાર,
તિણે નામ સુમતિ થયું, વદુ હું વારંવાર. ૨
અયોધ્યા નગરી રાજિયો, મેઘરાય કુલચંદ,
મંગલા માતા જન્મીઆ, ચિદાનંદ સુખકંદ ૩
ત્રણુસેં ધનુષનું દેહમાન, ક્રૌંચ લંછન જગભાણ,
ચાલીશ લાખ પૂરવ તણું, આયુ ગુણમણિ ખાણ ૪
શુભમતિ આપો સાહિબાએ, વિનતિ એ અવધાર,
સહજ રાજેશ્વર દેવ તું, ભવસાગર કર પાર. ૫

પછી જંકિંચી૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

### થોય

શ્રાવણ શુદ બીજે પ્રભુ ચવિયા, જયંત વિમાનથકી ભો ભવિયા;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતા ઉરસ હંસ, વૈશાખ શુદની આઠમે જન્મ્યા,
તેહિજ નોમે સંયમ પામ્યા, દિપાવ્યો નિજ વંશ;
ચૈત્ર શુદ્ધ અગ્યારસેં કેવલ લયા, તેહિજ નવમીયે શિવગતિ ગયા,
થયા જગત અવતંસ,
પંચમ જિનવરસુમતિ સ્વામી, અંતિમ અબ્ધિ અધિક ગુણધામી,
સહજ રાજેશ પ્રશંસ. ૧

પછી અર્ધ જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## ॥ શ્રી પદ્મપ્રભુનું ચૈત્યવંદન ॥

શ્રી પદ્મપ્રભુ જિનવર નમું, જન્મ સફલ જેમ થાય;
અનાદિ અનંત સંસાર ભય, વેગે વેગળો જાય. ૧
કૌશાંબી પુરી જનમીયાં, શ્રીધર જિનપતિ જિન તાત;
લંછન પદ્મ જિનરાજનું, સુશીમા દેવી માત. ૨
ત્રીસ લાખ પૂરવ તણું, આયુષ શ્રી જિનરાય;
સમ્મેતશિખર મુગતે ગયા, અઢીસેં ધનુષની કાય. ૩
આવાગમનના ચક્રમાં, ભમ્યો હું દેવ અપાર;
નિજાનંદ પામ્યો નહિ, પરમારથ સુખકાર. ૪
તિણ કારણ મુજ વિનતિ એ, અવધારો મહારાજ;
સહજ રાજેશ્વર તારજો, ગુણ સાગર જિનરાજ. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંતચેઇયાણં૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

ગ્રૈવેયક નવમાંથી ચવિ મહાવદ, છઠના દિવસે પદ્મ પ્રભસુખદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિલ કમલ આકાર, કાર્તકવદિ બારસે જિન જન્મ્યા;
તે વદિ તેરસે સંજમ પામ્યા, છકાય જીવ સુખકાર;
ચૈત્રી પુનમે કેવળનાણી, માગશર વદી અગ્યારસી જાણી;
ગયા શિવગતિ નિરધાર સહજ રાજેસર જગદાધાર;
કર ભવસાગરથી પ્રભુ પાર, સંસારના ફેરા નિવાર. ૧

પછી આભવમખંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી સુપાર્શ્વનાથ જિનનું ચૈત્યવંદન

સુપાર્શ્વનાથ પદ વંદતાં, પરમાનંદ પ્રકાશ;
કઠિન કર્મ દૂરે હરે, ચેતન થાય વિકાસ. ૧

જ્ઞાનાદિક ગુણ સંપજે, ધ્યેય પદે જિનરાજ;
ધ્યાવે જે ચિત્ત સ્થિર કરી, પરમાતમ સુખકાજ. ૨

વાણારસીનો રાજીયો, પૃથ્વી માત મલ્હાર;
પ્રતિષ્ઠિત નૃપ કુલ તિલો, સ્વસ્તિક લંછન ધાર. ૩

બસેં ધનુષ પ્રમાણ દેહ, દીપે સોવન વાન;
વીશ લાખ પૂરવ વરસ, આયુ શ્રી ભગવાન ૪

સહજ રાજેશ્વર સેવતા એ, સુખ સાગર ભરપુર:
અજ અવિનાશી ધ્યાવતાં, થાય કર્મ ચકચુર. ૫

## થોય

ભાદરવા વદની આઠમે ચવિયા, ગ્રૈવેયક છઠ્ઠાથી સ્વામીજી;
જેઠ શુકલ બારસે પ્રભુ જનમ્યા, તસ તેરસે સંયમ પામીજી;
ફાલ્ગુણ વદી છઠે થયા કેવલિ, તેની સાતમે શિવગામીજી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુપાર્શ્વજિનવર ભવસાગર હર, સહજ રાજેશ ગુણધામીજી. ૧

પછી જંકિંચી. નમુત્થુ સવ્વલોએ અરિહંતચે. અન્નત્થ કહી એક નવકાર કરી થોય કહેવી.

## શ્રી ચંદ્રપ્રભસ્વામીનું ચૈત્યવંદન

આનંદ ઉપનો અતિઘણો, દુધડે વુઠા મેહ;
ચંદ્રપ્રભ સ્વામી તણા, પામ્યો દર્શન જેહ. ૧
લખમણ ઉરસર હંસલો, પિતા મહસેન રાય;
ચંદ્રપુરીમાં જનમીયા, લંછન ચંદ્ર સોહાય. ૨
આયુ દશ લાખ પૂર્વનું, દોઢસે ધનુષની કાય;
સમ્મેત શિખર મુક્તિ ગયા, નિત નિત પ્રણમું પ્રાય. ૩
પાપ પડલ દૂરે ગયા, પવિત્ર થયો દિન આજ;
કરૂણા નિધિ વિશ્વેશ્વરા, દીઠા શ્રી જિનરાજ. ૪
દુસ્તર ભવ સાગર હરો એ, વિનતિ મુજ અવધાર;
સહજ રાજેશ્વર જગધણી, વંદુ વાર હજાર. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

ચૈત્ર વદી પંચમીચે ચવ્યાએ, વિજયંતથી અરિહંતતો
પોષ વદી બારસે જનમિયાએ, ચંદ્રપ્રભ ભગવંતતો;
તસ તેરસે દીક્ષા ગ્રહીએ, કેવલી ફાલ્ગુણ માસતો;
વદિ સાતમે સુદિ સાતમીએ ભાદરવે શિવ વાસતો;
આઠે કર્મ દૂર કર્યાએ; મેરૂ ગિરિવર ધીરતો;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહજ રાજેશ્વર સેવિયેએ, સાગરવર ગંભીરતો ૧

પછી આભવમખંડા સુધી જય વીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી સુવિધિનાથ જિનનું ચૈત્યવંદન

આજ સફલ નયનો થયા, નિરખ્યા સુવિધિ જિણંદ:
રોમ રોમ આનંદ થયો, જેન કજ દેખી દિણંદ. ૧
પુષ્પદન્ત ભગવાનના, પ્રેમે પ્રણમું પાય;
અક્ષિય વિધન સવિ, ઉપશમે, ભવોભવના દુઃખ જાય ૨
કાકંડી નગરી ભલી, જસ પિતા સુગ્રીવ રાય;
મગર લંછન ચરણે રહ્યો, રામા દેવી માય ૩
એકસો ધનુષની ઉજલી, ચંદ સમ વરણી કાય;
બે લાખ પૂરવ વરસનું, આયુ શ્રી જિનરાય. ૪
શ્રી સહજ રાજેશ્વર ગુણનીલોએ, કરૂણા રસ ભંડાર;
ભવસાગરમાં જહાઝ સમ, સેવક પરમ આધાર. ૫

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ સવ્વલોએ અરિહંત ચેઈયાણં૰ અન્નત્થ૰ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

ફાગણ વદિ બીજે ચવ્યાએ, નવમા સ્વર્ગ આણંત તો;
માગશર વદિની પંચમીએ, જન્મ્યા સુવિધિ અરિહંતતો;
તસ છઠે દીક્ષા ગ્રહીએ, છ કાય જીવ સુખકંદતો;
કાર્તિક શુદ ત્રીજે થયાએ, કેવલી જગદાનંદતો;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાદ્રપદ શુદી નવમીએ, સિદ્ધિ પદવી લહંતતો;
સહજ રાજેશ્વર વિનતિએ, કર ભવસાગર અંત તો. ૧

પછી આભવમખ્ખંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શીતલનાથ ચૈત્યવંદન

આજ સફલ દિન માહરો, દીઠા શ્રી જિનરાય;
નમતા શ્રી શીતલ પ્રભુ, આતમ શીતલ થાય. ૧
નંદા માત દઢરથ પિતા, ભદ્દિલપુરના સ્વામ;
શ્રીવચ્છ લંછન દીપતો, સમ્મેતગિરિ શિવધામ. ૨
નેવું ધનુષની શોભતી, કંચન વરણી કાય;
એક લાખનું આઉખું, વંદતાં પાપ પલાય. ૩
જિન પ્રતિમા જિન સારિખી, ભાખી સૂત્ર મઝાર;
હિત સુખ નિઃશ્રેયસ ભણી, વંદતા હોય નિરધાર ૪
સહજ રાજેશ્વર સેવતાં એ, પામ્યો પરમ નિધાન
સંસાર સાગરે ડુબતા, જીવને જહાઝ સમાન. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

વૈશાખ વદની છઠ્ઠે ચવિયા,
દશમા સ્વર્ગથી સ્વામીજી;
મહા વદી તેરસે જન્મ્યા જિનજી,
તેજ તેરસે દીક્ષા પામીજી;
પોષ વદ ચૌદશ દિવસે કેવલી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શીતલ જિનરાયાજી;
વૈશાખ વદ બીજે મોક્ષ પામ્યા,
સહજ રાજેશ વંદુ પાયાજી. ૧

પછી આભવમખંડા સુધી જય વીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી શ્રેયાંસનાથનું ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ ભગવાનના, દીઠા દરિશન આજ;
દરિશને દુઃખ દૂરે ટળ્યું, દરિશને સિદ્ધા કાજ. ૧
તાત વિષ્ણુ માત વિષ્ણુ, સિંહપુરીનો રાય;
ગેંડો લંછન ચરણ સેવે, એંશી ધનુષની કાય. ૨
લાખ ચોરશી વર્ષનું, આયુ શ્રી જિનરાય;
સમ્મેત શિખરે મુક્તિ ગયા, મોહ રાય હરાય. ૩
સમ્યક દર્શન પામતા, મિથ્યા દર્શન જાય;
દર્શન મોહીની કર્મનો, ક્ષય કે ઉપશમ થાય. ૪
સહજ રાજેશ્વર દર્શનેએ પામ્યો પરમાણંદ;
ભવસાગરમાં જીવને, તુજ દરિશન સુખકંદ. ૫

પછી જંકિંચી૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણં અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

અચ્યુત કલ્પથી શ્રી શ્રેયાંસ જિન, વદિ છઠે ચવિયાજી,
ફાગણ વદી બારસે જિન જન્મ્યા, ઇંદ્રાદિકે સ્તવિયાજી;
તસ તેરસે લે દીક્ષા કેવળી, અમાવાસ મહામાસજી,
શ્રાવણ વદી ત્રીજે શિવ પામ્યા, ભવસાગર તોડી પાસજી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી આભવમખંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન

શ્રી વાસુપૂજ્ય પરમાતમા, પરમદેવ જગનાહ;
ભવ અટવી ઓલંગવા, ભવિજન સારથ વાહ. ૧
વસુપૂજ્ય નૃપકુલ ચંદલો, ચંપાપુરીનો રાય;
જયામાતા મહિષ લંછન, વિદ્રુમ વરણી કાય. ૨
સિતેર ધનુષ પ્રમાણ દેહ, આયુ બોહતેર લાખ;
ચંપાપુરી મુગતિ ગયા, સુત્રાગમની સાખ. ૩
કરૂણાનિધિ નમતાં થકાં, પાપ પડલ ગયા દૂર,
જન્મ કૃતારથ માહરો, પ્રગટયા પુણ્ય અંકુર. ૪
સહજ રાજેશ્વર દેવને એ, વંદુ હું વારંવાર,
સ્વયંભુ રમણ સાગર થકી, અધિકા ગુણ ભંડાર. ૫

પછી જંકિચ. નમુત્થણં. સવ્વલોએ અરિહંત ચેઇયાણં. અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

પ્રાણતથી ચવિયા જેઠ સુદિ નવમી, શ્રી વાસુપૂજ્ય જિનરાયાજી,
ફાલ્ગુણ વદિ ચૌદશે પ્રભુ જનમ્યા, અમાવસે સંયમ પાયાજી,
મહા સુદિ બીજે કેવળી ચૌદશે, સુદિ આષાઢ શિવગામીજી,
કર ભવસાગર પાર સેવકને, સહજ રાજેશ્વર સ્વામીજી. ૧

પછી આભવમખંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી વિમલનાથનું ચૈત્ગવંદન

શ્રી વિમલનાથ જિનવર નમું, ચૈત્યવંદન કરૂં આજ,
આતમ વિમલતા કારણે, આલંબન જિનરાજ. ૧
પિતા કૃતવર્મા જેહનો, કંપીલપુરીનો રાય,
શ્યામા માતા વરાહ લંછન, કંચન સરખી કાય.
સાઠ લાખ વરસ આયુષ છે, સાઠ ધનુષ શરીર,
સમ્મેત શિખર મુગતે ગયા, સાગર વર ગંભીર. ૩
જિણંદ વિગતમલ આપ છો, કરો વિગતમલ મુજ,
શરણાગત વચ્છલ પ્રભુ, શરણ ગ્રહ્યો મેં તુજ. ૪
વિમલ ગુણે કરી શોભતાએ, સહજ રાજેશ્વર દેવ,
ગુણ સાગર મુજને હજો, ભવોભવ તુમ પાય સેવ. ૫

પછી જંકિંચ નમુત્થણું૰ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૰ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

### થોય

વૈશાખ સુદિ બારસે પ્રભુ ચવિયા, આઠમા કલ્પથી આવીજી.
મહ સુદ ત્રીજે વિમલ જિન જનમ્યા, તથ ચોથે દીક્ષા પાવીજી,
પોષ સુદ છઠે કેવલ નાણી, સહજ રાજેશ શિવ વરિયાજી,
અષાઢ વદની સાતમે સ્વામી, ભવસાગરથી તરિયાજી. ૧

પછી આભવમખંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી અનંતનાથ જિનનું ચૈત્યવંદન

શ્રી અનંતનાથ પય પ્રણમિયે, અનંતગુણના ધામ;
અનંત ચતુષ્કે અલંકર્યા, પામ્યા અનંતે આરામ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાતિહારજ આઠથી, ચાર અતિશય વંત
બાર ગુણે કરી શોભતા, પરમાતમ અરિહંત. ૨

અયોધ્યાપુરિનો રાજીયો, સિંહસેન રાયનંદ;
સુજસા જનની બાજ લંછન, દેખત પૂર્વ આનંદ. ૩

પચાસ ધનુષની શોભતી, કંચન વરણી દેહ;
ત્રીસ લાખનું આઉખું, શિખર સમ્મેત વિદેહ. ૪

તીર્થંકર પદ પુણ્યથીએ, સુરનર વર કરે સેવ;
નમતા ભવસાગર તરે સહજ રાજેશ્વર દેવ. ૫

પછી જંકિંચ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત૦ ચેઈયાણં અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય

સાતમ શ્રાવણ સુદિ પ્રાણત થકી ચવિયા અનંત જિનરાયાજી,
વૈશાખ વદિ તેરસે જિન જનમ્યા, ચૌદસે દીક્ષા પાયાજી;
તે તિથિએ કેવલ વર પામ્યા સહજ રાજેશ્વર સ્વામીજી,
ભવસાગર તરી ચૈત્ર સુદિ પંચમી શિવગતિ પામીજી. ૧

પછી આભવમખંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## ધર્મનાથ જિન ચૈત્યવંદન

ધર્મજિનેશ્વર ગુણનિધિ, ભેટયા સફલ દિન આજ
આતમ ધર્મ નિજ પામીયો, નમતા શ્રી જિનરાજ. ૧

રત્નપુરીમાં જનમીયા, સુવ્રતા દેવી માત;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વજ્ર લંછન કનકવર્ણું, ભાનુ નરપતિ તાત. ૨

તનુ પિસ્તાલીશ ધનુષનું, આયુ છે દશ લાખ;
સમ્મેત શિખરે મુક્તિ ગયા, શ્રી સિદ્ધાંતની સાખ. ૩

ધર્મ વિહુણો આતમા, ભમિયો કાળ અનંત;
ભવ કોડા કોડી લગે, પામ્યો નહિ દુઃખ અંત. ૪

ધર્મ જિનેશ્વર ચરણુ લહી, ભવસાગર તર જીવ;
સહજ રાજેશ્વર સેવતા, પામશે સૌખ્ય અતીવ. ૫

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૰ અને અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

વૈશાખ સુદની સાતમે એ, વિજયશ્રી ચવિયા જિણંદ તો;
મહા શુદ ત્રીજે જનમિયા એ, તેરસે થયા મુણિંદ તો;
પોષની પુનમે કેવલીએ, જેઠ શુદી પાંચમે શીવ તો,
ધર્મ જિનેશ્વર સેવતાંએ, તરે ભવસાગર જીવ તો. ૧

પછી આભવમંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શાંતિનાથ જિન ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સેવીએ, શાંતિ તણા દાતાર;
પંચમચક્રી સોલમાં, તીર્થંકર સુખકાર. ૧
વિશ્વસેન રાય કુલ તિલક, અચિરા દેવી માય;
કંચન વરણી દીપતી, ચાલીશ ધનુષની કાય. ૨
લાખ વરસનું આઉખું, મૃગ લંછન મનોહાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્મેતગિરિ સિદ્ધિ ગયા, પામ્યા ભવજલ પાર. ૩

નાથ નિર્યામક ગોપ તું, ભવ અટવી સથવાહ;

સેવક જાણી આપનો, તારક બિરૂદ નિવાહ. ૪

કર્મ રોગ હર ધનવંતરીએ, સહજ રાજેશ્વર દેવ;

ગુણ સાગર ભવ હજો, તુમ પાય કમલની સેવ. ૫

એહવા દેવાધિદેવની ગુણસ્તુતિ ભણું કહી ઉભા થઇ થોય બોલવી.

## શ્રી શાંતિજિન સ્તુતિ

(પાસ જિણંદા વામાનંદા એ રાગ)

શાંતિ જિણંદા અચિરા નંદા, વિશ્વસેન કુલ નભમણી

જગદાનંદા પાપનિકંદા, શાન્તિનિકેતન સુરમણી

પરમ મુણીંદા ભવ ભય ફંદા, ટાલે ભવિકના જગધણી,

પ્રભુમુખ ચંદ્રા નિરખી ઇંદ્રા, હરખે લે લુંછણા લળી. ૧

પારેવો ઉગારી જિનપદ ધારી, કરૂણાસિન્ધુ દયાનિધિ:

ભવિ નરનારી અગણિત તારી, વિચર્યા મહીયલ ગુણનિધિ.

રાગને વારી દ્વેષને મારી, ભવરણમાં જય કરી વિધિ;

શિવપુરી સારી શુભ શણગારી વિજય પતાકા ત્યાં ચઢી ૨

મનવીતરાગી રકતનીરાગી માંસ ઉજ્જવળ ક્ષીર સમ સદા,

જસ સૌભાગી વીણા વાગી, પ્રભુ તુજ આગમની મુદા,

કંચન કાયા નિર્મળ પાયા, રોગ પ્રસ્વેદ રહિત યદા,

આહાર નિહારા નયનની દ્વારા દેખે ન ચર્મ ચક્ષુ કદા. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નર તિરિ દેવા વાણી સુષમેવા, નિજ નિજ ભાષામાં લહે,
જ્યાં પ્રભુ વિચરે રોગ ન પ્રસરે, મુષક શલભ શુક નવ રહે,
ઈતિ ભીતિ મારી જગ ઉપકારી, જ્યાં પ્રભુ ત્યાંથી દૂર વહે,
સહજ કલામિધિ દષ્ટે ઉદધિ, ભરતી પામી ગહ ગહે. ૪

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી ચારિત્રાચાર વિશોધનાર્થં કાઉસગ્ગ કરૂં કહી અન્નત્થ કહી બે લોગસ્સ અથવા આઠ નવકારનો કાઉસગ્ગ કરવો પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો પછી પુક્ખરવરદી૦ વંદણ વત્તિઆએ૦ અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો. ત્યારબાદ સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી નમુત્થુણં૦ જાવંતિ જાવંત કેવિસાહુ૦ કહી અનંતાસિદ્ધને મારો નમસ્કાર હોજો ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સ્તવન સંદિસાએમિ બીજુ ખમાસમણ દઈ. સ્તવન ભણું નવકાર કહી સ્તવન બોલવું.

## શાંતિનાથનું સ્તવન

( વિદેશી કાપડ છોડો સ્વદેશ કાપડ પ્હોરો એ રાગ )

મંગળ મૂરતિ વિભુની કલ્યાણકારી પ્રભુની,
શાણા સજ્જન શાંતિ સ્વામિ સેવીએ (એ આંકણી)
શાંતિ પ્રભુની સેવા આપે તે શિવસુખ મેવા શાણા૦ ૧
પારેવા શરણે આવ્યો, સ્વદેહ દેઇ બચાવ્યો શાણા૦
ગર્ભે મારી નિવારી, શાંતિ જગ વિસ્તારી શાણા૦ ૨
હરિ ભયે મૃગલો ડરિયો ચિન બાને શરણે ધરીયો શાણા૦
એવા દીન દયાલા, શરણાગત પ્રતિપાલા શાણા૦ ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વસેન કુલ જાયા, જશ અચિરાદેવી માયા. શાણુા૦
જગવચ્છલ જગ ભાયા, પૂરવ પુન્યે પાયા. શાણુા૦ ૪
સોલમા જિનવર રાયા, પંચમ ચક્રી કણુયા. શાણુા૦
ચાલીશ ધનુષની કાયા, કંચન વરણી છાયા. શાણુા૦ ૫
દુઃખ દાવાનલ હરવા, સાનિધ શિવસુખ કરવા શાણુા૦
સહજ રાજેશ્વર વરવા, ભવસાગરને ઝટ તરવા. શાણુા ૬

પછી પુરા જયવીયરાય કહી ચૈત્યવંદન કરવું.

## શ્રી કુંથુંનાથ જિન ચૈત્યવંદન

કુંથુંનાથ જગદીશ તું, શરણાગતને તાર,
તારક જાણી આપને, શિર નામું નિરધાર ૧
ચક્ર ગજપુરીનો ધણી, પિતા સુર ભૂપતિ,
શ્રી દેવીમાય છાગ લંછન, સમ્મેતગિરિ શિવપતિ. ૨
પાંત્રીશ ધનુષનું સુવર્નવર્ન, સુંદર શરીર સાર;
સહસ પંચાણું વરસનું, જીવેત જિનવર તાર. ૩
વીતરાગ જયદેવ તું, રહિત દોષ અઢાર
તુજ આણા મુજ મન વસી, ભવોભવ સુખ દેનાર. ૪
આલંબન પ્રભુ આપનું એ, ભવસાગર હરનાર;
સહજ રાજેશ્વર વંદતા, સદા જય જયકાર. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણ૦ અને અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

શ્રાવણ વદી નવમી ચવ્યાએ; સર્વાર્થે જ્ઞાનની સાથ તો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાખ વદની ચૌદશે એ, જનમ્યા કુંથુનાથ તો,
પંચમી સંયમ કેવલી એ, ચૈત્ર શુદી ત્રીજે સાર તો,
વૈશાખ શુદીની એકમે એ, એ થયા ભવસાગર પાર તો, ૧

પછી આભવમખંડા સુધી જય વીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી અરનાથ જિનનું ચૈત્યવંદન

શ્રી અરનાથ આરાધીયે, કરી શુદ્ધ મન વચ કાય;
ભકિત બહુમાને કરી, નમતા શિવ સુખ દાય. ૧

સુદર્શન ભૂપતિ કુલ તિલક, દેવી માત સુખકાર;
લંછન નંદાવર્તનું નાગપુરી અવતાર. ૨

ત્રીશ ધનુષની દેહડી, વરસે ચોરાશી હજાર;
આયુ પાલી સમ્મેત શિખરે, પામ્યા સુખ શ્રીકાર. ૩

આજ સફલ દિન માહરો. તુજ દરિસણે જિનરાય;
પૂરવ પુન્યના ઉદયથી, ઉદ્યમ સફલો થાય. ૪

સહજ રાજેશ્વર વિનતિએ, અવધારો મહારાય
ભવસાગરથી તારજો, બેડો પાર જેમ થાય. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ અને અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

સર્વાર્થ વિમાનથી ફાગણ વદી ત્રીજે,
ચવ્યા શ્રી અરજિન રાયાજી,
જનમ્યા માગશર શુદની દશમે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્યારસે સયમ પાયાજી,
કેવલ પામ્યા કાર્તિક વદિ બારસે,
માગશદ શુદની તેરસેજી,
ભવસાગર તરી સહજ રાજેશ્વર,
મુક્ત નગરીમાં જઈ વસેજી. ૧

પછી આભવમખંડા સુધી જય વીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી મલ્લિનાથ જિન ચૈત્યવંદન

પૂરવ પુન્યે પામીઓ, દરસન શ્રી જિનરાજ;
મલ્લિનાથ ઓગણીસમા, પ્રગટયો આનંદ આજ ૧
મિથિલા નગરી નરપતિ, કુંભરાય જસ તાત;
માત પ્રભાવતી જનમીયા નીલકમલ સમ ગાત. ૨
પચીસ ધનુષનું દેહમાન, સમચોરસ સંઠાણ;
સહસ પંચાવન વરસનું, આયુ શ્રી જગભાણ. ૩
સમ્મેત શિખર ગિરિ ઉપરે, પામ્યા અવિચલ ઠાણ;
લંછન મંગલ કલશનું, કેવલ દંસણનાણ. ૪
સહજ રાજેશ્વર વિનવું એ, વિનતડી અવધાર;
ભવ સાગરથી તારજો, આવા ગમન નિવાર. ૫

પછી જંકિંચિ૦નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંતચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

જયંત વિમાનથી ફાગણ વદી ચોથે, ચવિયા મલ્લિ જિનેશ્વરજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માગશર શુદિ અગ્યારસે જનમ્યા, પોષ શુદિ પરમેશ્વરજી,
અગ્યારસે દીક્ષા કેવલ પામ્યા, ચૈત્ર શુદ ચોથ નિરવાણજી;
સહજ રાજેશ્વર ભવસાગર તરી, લયા અનંત સુખ ખાણજી. ૧

પછી આભવમખંડા સુધી જય વીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી મુનિસુવ્રત જિન ચૈત્યવંદન

શ્રી મુનિસુવ્રત સ્વામિના, પામ્યો દરિસણ આજ
સફલ થયો દિન માહરો, સિદ્ધા આતમ કાજ. ૧
રાજગૃહી નયરી પતિ, સુમિત્રરાય નંદન;
પદમા ઉરસર હંસલો, કચ્છપનું લંછન. ૨
વીશ ધનુષ પ્રમાણ દેહ, આયુ ત્રીશ હજાર;
ગિરિ સમ્મેતે સિદ્ધિ ગયા, અરિષ્ટરત્ન આકાર. ૩
કલ્પવૃક્ષને કામધેનુ, મલતા દિલ ઉલસાય,
તેથી અધિક જિન દર્શન સમકીતી હરખાય. ૪
ચિન્તિત ચિન્તામણી એ, સહજ રાજેશ્વર દેવ,
ભવસાગરમાં શરણ હજો, ભવોભવ તુમ પાય સેવ. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

અપરાજિતથી શ્રાવણ શુદ પુનમે
ચવિયા મુનિસુવ્રત સ્વામીજી,
જનમ્યા જેઠ વદ આઠમે ફાગુણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદી બારસે દીક્ષા પામીજી,
કેવલ જેઠ વદિની નવમીયે,
સહજ રાજેશ શિવ ગામીજી.
ભવસાગરથી પાર કરો નિજ,
સેવકને અંતર યામીજી. ૧

પછી આભવમખંડા સુધી જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી નમિનાથ જિન ચૈત્યવંદન

શ્રી નમિનાથ એકવીશમાં, પ્રેમે પ્રણમું આજ.
ચરણ કમળ જિનરાજનાં, સેવ્યા સિઝે કાજ. ૧
મિથિલા નયરી નરપતિ, વિજયરાય જસ તાત.
વપ્રાદેવી સુત નીલ કમલ, લંછન કંચન ગાત ૨
પન્નર ધનુષની દેહડી, શિખર સમ્મેતે સિદ્ધ,
દશ સહસનું આઉખું, પામ્યા અવિચલ રિદ્ધ. ૩
અતુલિ બલ અરિહંત છો, અશરણ શરણ ખાસ,
ચંદ્ર થકી અતિ નિર્મળા, રવિથી અધિક પ્રકાશ ૪
સુરગિરિવર સમ ધીરતાએ, સહજ રાજેશ્વર દેવ,
સાગરવર ગંભીર છો, પાર કરો તત ખેવ. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ સવ્વલોએ અરિહંત ચેઇયાણં૦ અને અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી થોય કહેવી.

## થોય

પ્રાણુત સ્વર્ગથી આસો સુદી પુનમે,
ચવિયા નમિજિન રાયાજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનમ શ્રાવણુ વદ આઠમે દીક્ષા,
આષાઢ વદ નોમે પાયાજી;
માગશર શુદ અગ્યારસે કેવલ,
વૈશાખ વદ નોમે શિવ ગયાજી,
સ્વયંભૂરમણુ સાગર ગુણુ અધિકા,
સહજ રાજેશ પદ લયાજી. ૧

પછી આભવમખંડા સુધી જયવીયરાય કહી ચૈત્યવંદન કરવું.

## શ્રી નેમનાથ જિન ચૈત્યવંદન

મંગલ કારણુ જગત પ્રભુ, અરિષ્ટ નેમિ ભગવાન;
વંદન કરૂં હું ભાવથી. જન્થ સૌરીપુરી ઠામ. ૧
સમુદ્ર વિજય ભૂપતિ તણો. નંદન આનંદ કાર;
માતા શિવાદેવી જેહની, લંછન શંખ ધરનાર. ૨
અરિષ્ટ નેમિ સમ શ્યામવર્ણ, દશ ધનુષ તનુમાન,
સહસ વરસનું આઉખું, ગિરનારે નિર્વાણ. ૩
કર્મયોગે હું અવતર્યો, દુઃષમ પંચમ કાળ;
રાજેમતિ જિમ તાર મુજ. આપ છો દિન દયાલ ૪
વિનતિ એ અવધારજોએ. સહજ રાજેશ્વર દેવ;
ભવસાગરથી પાર કર, કરૂ નિત્ય તુમ પાય સેવ ૫

એહવા દેવાધિદેવની ગુણ સ્તુતિ ભણું કહી ઉભા થઇ થોય કહેવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નેમનાથ જિન સ્તુતિ

## ત્રોટક છંદ

સરખા સહ બાળ ક્રીડા કરતા,
પ્રભુ આયુદ્ધ શાળા ભણી વળતા;
તવ શંખ કુકયો રમતાં રમતાં;
ચકડોળ ચઢી વસુધા દમતા. ૧

મન કાન ભણે મમ રાજ્યગ્રહે,
અહા ? નેમિકુમાર બલી સદ્દહે;
પરણાવું પ્રિયા સમજાવી કહી,
મમ રાજ્ય રહે સુખ સાજ યદિ ૨

કરી જાન સજાઇ ગયા પ્રભુજી
પશુડાંની સુણી અરજી જિનજી;
પરણ્યા ન વળ્યા બ્રહ્મચારી તદા,
લઈ સંજમ કાજ કરે પ્રભુદા. ૩

સુણી રાજુલ વ્યાકુળ થાય ઘણી,
નવ હાથ ગ્રહ્યો શિરઘો નિસુણી;
પ્રભુને પ્રમદા શિવરાજ્ય કરે,
ગુણસાગર નાગર ધ્યાન ધરે. ૪

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી ચારિત્રાચાર વિશોધનાર્થં કાઉસગ્ગ કરૂ કહી અન્નત્થ કહી બે લોગસ્સનો કાઉસગ્ગ કરવો, પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અને અન્નત્થ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો પછી પુક્ખરવરદ્દી૦ વંદણવત્તિઆ એ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો પછી સિદ્ધાણં બુદ્ધાણં૰ કહી નમુત્થુણં૰ જાવંતિ ચેઇયાઇ જાવંત કેવિસાહુ૰ કહી અનંતાસિદ્ધને મ્હારો નમસ્કાર હોજો કહી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સ્તવન સંદિસાએમિ ઇચ્છં ઇચ્છામિ૰ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સ્તવન ભણેમિ કહી એક નવકાર બોલી સ્તવન કહેવું.

## શ્રી નેમિનાથનું સ્તવન

(શમદમ ગુણના આગરૂજી૰ એ દેશી)

બાવીશમા જિનવર નમુંજી, શ્રી નેમિનાથ સુખકારૂ;
સમુદ્ર વિજ્ય નૃપ કુલરવિજી, શિવાદેવી માત મલ્હાર,
સોભાગી પ્રભુજી, તુમ સમ અવર ન કોઈ;
રાગિણી રાજેમતી તજીજી, બાલબ્રહ્મચારી હોઇ સોભાગી૰ ૧

બાલપણે અતુલી બલીજી, જઇ હરી આયુધશાલ,
સમવય મિત્રે પ્રેરીયાજી, શંખ ફુંકયો તત્કાલ સોભાગી૰ ૨

વિષ્ણુ મન શંકા પડીજી, બલ પરખી જિનરાજ,
સાજ સજ્યો વિવાહ તણોજી, ચડયા વરઘોડે વરરાજ સોભાગી૰ ૩

તોરણ જઈ રથ ફેરીયાજી, સુણી પશુડાનો પોકાર,
જગત જીવ બંધવ સમાજી, કરૂણા રસ ભંડાર. સોભાગી૰ ૪

રાજેમતિ વિનવે તદાજી, દે છે ઓલંભા અપાર,
જગવલ્લભ મુજ કાં તજોજી, પ્રભુ પરણો એકવાર સોભાગી૰ ૫

માત પિતા અનુમતિ લઇજી, સ્વામી દે વરસીદાન;
રેવતાચલ સહસાવનેજી; દીક્ષા લે શુભ જ્ઞાન. સોભાગી૰ ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ વરસનું આઉખુંજી, ગિરનારે ત્રણ કલ્યાણ;
શંખ લંછન દશ ધનુષનુંજી શ્યામસુંદર તનુવાન. સોભાગી૦ ૭
દીક્ષા લેઇ રાજેમતિજી, રથનેમિ આણ્યો ઠામ;
સહજ ગુણગણ સાગરૂજી, પામ્યા અવિચલ ધામ. સોભાગી૦ ૮
પછી પુરા જય વીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રીપાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

જય જય જગદાનંદ પ્રભુ, જગગુરૂ જગદાધાર.
જગ બંધવ જગ સત્થવાહ, જગજન તારણહાર. ૧
વાણારસી નયરી ધણી, અશ્વસેન કુલચંદ;
ચરણ સેવે નિત્ય જેહના, પદ્માવતી ધરણેંદ. ૨
વામાદેવી માત લંછન, અહિ નવકર કાય;
એકસો વરસનું આઉખું નીલ કમલ તનુ છાય. ૩
સમ્મેત શિખર ગિરિ ઉપરે, પામ્યા પદ નિર્વાણ;
પુરૂષાદાણી આપની, ભવ ભવ આંણ પ્રમાણ. ૪
શ્રી શંખેશ્વર સાહિબા, શાંમલીયા સુખકાર;
ચિંતિત ચિંતામણી ધણી, સેવક શિવ દાતાર. ૫
સ્વામી શરણે આવીયોએ, શરણાગત સાધાર;
શાંત સુધારસ સાગર, સહજ રાજેશ્વર તાર. ૬
એહવા દેવાધિદેવ તેહની ગુણ સ્તુતિ કહીયે.

## શ્રી પાર્શ્વનાથની સ્તુતિ

( પુણ્યનું પોષણ પાપનું શોષણ એ રાગ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વામાનંદન વંદન કીજે, ચંદન નિત્ય ચરચીજેજી,
અશ્વસેન કુળ નભ મણી પ્રકટ્યો, મંગળઅડ વરતીજેજી;
કુમરપણે પ્રભુ અશ્વ ખેલાવત, કમઠ તાપસને ભાળેજી,
પંચાગ્નિમાં બેસી કાષ્ટે, નાગ અજ્ઞાન પ્રજાળેજી. ૧
યોગીને કહે પ્રભુ હઠ યોગથી, હિંસા થાય સ્વભાવેજી,
તબ કહે યોગી યોગની વાતો, ન લહો અશ્વ ખેલાવોજી;
પછી વડ કાષ્ટ ચીરાવી પ્રભુએ, નાગ પ્રજળતો બતાવ્યોજી,
સેવક મુખ નવકાર સુણાવી, ધરણેંદ્ર પદ પર ઠાવ્યોજી. ૨
પ્રભુ દીક્ષા લઈ કાઉસગ્ગ ધ્યાને, ઉભા રહ્યા એક તાનેજી,
કમઠ થયો મરીને મેઘમાળી, દીઠા પ્રભુને અજ્ઞાનેજી;
મુશળાધારે જળ વરસાવ્યું, અડીયુ તે પ્રભુ નાકેજી,
આસન કંપ્યું નાગપતિનું, પ્રભુને શિર વહી ઢાંકેજી. ૩
ધરણેંદ્રે શિક્ષા કરી તેથી, કમઠ પ્રભુને ખમાવેજી,
વિચર્યા મહીયલમાં તે જિનપતિ, કેવળ કમળા પાવેજી;
ભવિ નરનારીને પ્રતિબોધી, સમ્મેત શિખર પ્રભુ જાવેજી,
અજરઅમર પદ શિવશ્રી પામ્યા, ભવસાગર ફરી નાવેજી. ૪

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી ચારિત્રાચાર વિશોધનાર્થં કરેમિ કાઉસગ્ગં કહી અન્નત્થ૦ કહી બે લોગસ્સ અથવા આઠ નવકારનો કાઉસગ્ગ કરવો પછી લોગસ્સ સવ્વલોએ૦ અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો પછી પુખ્ખરવરદ્દી૦ વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરી સિદ્ધાણં૦ બુદ્ધાણં૦ નમુત્થુણં૦ જાવંતિ ચેઇયાઇં૦ જાવંત કેવિસાહુ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહી અનંતા સિદ્ધજીને મ્હારો નમસ્કાર હોજો પછી નવકાર બોલી સ્તવન કહેવું.

## શ્રી પાર્શ્વનાથનું સ્તવન

( પ્રથમ જિનેશ્વર પ્રાણમીએ એ રાગ )

પ્રેમે પ્રણમું પ્રહસમે, પાર્શ્વજિનેશ્વર રાય;
દુષ્ટ કમઠ શઠ હઠ હણ્યો વેગથી જેણે પ્રભુ,
તેહના પૂજું પાય. પ્રેમે૦ ૧

કાષ્ટમાં બળતો નિવારીને, નવકાર મંત્ર સુણાય;
સુધા વૃષ્ટિ કૃપા દૃષ્ટિયે કરી નિરખતાં,
અહિ અહિશ્વર થાય, પ્રેમે૦ ૨

દીન દયાનિધિ દેવ એ, જગદુદ્ધારણ વીર;
સુરતરૂ સુરમણી સુરગવી અધિકે ઓળખો,
સુરગિરિ સમ વડધીર. પ્રેમે૦ ૩

સેવક શરણે આવીયો, પૂરો મનનીરે આશ;
ભવ દવ તાપ ત્રિવિધથી મુકત કરી પ્રભુ,
રાખે તુમારી રે પાસ. પ્રેમે૦ ૪

શામળા નવપલ્લવ પ્રભુ શ્રી શંખેશ્વર રાય,
સહજ કલનિધિ સાહિબ ગુરૂ સાનિધે કરી;
સાગર પ્રભુ ગુણ ગાય. પ્રેમે૦ ૫

પછી પુરા જયવીયરાય કરી ચૈત્યવંદન કરવું.

## શ્રી મહાવીર જિન ચૈત્યવંદન

આજ શુભોદય માહરો, કરૂણાનિધિ દીઠા;
આનંદ ઉરમાં ઉછળ્યો, કર્મ ગયા ધીઠા. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધારથરાય કુલમણિ, ત્રિશલા ઉરસર હંસ;
ક્ષત્રિય કુંડમાં જનમિયા, સકલ મુનિ અવતંસ. ૨
મૃગપતિ લંછન સુવર્ણ વર્ણ, સાત હાથ શરીર;
બહોંતેર વરસનું આઉખું, સાગરવર ગંભીર. ૩
પાવાપુરી મુગતિ ગયા; ચરમ જિનેશ્વર વીર;
શાસનપતિ સોહામણા; સુરગિરિ સમ ધીર. ૪
અહો પ્રભુ મુદ્રા પેખતાં, શાંતરૂપ સુખકાર;
ભાવ વીર મુજ સાંભરે, અનંત ગુણ ભંડાર. ૫
ચિત્ત સમાધિ કારણે એ, પ્રભુ તુજ ધ્યાન આધાર;
સહજ રાજેશ્વર સાહિબા, ભવસાગર હરનાર ૬

એહવા દેવાધિદેવ તેહની ગુણ સ્તુતિ ભણું કહી ઉભા થઇ થોય બોલવી.

## મહાવીર જિન સ્તુતિ

( અભિનંદન જિન વંદન કીજે એ રાગ )

શ્રી શાસનપતિ જગ જયકારી, અંતિમ જિનવરની બલિહારી,
નિકટ પ્રભુ ઉપકારી, સિદ્દારથ કુલ નભમણી ભારી
ત્રિશલા નંદનની જાઉં વારી, હરિ લંછન અવિકારી,
નયરી ક્ષત્રીકુંડ વાસ સ્વિકારી, બહોંતેર વર્ષનું આયુ ધારી
ભવિ નર નારી તારી, વસુમતિ ફરસી પાદ વિહારી,
ગ્રામ નગરપુર પાવનકારી શ્રી મહાવીર નમું દાડી. ૧
નાગ ડસ્યો ચંડકૌશિક કાળો, કરૂણા નજરથી નાથે વિહાળ્યો,
ભવનો ફેરો ટાળ્યો, અર્જુન માલી જે હત્યારો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપધરી સંજમ શ્રી દેઈ તાર્યો, મુજને કેમ વિસાર્યો;
સંગમના ઉપસર્ગનો ચાળો, ફેર કર્યો છ માહના કાળો,
તદપિ દયાશ્રુથી ભાળ્યો, ચંદન બાળાએ મુનિપતિ ભાળ્યો.
પ્રતિલાભિત અડદે મદ ગાળ્યો, મુક્તિનો પંથ નિહાળ્યો. ૨
તદ્ભવ મુક્તિ અવધિજ્ઞાને જાણે પણ તપ ઘોર પ્રમાણે;
કેવળ શ્રી ઘર આણે, ત્રિગડું દેવ રચે બહુમાને,
બાર પરખદામાં પ્રભુ જ્ઞાને, દેશના દે ગુણ ગાને;
અર્ધ માગધી ગિરાસુ પ્રમાણે માલકોશ રાગે તે સ્થાને,
અમૃત પાનના દાને, ચાર મુખે ધ્વનિ મેઘના માને;
ગાજે રાજે સોવન વાને, નરતિરિ સુર પ્રમાણે, ૩
તે જિનપતિની પૂજા કીજે, ભક્તિ સ્તુતિ કરી મન હરખીજે
માનવ ભવ ફળ લીજે, આધિ વ્યાધિ ઉપાધિ શમીજે,
વીર વીર નામ સદા સમરીજે, અડસિદ્ધિ નવનિધિ લીજે. ૪
પ્રભુપદ પંકજ ભવિ અલિ રીઝે, જિનગુણ ગંગાજલ નિત્ય પીજે;
કારજ સઘળાં સીઝે, સહજ કલાનિધિ સદ્ગુરૂ રીજે,
સાગરમાં શ્રુત ભરતી દીજે, જ્ઞાનામૃત રસ પીજે. ૪

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી ચારિત્રાચાર વિશોધનાર્થં કરેમિ કાઉસગ્ગં કહી અન્નત્થ૦ બોલી બે લોગસ્સ અથવા આઠ નવકારનો કાઉસગ્ગ કરવો પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો પછી પુખ્ખરવરદી૦ અરિહંત ચેઇયાણં૦ અન્નથ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ નમુત્થુણં૦ જાવંતિ ચેઇયાઇ૦ જાવંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવિસાહુ૦ કહી અનંતા સિદ્ધજીને મ્હારો નમસ્કાર હોજો કહી ઇચ્છામિ૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સ્તવન સંદિસાએમિ ઇચ્છામિ૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સ્તવન ભણેમિ પછી નવકાર બોલી સ્તવન કહેવું.

## મહાવીર જિન સ્તવન

(જગજીવન જગવાલ હો એ દેશી)

ચરમ જિનેશ્વર વીરજી, સેવકની અરદાસ લાલ રે;
સાંભળી સફલ કરો પ્રભુ, જેથી છુટે ભવ પાસ લાલ રે ચરમ૦ ૧
ભવ ભમતા મેં દેખીયા, તુમ વીના દેવ અપાર લાલ રે;
તે તો ભવ બંધમાં પડયા, કોણ છોડાવણહાર લાલ રે. ચરમ૦ ૨
શુભ પુન્યે હું પામીયો, જહાઝ સમો જિનરાય લાલ રે;
કૃપાદષ્ટિ કરીને પ્રભુ મેટો કરમ, અપાય લાલરે ચરમ૦ ૩
તુમ વિના ઔર મોહે નહિ, અવર વસિલો કોય લાલરે;
વિનતિ એ પ્રભુ માહરી, ચિત્તમેં ધરજો સોય લાલરે ચરમ૦ ૪
વડતપ ગચ્છે દીપતો, શ્રી પાર્શ્વચંદ્ર સૂરીંદ લાલરે;
સહજ કલાનિધિ સાહિબા, સાગરને ધીઆનંદ લાલરે. ચરમ૦ ૫

પછી જયવીયરાય પુરા કરી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

## શાશ્વતાશાશ્વતા જિન ચૈત્યવંદન

અનંત ચઉવીસી જિન નમું, સિદ્ધ અનંતિ કોડ;
કેવલનાણી થવિર સવિ, વંદુ બે કર જોડ. ૧
દો કોડી કેવવ ધરા, વિહરમાણ જિણ વીસ;

સહસ જુગલ કોટી નમું, સાધુ સવે નિસદીસ. ૨
પ્રતિમા પનરહ કોડીસય, વળી બેંતાલીશ કોડ;
લાખ અઠાવનતીસછહ, સહસ અસિ અધિક જોડ. ૩
એ છે પ્રતિમા જિનતણી, ઉદ્ધ અહો તિરિ લોય;
અરિહંત ભાવ જુહારતાં, જિણ સરિસો ફલહોય. ૪
રૂષભ ચંદ્રાનન જાણિયે, વારિષેણ વર્દ્ધમાન;
ચાર નામ એ સાસતા, પ્રણમું મન ધરી ધ્યાન. ૫
ઇણે નામે નહુ કોહુવા, ન હુવે ન હુસ્યે કોઈ,
જઇ એહની પ્રતિમા ભણું, તો સાસતી ન હોઈ ૬
આદિ અંત જેહનો નહિ, તે સાસતી કહાય;
તાસ પટંતર જિણ પડિમા, મણુઅલોક ઇહ થાય. ૭
નર નરપતિ જે કારવી, અ સાસતી તે જાણ;
જે હુવા જે હુવે જે હુસ્યે, જિણવરગુણમણિ ખાણ. ૮
અષ્ટાપદ સમેત શિખર, શત્રુંજય ગિરનાર;
અર્બુદ ગામાગર નગર, જિહજિહ જિનહ વિહાર. ૯
જિહાં મુનિવર અણસણ કરી, મુકિત ગયા જિણ ઠામ;
સિદ્ધક્ષેત્ર તસુ દંસણે શુભફલ શુભ પરિણામ. ૧૦
ભરતેસર નરવઇ પમુહ, કરાવી મન ભાય;
તે જિન પ્રતિમા વંદતાં, દૂરે દુરીત પલાય ૧૧

## ।। શ્રી શાશ્વતા જિન સ્તુતિ ।।

રૂષભ ચંદ્રાનન, વારિષેણ વર્દ્ધમાન;
એ ચારે શાશ્વતા, જિનને કરૂં પ્રણામ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉર્ધ્વલોક જિન મંદિર, ચોરાસી લખ પ્રમાણ;
તેમાંહિ પ્રભુ શોભે, જિનબિંબ સર્વ જાણ. ૧
એક અબ્જ બાવનક્રોડ, લાખ ચોરાણું પાઠ;
સહસ ચૌમાલીસ, સાતસે ઉપર આઠ;
જીવાભિગમ સૂત્રે ભાખ્યો એ જિન પાઠ;
સાત ક્રોડને બોંતેર, લાખ દેવલનો ઠાઠ, ૨
ભુવન પતિમાં ભખ્યા, એ જિન ભવન ઉદાર;
તેર અબ્જને નેવ્યાસી, ક્રોડ ઉપર ધાર,
સાઠ લાખ તસ પર, સર્વ બિંબ વિચાર;
વંદુ વલી પ્રણમુ, જિન મુર્તિ ઉદાર. ૩
તિર્છા લોકમાં, શાશ્વતા ચૈત્ય હોય;
ત્રણ સહસ દોસય; ઓગણસાઠ તે જોય;
ત્રણ લાખ એકાણું, સહસ ત્રણસે વીશ
એ સર્વ શાશ્વતી. પ્રતિમા કહે જગદીશ. ૪
વ્યંતર જ્યોતિષીમાં, વળી શાશ્વતી કહાય;
ભરતાદિ ક્ષેત્રે ત્રણ કાલે જે જિન થાય:
ચાર નામ એ નીશ્ચે, જિમવરના આવે,
જે નિત ઉઠી પ્રણમે, તે ભવ સાગર નાવે. ૫ ઇતિ.

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ જાવંત બે ખમાસમણા સહ સ્તવનને આદેશ માગી એક નવકાર ગણી ઉવસ્સગહરં૦ બોલી જ્યવીયરાય કહી એક ખમાસમણા દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શાશ્વતા અશાશ્વતા જિન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ ઉસસિએણં કહી ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારિ પ્રગટ લોગસ્સ કહી, મોટી શાંતિ કહેવી.

## ।।શ્રી બૃહચ્છાંતિ સ્તોત્રમ્ ।। ( મોટી શાંતિ )

ભો ભો ભવ્યાઃ શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્, યે યાત્રાયાં ત્રિભુવનગુરો–રાર્હતા ભક્તિભાજ તેષાં શાંતિર્ભવતુ ભવતા મર્હદાદિપ્રભાવાદારોગ્યશ્રી ધૃતિમતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ ।।૧।। ભો ! ભો ! ભવ્યલોકા ! ઇહિ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં સમસ્તતીર્થકૃતાં જન્મન્યાસનપ્રકંપાનંતરમવધિના વિજ્ઞાય સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટાચાલનાનન્તરં સકલસુરાસુરેંદ્રૈઃ સહ સમાગત્ય સવિનયમર્હદ્ભટ્ટારક ગૃહીત્વા ગત્વા કનકાદ્રિશૃંગે વિહિતજન્માભિષેકઃ શાંતિમુદ્‌ઘોષયતિ, યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા મહાજનો યેન ગતઃ સ પંથાઃ ઇતિ ભવ્યજનૈ સહ સમેત્ય સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્‌ઘોષયામિ તત્પૂજાયાત્રાસ્નાત્રાદિ મહોત્સવાનંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ।।૨।। ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં ભગવંતોઽર્હંતઃ સર્વજ્ઞાઃસર્વદર્શિન સ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતા સ્ત્રિલોકપૂજ્યા સ્ત્રિલોકેશ્વરા સ્ત્રિલોકોદ્યોતકરાઃ ।।૩।। ૐ ઋષભ અજિત–સંભવ–અભિનંદન સુમતિ પદ્મપ્રભુ-સુપાર્શ્વ ચંદ્રપ્રભ –સુવિધિ –શીતલ–શ્રેયાંશ–વાસુપૂજ્ય-વિમલ- અનંત–ધર્મ –શાંતિ–કુંથુ – અર–મલ્લિ–મુનિસુવ્રત-નમિ નેમિ–પાર્શ્વ વદ્ધમાનંતાઃ જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા ।।૪।। ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજયદુર્ભિક્ષકાંતારેષુ દુર્ગમાર્ગેષુરક્ષંતુ વો નિત્યં સ્વાહા ।।૫।। ૐ હ્રીં શ્રી ધૃતિ–મતિ-કીર્ત્તિ–કાંતિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિલક્ષ્મી મેધા વિદ્યાસાધન-પ્રવેશનિવેશનેષુ સુગૃહીતનામા-નોજયંતુ તે જિનેંદ્રાઃ ॥ ૬ ॥ ૐ- રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા વજ્રાંકુશી અપ્રતિચક્રા પુરૂષદત્તા કાલી-મહાકાલી ગૌરી-ગાંધારી સર્વાસ્ત્રા મહાજ્વાલા માનની વરૂચ્યા-અછુપ્તા-માનસી-મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા ॥ ૭ ॥ ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિચાતુર્વર્ણ્યસ્ય શ્રીશ્રમણસંઘસ્ય શાંતિ ર્ભવતુ તુષ્ટિર્ભવંતુ પુષ્ટિર્ભવતુ ॥૮॥ ૐ ગ્રહાશ્ચન્દ્રસૂર્યાંગારકબુધબૃહસ્પતિશુક્ર શનૈશ્ચરરાહુકેતુસહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરૂણ કુબેર વાસવાદિત્યસ્કંદવિનાયકાપેતા યે ચાન્યેપિ ગ્રામનગર-ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં અક્ષીણકોશ-કોષ્ટાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા ॥ ૯ ॥ ૐ પુત્ર-મિત્ર -ભ્રાતૃ-કલત્ર સુહૃદ સ્વજનસંબધિ બંધુવર્ગસહિતા નિત્યં ચામોદપ્રમોદકારિણઃ અસ્મિંશ્ચ ભૂમંડલાયતનનિવાસિ-સાધુ -સાધ્વી-શ્રાવકઃશ્રાવિકાણાં રોગોપસર્ગવ્યાધિદુઃખદુર્ભિક્ષદૌર્મ-નસ્યોપશમનાયશાંતિર્ભવતુ ॥ ૧૦ ॥ ૐ તૃષ્ટિ પુષ્ટિ ઋદ્ધિવૃદ્ધિ માંગલ્યોત્સવા, સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાનિ; શત્રવઃ પરાઙ્મુખા ભવતુ સ્વાહા ॥ ૧૧ ॥ શ્રીમતે શાંતિનાથાય નમઃ શાંતિવિધાયિને ત્રૈલોકયસ્યાઠમરાધીશ મુકુટાભ્યર્ચિતાંઘ્રયે ॥૧॥ સાંતિ શાંતિકરઃ શ્રીમાન્ શાંતિ દિશતુ મે ગુરૂઃ, શાંતિરેવ સદા તેષાં યેષાં શાંતિર્ગૃહે ગૃહે ॥ ૨ ॥ ઉન્મૃષ્ટ રિષ્ટદુષ્ટ-ગ્રહગ-તિદુસ્વપ્ન દુર્નિમિત્તાદિ સંપાદિતહિતસંપન્નામગ્રહણં જયતિ શાંતે ॥ ૩ ॥ શ્રી સંઘજગજ્જનપદ-રાજાધિપરાજ સન્નિવેશાનાં ગોષ્ઠિકપુરમુખ્યાણાં વ્યાહરણૈર્વ્યાહરેચ્છાંતિં ॥ ૪ ॥ શ્રી શ્રમણસંઘ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ય શાંતિર્ભવતુ, શ્રી જનપદાનાં શાંતિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ, શ્રી રાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ, શ્રી ગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ શ્રી પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ શ્રી પૌરજનસ્ય શાંતિર્ભવતુ શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા એષા શાંતિ: પ્રતિષ્ઠાયાત્રા સ્નાત્રાદ્યવસાનેષુ શાંતિકલશં ગૃહીત્વા કુંકુમચંદનકર્પૂરાગુરૂ ધુપવાસકુસુમાંજલિસમેત:સ્નાત્રચતુષ્કિકાયાં શ્રી સંઘસમેત: શુચિશુચિવપુ: પુષ્પવસ્ત્રચંદનાભરણાલંકૃત: પુષ્પમાલાંકંઠે કૃત્વા શાંતિમુદ્ઘોષયિત્વા શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ-નૃત્યંતિ નૃત્યં મણિપુષ્પવર્ષં સૃજંતિ ગાયંતિચ મંગલાનિ., સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન કલ્યાણભાજો હિ જિનાભિષેકે ॥ ૧ ॥ શિવમસ્તુ સર્વજગત: પરહિતનિરતાં ભવંતુ ભૂતગણા:; દોષા: પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવંતુ લોકા: ॥ ૨ ॥ અહં તિથ્થયરમાયા સિવાદેવી, તુમ્હ નયરનિવાસિની; અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ॥ ૩ ॥ ઉપસર્ગા: ક્ષયં યાંતિ છિદ્યંતે વિઘ્નવલ્લય:, મન: પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે ॥ ૪ ॥ સર્વમંગલમાંગલ્યં સર્વ કલ્યાણકારેણં પ્રધાનં સર્વધર્માણા જૈનં જયતિ શાસનમ્ ॥ ૫ ॥

તે પછી નવ નવકાર ગણી શ્રી શત્રુંજયના નવ ખમાસમણ દેવા તે નીચે પ્રમાણે.

શ્રી સિદ્ધાચલ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર; શ્રી પુંડરીક ગણધરાય નમો નમ: ૧

શ્રી વિમલાચલ સિદ્ધક્ષેત્ર અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણધરાય નમો નમઃ ૨

શ્રી શાશ્વતગિરિ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક ગણધરાય નમો નમઃ ૩

શ્રી મુકિત નિલય સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક ગણધરાય નમો નમઃ ૪

શ્રી મહા તિર્થંગિરિ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક ગણધરાય નમો નમઃ ૫

શ્રી અકર્મંકય સિદ્ધક્ષેત્ર; અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક ગણધરાય નમો નમઃ ૬

શ્રી સર્વકામદાય સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક ગણધરાય નમો નમઃ ૭

શ્રી શત્રુંજય સિધ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક ગણધરાય નમો નમઃ ૮

શ્રી પુંડરીક ગિરિ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર શ્રી પુંડરીક ગણધરાય નમો નમઃ ૯

તે પછી નીચે હાથ રાખી બોલવું જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વિર્યાચાર એ પંચ વિધ આચારમાંહી જે કોઇ દુષણ લાગ્યું હોય તે સવી હું મન વચન કાયાએ કરી તસ્સમિચ્છમિ દુકકડં ઇતિ ચોમાસી દેવવંદન સંપૂર્ણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ નંદીશ્વરનું સ્તવન ॥

નંદીશ્વર બાવન જિનાલય, શાશ્વતા ચઉમુખ સોહે રે;
રૂષભાનન ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન મન મોહે રે.
॥ નંદીશ્વર૦ ॥૧॥

આઠમોદ્વીપ નંદીશ્વર અદભુત, વલયાકારે બિરાજે રે;
તેહને મધ્યચિહું દિસિ શોભત, અંજન ગિરિવર છાજે રે.
॥ નંદીશ્વર૦ ॥૨॥

જોજન સહસ ચોરાસી ઉંચા, ઉંચપણે અભિરામા રે;
॥ નં૦ ॥૩॥

તે ઉપર પ્રાસાદ પ્રભુના, અતિ ઉત્તંગ ઉદારા રે;
સાધુ જંઘા વિદ્યા ચારણ, વંદે વિવિધ પ્રકારા રે.
॥ નં૦ ॥૪॥

ચૈત્યે ચૈત્યે એકસો ચોવીસ, બીંબ સંખ્યા સવી દાખી રે;
ધ્યાવો સેવો ભાવિજન ભકતેં, શુધ્ધ આતમ કરી સાખી રે.
॥ નં૦ ॥૫॥

ઉંચપણે સહુ જોજન બહુતેર, સો જોજન આયામા રે;
પહુલ પણે પચાસ જોજનનાં, પ્રભુ પ્રાસાદ સુઠામા રે
॥ નં. ॥૬॥

ધનુષ પાંચશેં આયત પ્રભુની, વિવિધ રત્નમય કાયા રે;
જિન કલ્યાણક ઓછવ કરવા, સુરપતિ ભકતેં આયા રે.
॥ નં૦ ॥૭॥

અંજન અંજન ગિરિચિહું ઉચરે, ચો મુખ વાવ વિશાલા રે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાવ વાવ વચ્ચે એક એક પર્વત, રાજ તરંગ રાસાલા રે.
॥ નં૦ ॥ ૮ ॥

ચોસઠ સહસ જોયણુ ઉત્તંગે, દશ સહસ સમ પહુલા રે;
ચિહુંદિસિ સોલસોહે દધિમુખગિરિ, તિહાં પ્રાસાદ સુવિશાલારે.
॥નં૦ ॥ ૯ ॥

વાવ વાવને અંતર વિદીશે, રતિકર પર્વત રૂડાં રે;
હોય હોય સંખ્યા વિદીશે, કહ્યા નહીં એ કુડા રે.
॥નં૦ ॥ ૧૦ ॥

જોજન સહસ માન દશ ઉંચા, દશ દશ સહસ વિસ્તારા રે.
જલ્લરી સમ સંઠાણુ જગતગુરૂ, નિશ્ચય એહ નિરધારારે.
॥ નં૦ ॥ ૧૧ ॥

તે ઉપર પ્રાસાદ સતોરણુ, અંજન ગિરિ પરમાણે રે,
જિન પડીમાની સંખ્યા તેહીજ, શ્રી જિનરાજ વખાણે રે.
॥ નં૦ ॥ ૧૨ ॥

એમ પ્રાસાદ પ્રભુના બાવન, નંદીશ્વર વરદ્વીપેં રે;
દ્રવ્ય ભાવ વિધિ પૂજા કરતાં, મોહ મહાં ભડજીપે રે.
॥ નં૦ ॥ ૧૩ ॥

પ્રવચન સારોદ્દાર પ્રકરણે, જિવાભિગમે જાણો રે;
એમ અધિકાર છે ગ્રંથ અનેકે, ઇહાં શંકા મત આણો રે.
॥ નં૦ ॥ ૧૪ ॥

સુરપતિ વિરચે તીહાં પૂજા, તે અનુભવ ઇહા લાવો રે;
ધ્યાવો જેમ પામો પરમાતમ, જૈન ચંદ્ર ગુણ ગાવો રે.
॥ નં૦ ॥ ૧૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ શ્રી સીમંધર સ્વામીનું સ્તવન ॥

( નદી યમુના કે તીર ઉડે દોય પંખીયા ॥ એ દેશી )

પરમ પુરૂષ જિનરાજ છો ત્રિભુવન પતિ,
શ્રી સીમંધર સ્વામિ સુણો અમ વિનતિ;
તુમ છો સર્વ સુજાણ જાણોછો જે છતી,
તો પણ નિજ મન વાત કહું છું તુમ પ્રતી. ॥૧॥
આ મુજ આતમ લાખ ચોરાસી યોનિમાં,
રડ વડીયો બહુ વાર નિગોદના ભવનમાં,
જન્મ મરણના દુઃખ અનાદિ મેં સહ્યા,
કિણ વિધ કૃપા નિધાનજી જાયે તે કહ્યા. ॥૨॥
ઇમ ભમતાં કોઈ કાલ સુકૃત સંયોગથી,
પામ્યો મનુષ્યપણુ નિજ અશુભ વિયોગથી;
તિહાં પણ દુર્લભ આર્ય દેશ કુલમેં લહ્યો,
જિહાં કિણ સકલ સુધર્મનું સાધન જિન કહ્યો. ॥૩॥
રાગે ઇંદ્રીય પંચ તણે રાતો રહ્યો,
રામા ધન રસ રંગે હીયડે ગહ ગહ્યો;
પ્રેમે નિજગુણ છંડી રમ્યો પર પુદગલે,
જીત્યો વાર અનંત વિષય તૃષ્ણા જલે. ॥૪॥
નાચ્યો નવ નવ વેષ આશ્રવના નાચમાં;
મોહ્યો મુજ નવિ મન સંવરનાં સાચમાં,
શ્રી ગુરૂ મુખથી વચનામૃત ધારાજસી,
શ્રી જિનવાણી સુણી પણ હીયડે નવિ વસી. ॥૫॥
જગ તારક જે દેવ નમ્યો જગ રીતથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગી દ્વેષી દેવ સેવન કરી પ્રીતથી;
કુચ્છિત ધર્મ પ્રકાશક ગુરૂ ગુરૂમતિ ભજ્યા,
તેહના ભાષિત વાકય સાચા કરી પડિ વજ્યા. ॥૬॥
આરાધન શ્રી સંયમ રયણનું નવિ કર્યું,
નિપટ ક્રિયા કરી કપટેં પાપે તેનું ભર્યું;
લોક મુખેં નિજ શુભ જસ વાસ ગવાઈયો,
ધન્ય ધન્ય જગેં એમ પ્રતિષ્ટા પાઇઓ. ॥૭॥
એમ ભ્રમ ભૂલો ભ્રમર સંસાર નિવાસમાં,
ભ્રમણ કર્યાં ભવ ભૂર ગૃહસ્થો વાસમાં;
અવ્યા બાધ અનંતની પ્રાપ્તી તુમ તણા,
ચરણાર્ચં નમેં આધીન સાધન એ વિના. ॥૮॥
કરતા કારણ શુદ્ધ લબ્ધિ તાયે કરી,
કરતવ્યની કરે સિદ્ધ નિર્યામક આદરી;
જો કાર્યની મુખ્યતા પ્રભુ તાહરે વિષે;
તો હવે ગૌણની ઇષ્ટતા કુણ મન ઇષે. ॥૯॥
ભોજન ભવ્ય પામીને કટુકને કોણ ભખે,
કોણ મૂરખ પીતરને કનક પણે ઓલખે;
સ્વપ્નાંતર પણ સ્વામિ અવરસુર નાવિગમે,
તુમ મુખચંદ્ર દેખીને મુજ મન તું રમે. ॥૧૦॥
વચને શ્રી વિતરાગ ઘણું શું દાખીયેં,
દાસની સુણી અરદાસ સેવક કરી રાખીયેં;
અંતર યામી શુદ્ધ રયણત્રિક આપજો,
ભવ ભવ એહિજ તત્વની રૂચિ થિર થાપજો. ॥૧૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગ પ્રધાન શ્રી જયચંદ્રસુરિ પક્ષે વડા,
જયવંતા બુધ્ધસ્યામજી મુનિગણ પરવડા,
તસુ સેવક શ્રી ગુલાલચંદ્ર કવિરાયનો,
બોલે મુનિ ગુણચંદ્ર સ્તવન જિનરાયનો. ॥૧૨॥

## કલશ

ઈમજિન પુરંદર મહિમાં સુંદર શ્રી સીમંદર જિનવરો,
વિનવ્યો ભકતેં ભાવ યુકતેં દેવ પરમ દયા કરો;
સંવત સતરસેં ત્રાણું વરસેં પોષ સપ્તમ ઉજળી,
વિનતિ કરતાં શુભ મહોદય ગુણ અધિક આશા ફળી ॥૧૩॥

## — અક્ષયનિધિ તપ —

આ તપ શાસ્ત્રીય ભાદરવા વદ પાંચમ અને ગુજરાતી શ્રાવણ વદ પાંચમથી શરૂ કરાય છે. અને ભાદરવા શુદ પાંચમ ( સંવત્સરી ) ના દીવસે પુરૂં થાય છે.

આ વાત ધ્યાનમાં રાખવાની કે જે ચોથથી શરૂ કરીને ભાદરવા શુદ ચોથના દીવસે પુરૂં કરવાનું લખ્યું છે તે તપ-ગચ્છવાલા સંવત્સરી ચોથની કરે છે તે કારણથી ચોથ લખી નાખી છે. ગચ્છ-મતના કદાગ્રહને લઇ પાંચમની વિરાધના કરતા પણ ડરતા નથી. સં. ૨૦૦૨ની સાલમાં અક્ષય નિધિ તપની વિધિની ચોપડી જે ધર્મસાગરજી મહારાજે છપાવી છે તેમાં સુંદરીની કથા આપી છે. તે કથામાં પણ ભાદરવા શુદ ચોથ સંવત્સરીના દીવસે એ તપ પુરૂ કર્યું ને ભાદરવા શુદ પાંચમના દીવસે સંઘ સહિત પારણું કર્યું એમ લખ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાદરવા શુદ પાંચમના દિવસે પારણુ કરવાનું લખતાં, એ પણ ખ્યાલ રાખ્યો નથી કે ચોથની સંવત્સરી તો પાંચમાં આરામાં કાલકસૂરીના વખતથી ચાલી છે. તે પહેલાં પાંચમની જ સંવત્સરી થતી હતી અને પાંચમા આરામા અક્ષય નિધિ તપ કરી, આઠે કર્મનો નાશ કરી, કેવલ જ્ઞાન પામી, કોઈ સુંદરી મોક્ષે ગઇ નથી અને આ સુંદરી તો મોક્ષે ગઇ છે.

## —અક્ષયનિધિ તપની વિધિ—

ઉપાશ્રય આદિ કોઇ શુદ્ધ પવિત્ર સ્થાને સુંદર કપડાની ઓરડી બાંધી તેમાં ઉંચ્ચાસને કલ્પસૂત્ર આદિ ૧૯ સૂત્રોની સ્થાપના કરવી. મહોત્સવ પૂર્વક તે પછી ભૂમિને શુદ્ધ કરી તેના પર જ્ઞાનની સામે ગહુંલી કરી તેના પર કલશ (કુંભ) ની સ્થાપના કરવી એ કલશ ચાંદી, અથવા કોઈ ધાતુનો અથવા માટીનો ચીત્રામણ કરી સ્થાપવો તે કલશની ગંધ ધુપ પુષ્પાદિ વડે પૂજા કરવી તે કલશમાં યથા શક્તિ ચાંદી નાણું, આનો, પૈસા, બદામ, સોપારી, ચોખા વિગેરે નાખવા. જમણી બાજુ ઘીનો દીવો અને ડાબી બાજુ ધુપ રાખવો આ બધું પતી ગયા પછી,

પ્રથમ ઇરિયાવહિયં, તસ્સ, અન્નત્થ કહી એક લોગસ્સ નો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! અક્ષયનિધિ તપ આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં કહી જ્ઞાનનું ચૈત્યવંદન બોલી પછી જંકિંચિ નમુત્થુણં૦ જાવંતિ, જાવંતકે. બોલી સ્તવનનો આદેશ માગી એક નવકાર ગણી "જ્ઞાન નીરંતર વંદીએ" એ સ્તવન બોલી જય વીયરાય૦ કહી સવ્વલોએ અરિહંત ચેઇઆણં૦ અન્નત્થ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહી એક લોગસ્સના કાઉસગ્ગ કરી શ્રુતજ્ઞાનની સ્તુતી નીચે મુજબ બોલવી.

સુય દેવયા ભગવઇ, નાણા વરણીય કમ્મ સંઘાયં;
તેસિં ખવેઉ સચયં, જેસિં સુય સાયરે ભત્તિ ॥૧॥

તે પછી એકાસણાના પચ્ચખાણ લેવા. એ બધું પતી ગયા પછી અંજલીમાં યથા શકિત રૂપાનાણું, આનો કે પૈસા, સોપારી, ચોખા લઈ નીચે મુજબ મંત્ર બોલવો.

"ૐ હ્રીં શ્રી પરમાત્મને નમઃ જ્ઞાન પદેભ્યઃ કલશં યજા મહે સ્વાહા." એ મંત્ર બોલી કલશમાં અંજલી નાખવી દરરોજ સોળ દીવસ સુધી એ પ્રમાણે કરવું. સોળમે દીવસે કળશ પૂર્ણ ભરાઇ જાય તે પ્રમાણે અંજલી રોજ નાખવી ૧૫ દીવસ સુધી એકાસણા કરવા (મોટી તીથીએ ઉપવાસ કરવો હોય તો થઇ શકે) છેલ્લા દીવસે એટલે ભાદરવા સુદ પાંચમના દીવસે ઉપવાસ કરવો. પારણું છઠના દીવસે આવવું જોઇએ. જ્ઞાનપદના આરાધન માટે ૫૧ ખમાસમણા દેવા તે નવપદની ઓળીમાં જ્ઞાનપદના ખમાસણા લખ્યા છે તે મુજબ દેવા અને દર ખમાસમણે નીચે મુજબ દુહો બોલવો.

શ્રી શ્રુત જ્ઞાનને નિત નમો, ભાવ મંગલને કાજ;
પૂજન અર્ચન દ્રવ્યથી, પામો અવિચલ રાજ. ॥૧॥

સાથીયા વિગેરે ૫૧-૫૧ સમજવા. અને ૐ હ્રીં નમો નાણુસ્સ એ પદની રોજ ૨૦ નવકારવાલી ગણવી. એ પ્રમાણે ચાર વરસ લાગઠ કરવાથી એ તપ પૂરો થાય છે બે વાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિક્રમણ, ત્રણ વખત દેવવંદન વિગેરે વિધિ દરેક તપમાં કરવાનું હોય છે તે ધ્યાનમાં રાખવું. જેટલા જણા એ તપ કરે તેટલા માણસ દીઠ એક એક કળશ સમજવો. ઈતિ

## વર્ધમાન તપનું ચૈત્યવંદન

વર્ધમાન તપ કીજીએ, પ્રતિદીન વધતે ભાવ;
દુષ્ટ કર્મ કાટ ન કુઠાર, ભવ જલ તારવા નાવ. ૧
રોગ અઢારે ઉપસમે, ક્ષુદ્રોપદ્રવ પલાય;
સુર નરપતિ આવી નમે, પ્રેમે પ્રણમે પાય. ૨
આશા ઇચ્છા પરિહરી કીજે તપ એ ખાસ;
ભવભવ ભ્રમણ તો ટળે, પામે મોક્ષ નિવાસ. ૩
ખાંડા ધાર સમ તપ કહ્યો, તિર્થંકર પદ દાતા;
શ્રી મુખ વીર વિભુ પ્રકાશે, આપે પૂર્ણ શાતા. ૪
તપ સાથે જે જપ કરે, કરે સમતા સાથ,
સહજ કલાનિધિ સાહિબા, બને તે જગનો નાથ. ૫

## વર્ધમાન તપની સ્તુતિ

( અજિતે ભવરણમાં જીત્યા કર્મ કઠોર-એ રાગ )

ભવિયણ શુભ ભાવે વર્ધમાન તપ કીજે,
પૂર્વ નિકાચીત કર્મ જે તે તતક્ષણ સવિછીજે,
સદા સમ ભાવમાં રહીને જ્ઞાનામૃત રસ પીજે,
એ સુંદર તપ તપતાં કાર્ય સઘળા તે સીજે. ૧
સર્વ તપ શિરોમણી વર્ધમાન તપ ભાખ્યો,
તસ આરાધન કેરો, વિધિ આગમમાં દાખ્યો,
મન વચ કાયા યોગથી જેણે આત્મા વશ રાખ્યો,
સ્વકૃત કર્મ ખપાવી ભવ ભય દૂરે નાખ્યો. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિન પૂજા ગુરૂ સેવા અહિંસક ધર્મ જે પાળે;
ક્રોધ માન ને માયા લોભ કષાય ને ટાળે;
વળી વિષ થકી વિરૂવા મૂલ વિષય ના બાળે;
એ રીતે તપને કરતાં શિવ વધુ સુખ ભાળે. ૧
ખાંડાની ધાર સમ એ તપ તપે જે શૂર;
તિર્થંકર પદ પામી પામે સુખ ભરપૂર;
શ્રી સંઘ સુખદાયક શ્રી પાર્શ્વચંદ્ર સૂર;
વર્ધમાન તપ કરે જે પામે તે સુખ પ્રસુર. ૪

## — શ્રી વર્ધમાન તપનું સ્તવન —

(મનડું કામહીન બાજે હો કુંથુ જિન–એ દેશી)

વર્ધમાન તપ કરીએ હો ભવિજન, વર્ધમાન તપ કરીએ,
વર્ધમાન તપ વધતું જાણે, એ તપ કરી ભવ તરીએ,
હો ભવિજન, વર્ધમાન તપ કરીએ. ૧
એક આયંબીલ ને એક ઉપવાસ, એ પહેલી ઓળી જાણો,
પછી બે આયંબીલ ને એક ઉપવાસ, એ બીજી ઓળી પ્રમાણો,
હો ભવિ૦ ૨
ત્રણ આંબીલ ઉપર ઉપવાસ, એ ત્રીજી ઓળી કહીએ,
ચાર આંબીલ ને વળી ઉપવાસ, એ ચોથી ઓળી સદહિએ,
હો ભવિ૦ ૩
પાંચ આંબીલ ઉપર ઉપવાસ, એ પાંચમી ઓળી પુરી,
વીશ દીન લગી લાગટ કરીયે, એ પાંચ ઓળી કહી ધુરી,
હો ભવિ૦ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭ આંબીલ ને સાતમું ઉપવાસ, એ છઠ્ઠી ઓળી કહીએ,
એમ આંબીલ ઉપર ઉપવાસ, વધતે પરિણામેં લહીએ,
હો ભવિ૦ ૫

એમ વધતાં સો ઓળી કીજે, તો એ તપ પૂરણ થાય,
સો ઉપવાસને આંબીલ સંખ્યા, પ્રાંચ સહસ્ર પચ્ચાસ કહાય,
હો ભવિ૦ ૬

ચૌદ વરસને ત્રણ માસ, વીશ દીવસે એ તપ પુરો,
વચ્ચે એકે પારણુ ન કરે તો, એ તપ ન રહે અધુરો,
હો ભવિ૦ ૭

શ્રી જિન પુજા સદ્ગુરૂ ભકિત, અહિંસક ધર્મને પાળે,
શ્રી વર્ધમાન તપને તપતાં, નિશ્ચેતે શિવ સુખ ભાળે,
હો ભવિ૦ ૮

ખાંડાની ધારે ચડતે પરિણામે, એ તપ કરે જે ઉમંગે,
તિર્થંકર પદવીને પામે, એ તપ તણે પ્રસંગે,
હો ભવિ૦ ૯

શ્રી સર્વજ્ઞ પ્રભુયે એમ પ્રકાશ્યું, સિદ્ધાંત થકી તે જાણો,
ચંદ કેવળી કેવલ પામ્યો, વળી ભીમસેન મહા રાણો,
હો ભવિ૦ ૧૦

એમ સંખ્યાતિત મોક્ષે પહોતા, ભવિષ્ય કાલે પણ જાસે,
એમ જાણી એ તપ કરો પ્રાણી, જગત ગુરૂ એમ પ્રકાશે,
હો ભવિજન વર્ધમાન તપ કરીએ, ૧૧ ઇતિ.

ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તવન દેવવંદનમાં તથા પ્રતિક્રમણમાંજ વદ્ર્ધમાન તપના બોલવા પણ દેરાશરમાં પ્રભુ આગળ ન ખોલવા આટલું ધ્યાનમાં રાખવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વર્દ્ધમાન તપની સઝાય

## દુહો

વર્દ્ધમાન જિન પાય નમું, પ્રતિ દિન વધતે ભાવ;
વર્ધ્ધમાન તપ કીજીએ, એ આત્મ સાધન દાવ૦ ૧

## ઢાળ પહેલી

સમ્યકત્વવંત ભવિ આતમા, તપ કરે વર્દ્ધમાન લાલરે;
અગ્ગી તાપે કંચન કંચન હુવે, તેમ પ્રગટે આત્મ નિધાન લાલરે.
સમ્યકન્વવંત ભવિ આતમા૦ ૧
રત્નત્રયી પ્રાપ્તિતણો, ઉત્તમ એહ ઉપાય લાલરે;
કર્મમળ કાટન કહ્યો, એ ઉત્તમ સાબુ કહાય લાલરે. સ૦ ૨
પાંચે ઇંદ્રિય વશ રહે, મન વચ કાયા શુદ્ધ થાય લાલરે;
જેહથી ભવ ભ્રમણ ટળે. એમ કહે જિનરાય બાલરે. સ૦ ૩
તપ તલવાર ગ્રહી આતમાં, કાપજે દોષ અઢાર લાલરે;
વિષય કસાયને મારજે, વારજે દુષ્ટ વિચાર લાલરે. સ૦ ૪
સમતા ભાવમાં ઝીલીને, એ તપ કરજે કઠોર લાલરે;
શુદ્ધ શિયલવ્રત પાળજે, જેહથી મોહ ભાગે ચોર લાલરે. સ૦ ૫
તીવ્ર તપ રૂપ ઘંટી ભલી, માંકડી તે ક્ષમા જાણ લાલરે;
ધીરજ રૂપ હાથો ભલો, મન ખીલી લ્યો પ્રમાણ લાલરે. સ૦ ૬
તે તપ રૂપ ઘંટી ફેરજે, પીલજે કર્મરૂપ ધાન લાલરે;
ભવસાગર તરવા તણો, એ ઉપાય છે પ્રધાન લાલરે. સ૦ ૭
ખાંડાની ધારે ચાલજે, તિહાં ન કરતો પ્રમાદ લાલરે;
શ્રી જિનવર એમ ઉપદેશે. તો મળશે શિવ પ્રાસાદ લાલરે.
સમ્યકત્વવંત ભવિ આતમા૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ઢાળ બીજી )

## વર્ધ્ધમાન તપની સઝાય

( મને સંસાર શેરી વિસરીરે લોલ—એ દેશી )

શ્રી વર્દ્ધમાન તપ આદરોરે લોલ, એથી તે ભવદુઃખ જાયજો;
શોક સંતાપ સહુ દૂરે ટળેરે લોલ, ક્ષુદ્રોપદ્રવ દૂર પલાયજો.
શ્રી વર્દ્ધમાન તપ આદરોરે લોલ. ૧

શ્રી વર્દ્ધમાન તપ કરતાંથકાંરે લોલ, શ્રી સમકિત નિર્મળ થાયજો;
એથી અનાદિ ભવ ભ્રમણ ટળેરે લોલ, અષ્ટ કર્મ ચકચુર થાયજો.
શ્રી વર્દ્ધમાન૦ ૨

રાજગ્રહિ નગરીનો રાજીઓરે લોલ, ભીમશેન વર ભુપજો;
સુશીલા મહાસતીનો કંથલોરે લોલ, ઇંદ્રિસમાન જેનું રૂપજો.
શ્રી વર્દ્ધમાન૦ ૩

ચક્રવર્તિંસમ જેની સંપદારે લોલ, ઋદ્ધિવૃદ્ધિ તણો નહિ પારજો;
નિત નવલા વેશ ને ભોજન ભલારે લોલ, પુત્ર કલત્ર સહુ સુખકારજો.
શ્રી વર્દ્ધમાન૦ ૪

પુર્વસંચોત કર્મે દુઃખભોગવ્યું રે લોલ, વલી વિપત્તિનો નહિ પારજો;
સમતાભાવે કૃત કર્મ ભોગવ્યારે લોલ, અંતે પામ્યા છે સુખ અપારજો
શ્રી વર્દ્ધમાન૦ ૫

જ્ઞાની ગુરૂમુખથી સાંભળીરે લોલ, પુર્વભવના કર્મતણી વાતજો;
તે સાંભળી પાપથી થરથરે લોલ, જેણે કર્મના ફલ જોયા સાક્ષતજો.
શ્રી વર્દ્ધમાન૦ ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદી નમિ મુનિને પુછીયુંરે લોલ, ભવથી મુકત કેમ થવાયજો;
તવ જ્ઞાની ગુરૂએ એમ ભાખીયુંરે લોલ, તપ વદ્ધમાનથી તરાયજો.
શ્રી વદ્ધમાન૦ ૭

તે સાંભળી ભીમ ભુપતિરે લોલ, વદ્ધમાન તપલીયે સ્વીકારજો;
રાજ વૈભવ ભોગ ભલા તજીરે લોલ, વદ્ધમાન તપ કરે એકધારજો
શ્રી વદ્ધમાન૦ ૮

ચૌદ વર્ષ ત્રણ માસ ઉપરે રે લોલ, વીશ દીવસે તપ પુર્ણ કીધજો;
તેણે પારણું એકે નવિ કર્યું રે લોલ કઠીન કર્મને સીખ પુર્ણ દીધજો.
શ્રી વદ્ધમાન૦ ૯

અંતે રાજ રમણી ત્યાગીનેરે લોલ, લીધો સંયમ સુખકારજો;
શુકલ ધ્યાને કેવલ પામીયારે લોલ, પોચ્યા પોચ્યા મોક્ષ મોજારજો
શ્રી વદ્ધમાન૦ ૧૦

ભુત ભાવિ વર્તમાન કાલમાંરે લોલ,તપતપ્યાતમે,તપશેભવિજીવજો;
આઠ કર્મને અળગા કરીરે લોલ, પોચ્યા પાંચશે અસંખ્ય શિવજો.
શ્રી વદ્ધમાન૦ ૧૧

ખાંડાની ધારે એ તપ જે તપેરે લોલ, તિર્થંકર પદવી તે પાયજો;
શ્રી ત્રિભુવન પતિ તે બનેરે લોલ, ગુરૂ પાર્શ્વચંદ્ર સુરિપક્ષાયજો.
શ્રી વદ્ધમાન૦ ૧૨

સંવત ૨૦૧૯ સાલમાંરે લોલ, ભાડીયા ગમે એ તપ વખાણાયજો;
જે એ તપ કરે ને કરાવશેરે લોલ, તેના મનોવાંછીત પુરાયજો,
શ્રી વદ્ધમાન તપ આદરોરે લોલ ૧૩ ઇતિ સંપૂર્ણ.

## વર્ધમાન તપનું ગરણુ તથા ખમાસમણુ

"ૐ હ્રીં નમોતવસ્સ" એ પદથી ગણણુ ગણે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દુહો બોલવો:—

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ;
પચ્ચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૧

તપ ઉજ્જવલ વર્ણે છે. બાર ભેદે સહિત છે, તે તપને મારો નમસ્કાર હોજો ઇચ્છામિ ખમાસમણો૦ એ રીતે બાર ખમાસમણ, બાર લોગસ્સનો કાઉસગ્ગ બાર સાથીયા, બાર ફળ મુકવા. જો ઓં હ્રીં નમો અરિહંતાણં એ પદથી ગણણુ ગણે તો નીચેનો દુહો બોલવો.

પરમપંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિનભાણ. ૧

અરિહંત ભગવાન શ્વેતવર્ણે છે, બાર ગુણે સહિત છે, તેવા અરિહંત ભગવાનને મારાં નમસ્કાર હોજો. ખમાસમણા વગેરે બાર બાર દેવા. "ૐ હ્રીં નમો સિદ્ધાણં" એ પદથી ગણણુ ગણો તો ખમાસમણ વિગેરે આઠ આઠ સમજવા અને દુહો નીચે મુજબ બોલવો.

ગુણ અનંત નિર્મલ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મ મલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૧

સિદ્ધ પદ રકત વર્ણે છે, આઠ ગુણે સહિત છે. એવા સિદ્ધપદને મારો નમસ્કાર હોજો. ઇચ્છામિ ખમાસમણો૦ "ૐ હ્રીં વર્ધમાન તપ સર્વજ્ઞાય નમ." એ પદથી ગણણું ગણે તો

વદ્ધર્માન તપ જે કરે, દિન દિન વધતે ભાવ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સો ઓળી સંપૂર્ણ કરે, નિશ્ચે શિવપુર ઠાવ•

આ દુહો બોલવો ખમાસમણ વિગેરે બાર બાર સમજવા. એ ચાર પદમાંથી ગમે તે પદને ગણણું ગણી શકાય છે.

## ।। વર્ધમાન આયંબિલ તપની વિધિ ।।

પ્રથમ એક આયંબિલ કરી બીજે દીવસે ઉંપવાસ કરવો. પછી બે આયંબિલ ઉપર એક ઉપવાસ પછી ત્રણ આયંબિલ ઉપર એક ઉપવાસ, પછી ચાર આયબિલ ઉપર એક-ઉપવાસ પછી પાંચ આયંબિલ ઉપર એક ઉપવાસ એવી રીતે પાંચ ઓળી એક સાથેજ કરવી. એ પ્રમાણે પાંચ ઓળી થઇ કહેવાય અને વદ્ધર્માન તપનો પાયો નાખ્યો ગણાય. તે પછી છ આયંબિલ ઉપર એક ઉપવાસ એ છઠ્ઠી ઓળી થઈ પછી સાત આયંબિલ ઉપર એક ઉપવાસ એમ વધતાં વધતાં છેક સો આયંબિલ ઉપર એક ઉપવાસ કરે ત્યારે ૧૦૦ ( સો ) ઉપવાસ થાય અને પાંચ હજાર પચ્ચાસ આયંબિલ થાય એ મહાતપનું એક સાથે સેવન કરે તો (વચ્ચે પારણું ન કરે) ચૌદ વર્ષ ત્રણ મહીના અને વીશ દિવસે સંપૂર્ણ થાય. આ અધિકાર અંતગડ દશાંગ સૂત્રમાં છે.

વદ્ધર્માન તપનું ગણણું ૐ હ્રીં નમો અરિહંતાણં અથવા ૐ હ્રીં નમો સિદ્ધાણં અથવા ૐ હ્રીં નમોતવસ્સ અથવા ૐ હ્રીં શ્રી વદ્ધર્માન તપ સર્વજ્ઞાય નમ: એ ચારમાંથી ગમે તે પદની ૨૦ નોકરવાલી ગણવી અને સાથીયા, ખમાસમણા વિગેરે પદના ગુણ પ્રમાણે કરવા. જે પદની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોકરવાલી ગણીએ તેજ પદના ગુણ પ્રમાણે સાથીયા વિગેરે કરવા અને નીચે પ્રમાણે દુહો બોલી ખમાસમણ દેવા :—

## દુહો

વર્ધમાન તપ જે કરે, દિન દિન વધતે ભાવ;
સો ઓળી સંપૂર્ણ કરે, નિશ્ચે શિવપુર ઠાવ. ૧ ઇતિ.

## ॥ દશ પચ્ચખાણ તનની વિધિ ॥

પહેલા દીવસે ઉપવાસ (૨) એકાસણું (૩) એક ચોખો ખાવો-એક ચોખાનું આયંબિલ (૪) નીવી કરવી (૫) અજાણ્યો માણસ પીરસે ઢોકળાનું આયંબિલ કરવું (૬) પારકા ઘરે એકાસણું કરવું. (૭) છાતી સુધી ઉચ્ચા પાટલા પર ભાણું માંડી ભુખ પ્રમાણે પીરસવું એકલઠાણું એકાસણાનું પચ્ચખાણ કરવુ અને જમતી વખતે એક હાથ પલાંઠી ઉપર રાખવો અને બીજા આગોપાંગ હુલાવ્યા શીવાય એક હાથે ખાવુ. (૮) એક કોળીયો ખાવાનું એકાસણું કરવું. (૯) એક વાસણમાં પાણી ભરીને ઢાંકવું અને બીજામાં ઘી ભરીને ઢાંકવું, તે નાના છોકરા પાસેથી ઉઘડાવે તેમાં પહેલું ઘીનું ઉઘાડે તો એકાસણું અને જો પાણીનું ઉઘાડે તો આયંબિલનું પચ્ચખાણ કરવું. પચ્ચખાણ ઉઘાડયા પછીજ લેવું. એ ઢાંકયું ઉઘાડયાનું પચ્ચખાણ જાણવું. અને (૧૦) ખાખરાનું આયંબિલ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## — દશ પચ્ચખાણનું ગણુણું વિગેરે —

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ શ્રી અક્ષય સમકિતતાયનમ: | સાથીયા- | ૬૭- | ખ૦ ૬૭ | ફુલ ૬૭ | નો. ૨૦ |
| ૨ શ્રી સમકિતાય નમ: | ,, | ૧૭ ,, | ૧૭ ,, | ૧૭ ,, | ૨૦ |
| ૩ શ્રી કેવલનાણીનાથાય નમ: | ,, | ૮ ,, | ૮ ,, | ૮ ,, | ૨૦ |
| ૪ શ્રી એકત્વગતાય નમ: | ,, | ૨૧ ,, | ૨૧ ,, | ૨૧ ,, | ૨૦ |
| ૫ શ્રી સર્વંગતાય નમ: | ,, | ૩૧ ,, | ૩૧ ,, | ૩૧ ,, | ૨૦ |
| ૬ શ્રી ગોયમ સ્વામિને નમ | ,, | ૪૫ ,, | ૪૫ ,, | ૪૫ ,, | ૨૦ |
| ૭ શ્રી અક્ષય સ્થિતયે નમ: | ,, | ૨૮ ,, | ૨૮ ,, | ૨૮ ,, | ૨૦ |
| ૮ શ્રી પ્રવ્રતાય નમ: | ,, | ૯૦ ,, | ૯૦ ,, | ૯૦ ,, | ૨૦ |
| ૯ શ્રી મુનિશ્વરાય નમ: | ,, | ૧૩ ,, | ૧૩ ,, | ૧૩ ,, | ૨૦ |
| ૧૦ શ્રી અક્ષય નિધિનાથાય નમ: | ,, | ૧૨ ,, | ૧૨ ,, | ૧૨ ,, | ૨૦ |

## ક્ષીર સમુદ્ર તપ વિધિ

ક્ષી સમુદ્ર તપ પર્યુષણ પહેલા આદરવો એકાસણા આઠ ઉપર એક ઉપવાસ કરવો, ખીર, ખાંડ અને ઘી સ્વામિભાઇને ખવડાવવું, જ્ઞાન પુજન કરવું ઇતિ.

બીજી રીતે એ તપ આ પ્રમાણે થાય છે. ભાદરવા સુદ છઠના દીવસે પારણું આવે તેમ પર્યુષણમાં શરૂઆત કરવી. સાત ઉપવાસ એક સાથે કરવા. પારણે ખીર ગુરૂને વહોરાવી પછી ખીર ખાઇ એટલે ખીરનુંજ એકાસણું કરવું સ્વામિ વાત્સલ્ય તથા જ્ઞાન પુજન કરવું.

## પોષ દશમી તપની વિધિ

પોષ વદ (ગુજરાતી માગશર વદ) નવમીના દીવસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાકર અગર ખાંડનું પાણી ગરત પી એકાસણું કરવું. દશમીને દીવસે ભરે ભાણે ઠામ ચૌવીહારનું એકાસણું કરવું. અને શ્રી પાર્શ્વનાથાયાર્હતે નમ: એ મંત્રની ૨૦ નોકારવાલી ગણવી. એકાદશીના દીવસે પણ એકાસણું ભરે ભાણે કરવું. એમ એ વ્રત ૧૦ વર્ષ સુધી કરવું. એ બન્ને એકાસણામાં ખીર, ભાત, રોટલીજ બનતા સુધી લેવા. ઇતિ.

## રોહિણી તપની વિધિ

વૈશાખ માસમાં અક્ષય તૃતીયા (અખાત્રીજ) ના રોજ રોહિણી નક્ષત્ર આવે તે દીવસે શરૂ કરાય છે, તે સાત વરસ ને સાત માસ સુધી કરવો. ઉપવાસના દીવસે શ્રી વાસુપૂજ્ય પ્રભુની પૂજા કરવી. પાંચ સાથીયા, પાંચ ફુલ, પાંચ ખમાસમણા દેવા ને ૨૦ નોકરવાલી ગણવી. "ૐ હ્રીં શ્રી વાસુપૂજય જિનાય નમ:" એ મંત્રથી ૨૦ નોકરવાલી ગણવી અને—

રોહીણી જે તપ તપે, પામે અક્ષય સુખ;<br>
રોહીણી રાણી પરે, ટાળે સગળા દુ:ખ ૧

એ દુહો બોલી શ્રી વાસુપૂજ્ય જિનાંય નમ: કહી પાંચ ખમાસમણા દેવા. ઇતિ.

## વર્ષીતપની વિધિ

ગુજરાતી ફાગણ વદ આઠમથી શકિત હોય તો પ્રથમ અઠ્ઠમ કરી શરૂઆત કરવી. પછી એકાંતરે ઉપવાસ કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ તેર મહીના ને અગીયાર દીવસે અક્ષય વીજના દીવસે પારણું કરાય છે તેમના ચૌદશના દીવસે ખાધાવાર આવતો હોય તો જો શકિત હોય તો છઠ્ઠ કરી લેવો અને ત્રણ ચોમાસીના-૧૪-૧૫ના છઠ્ઠ કરવા તેમ બે દીવસ ખાધાવાર ન આવવા જોઇએ.

છેવટે ચૈત્ર વદ તેરસથી વૈશાખ સુદ ત્રીજ આવે ત્યાં સુધી ખાવાવાર ન આવવો જોઈએ, છેવટે છઠ્ઠથી ઓછે પારણું ન કરવું.

પારણે રૂપાનો ઘડો ઘણોજ નાનો બનાવાય છે તે ઘડા ૧૦૮ શેરડીના રસના અગર સાકારના પાણીના પીવા-ઠામ ચૌવીહાર કરવો.

ઉપવાસના દિવસે નીચેનો દુહો બોલી બાર ખમાસમણ દેવા.

દુહો.

તેર માસ અગીયાર દિન, ઉપવાસી રૂષભ જાણ;<br>
તે કારણ વરસીતપ કરો, પ્રગટે કે વલનાણ. ૧

તથા ઉપવાસના દિવસે સાથીયા, ફ્લ, ખમાસમણા વિ. બાર-બાર દેવા. ગણણું ગણવાનો મંત્ર "શ્રી રૂષભનાથાય નમઃ" છેલ્લે દીવસે દેવ ગુરૂની પૂજા કરી સ્વામી વાત્સલ્ય યથા શકિત કરવું. ઇતિ:

## મેરૂ ત્રયોદશી (તેરસ તપની વિધિ)

પોષ વદી (ગુજરાતી) અને મારવાડી મહા વદી તેરસને દીવસે શકિત હોય તો ચૌવીહારો ઉપવાસ કરવો, પાંચમેરૂ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાંદીના અગર ચોખાના મોટા કરવા. તેની આગળ ચાર દિશાએ નાના ચાર મેરૂ કરવા. તેની આગળ ચારે દીશાએ ૪ નંદાવર્ત સાથીયા કરવા. દીવો, ધૂપ કરવા એવી રીતે તેર મહીના અગર તેર વરસ સુધી કરવું. ઉપવાસના દીવસે સાથીયા વિગેરે બાર બાર કરવા અને શ્રી રૂષભ દેવ સ્વામિ પારંગતાય નમઃ એ પદની ૨૦ નોકરવાલી ગણવી તથા નીચે મુજબ દુહો બોલી ખમાસમણ દેવા.

દુહો

પોષ વદી તેરસ દીને, રૂષભ દેવ નિર્વાણ;
તે કારણ આરાધિએ, મેરૂ ત્રયોદશી જાણ. ૧

## દરેક તપમાં નીત્ય કરવાની ટુંક વિધિ.

બે વખત પ્રતિક્રમણ, ત્રણ વખત દેવવંદન, પ્રભુની અંગ પુજા, જમીન ઉપર સુવું, બ્રહ્મચર્ય પાળવું, પારકી નિંદા, ઈર્ષા. અદેખાઈ, ક્રોધ વિગેરેનો ત્યાગ કરવો, અને ત્યાં સુધી મૌન રહેવું અને કોઇ પણ ફળની ઇચ્છા રાખ્યા વિના તપ કરવું. ઇતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી પંચકલ્યાણક યંત્ર

: વિધિ ;

જાપ ૨૦૦૦ ( ૨૦ નવકારવાળી )
૧૨ લોગસ્સનો કાઉસગ્ગ.
૧૨ સાથિયા
૧૨ ખમાસમણાં

: ખમાસમણાનો દુહો :

પરમ પંચ પરમેષ્ટિમાં,
પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાએ
નમે નમો શ્રીજિનભારી.

કલ્યાણકનાં નામ તથા મંત્રાક્ષર.

૧–ચ્યવનકલ્યાણકે પરમેષ્ઠિને નમ:
૨–જન્મ ,, અર્હતે નમ:
૩–દીક્ષા ,, નાથાય નમ:
૪–કેવલજ્ઞાન,, સર્વજ્ઞાય નમ:
૫-મોક્ષ ,, પારંગતાય નમ:

કાર્તિકમાં ૬

| તિથિ | નામ | કલ્યાણક |
|---|---|---|
| શુ૦ ૩ | શ્રી સુવિધિનાથ | કેવલજ્ઞાન |
| ,, ૧૨ | ,, અરનાથ | કેવલજ્ઞાન |
| વ૦ ૫ | ,, સુવિધિનાથ | જન્મ |
| ,, ૬ | ,, સુવિધિનાથ | દીક્ષા |
| ,, ૧૦ | ,, મહાવીરસ્વામી | દીક્ષા |
| ,, ૧૧ | ,, પદ્મપ્રભાસ્વામી | મોક્ષ |

માગશરમાં–૧૪

| તિથિ | નામ | કલ્યાણક |
|---|---|---|
| શુ૦ ૧૦ | શ્રી અરનાથ | જન્મ |
| ,, ૧૦ | ,, અરનાથ | મોક્ષ |
| ,, ૧૧ | ,, અરનાથ | દીક્ષા |
| ,, ૧૧ | ,, મલ્લિનાથ | જન્મ |
| ,, ૧૧ | ,, મલ્લિનાથ | દીક્ષા |
| ,, ૧૧ | ,, મલ્લિનાથ | કેવલ |
| ,, ૧૧ | ,, નમિનામ | કેવલ |
| ,, ૧૪ | ,, સંભવનામ | જન્મ |
| ,, ૧૫ | ,, સંભવનાથ | દીક્ષા |
| વ૦ ૧૦ | ,, પાર્શ્વનાથ | જન્મ |
| ,, ૧૧ | ,, પાર્શ્વનાથ | દીક્ષા |
| ,, ૧૨ | ,, ચંદ્રપ્રભસ્વામી | જન્મ |
| ,, ૧૩ | ,, ચંદ્રપ્રભસ્વામી | દીક્ષા |
| ,, ૧૪ | ,, શીતલનાથ | કેવલ |

પોષમાં–૧૦

| તિથિ | નામ | કલ્યાણક |
|---|---|---|
| શુ૦ ૬ | શ્રી વિમલનાથ | કેવલ |
| ,, ૯ | , શાંતિનાથ | કેવલ |
| ,, ૧૧ | ,, અજિતનાથ | કેવલ |
| ,, ૧૪ | ,, અભિનંદનસ્વામી | કેવલ |
| ,, ૧૫ | ,, ધર્મનાથ | કેવલ |
| વ૦ ૬ | ,, પદ્મપ્રભસ્વામી | ચ્યવન |
| ,, ૧૨ | ,, શીતલનાથ | જન્મ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| વ૦ ૧૨ ,, શીતલનાથ | | દીક્ષા |
| ,, ૧૩ ,, આદિનાથ | | મોક્ષ |
| ,, ૦) ,, શ્રેયાંસનાથ | | કેવલ |

માહમાં–૧૯

| તિથિ | નામ | કલ્યાણક |
|---|---|---|
| શુ૦ ૨ | શ્રી અભિનંદસ્વામી | જન્મ |
| ,, ૨ | ,, વાસુપૂજ્યસ્વામી | કેવલ |
| ,, ૩ | ,, ધર્મનાથ | જન્મ |
| ,, ૩ | ,, વિમલનાથ | જન્મ |
| ,, ૪ | ,, વિમલનાથ | જન્મ |
| ,, ૮ | ,, અજિતનાથ | જન્મ |
| ,, ૯ | ,, અજિતનાથ | દીક્ષા |
| ,, ૧૨ | ,, અભિનંદનસ્વામી | દીક્ષા |
| ,, ૧૩ | ,, ધર્મનાથ | દીક્ષા |
| વ૦ ૬ | ,, સુપાર્શ્વનાથ | કેવલ |
| ,, ૭ | ,, સુપાર્શ્વનાથ | મોક્ષ |
| ,, ૭ | ચંદ્રપ્રભસ્વામી | કેવલ |
| ,, ૯ | સુવિધિનાથ | ચ્યવન |
| ,, ૨૧ | ,, આદિનાથ | કેવલ |
| ,, ૧૨ | ,, શ્રેયાંસનાથ | જન્મ |
| ,, ૧૨ | ,, મુનિસુવ્રતસ્વામી | કેવલ |
| ,, ૧૩ | ,, શ્રેયાંસનાથ | દીક્ષા |
| ,, ૧૪ | ,, વાસુપૂજ્યસ્વામી | જન્મ |
| ,, ૦)) | ,, વાસુપૂજ્યસ્વામી | દીક્ષા |

ફાગણમાં–૧૦

| | | |
|---|---|---|
| શુ૦ ૨ | શ્રી અરનાથ | ચ્યવન |
| ,, ૪ | ,, મલ્લિનાથ | ચ્યવન |
| ,, ૮ | ,, સંભવનાથ | ચ્યવન |
| ,, ૧૨ | ,, મલ્લિનાથ | મોક્ષ |
| ,, ૧૨ | ,, મુનિસુવ્રતસ્વામી | દીક્ષા |

| તિથિ | નામ | કલ્યાણક |
|---|---|---|
| વ૦ ૪ | શ્રી પાર્શ્વનાથ | ચ્યવન |
| ,, ૪ | ,, પાર્શ્વનાથ | કેવલ |
| ,, ૫ | ,, ચંદ્રપ્રભસ્વામી | ચ્યવન |
| ,, ૮ | ,, આદિનાથ | જન્મ |
| ,, ૮ | ,, આદિનાથ | દીક્ષા |

ચૈત્રમાં–૧૭

| | | |
|---|---|---|
| શુ૦ ૩ | શ્રી કુંથુનાથ | કેવલ |
| ,, ૫ | ,, અજિતનાથ | મોક્ષ |
| ,, ૫ | ,, સંભવનાથ | મોક્ષ |
| ,, ૫ | ,, અનંતનાથ | મોક્ષ |
| ,, ૯ | ,, સુમતિનાથ | મોક્ષ |
| ,, ૧૧ | ,, સુમતિનાથ | કેવલ |
| ,, ૧૩ | ,, મહાવીરસ્વામી | જન્મ |
| ,, ૧૫ | ,, પદ્મપ્રભસ્વામી | કેવલ |
| વ૦ ૧ | ,, કુંથુનાથ | મોક્ષ |
| ,, ૨ | ,, શીતલનાથ | મોક્ષ |
| ,, ૫ | ,, કુંથુનાથ | દીક્ષા |
| ,, ૬ | ,, શીતલનાથ | ચ્યવન |
| ,, ૧૦ | ,, નમિનાથ | મોક્ષ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ૦ ૧૩ શ્રી અનંતનાથ જન્મ  
,, ૧૪ ,, અનંતનાથ દીક્ષા  
,, ૧૪ ,, અનંતનાથ કેવલ  
,, ૧૪ ,, કુંથુનાથ જન્મ

વૈશાખમાં ૧૪

શુ૦ ૪ શ્રી અભિનંદનસ્વામી ચ્યવન  
,, ૭ ,, ધર્મનાથ ચ્યવન  
તિથિ નામ કલ્યાણક  
શુ૦ ૮ શ્રી અભિનંદનસ્વામી મોક્ષ  
,, ૮ ,, સુમતિનાથ જન્મ  
,, ૯ ,, સુમતિનાથ દીક્ષા  
,, ૧૦ ,, મહાવીરસ્વામી કેવલ  
,, ૧૨ ,, વિમલનાથ ચ્યવન  
,, ૧૩ ,, અજિતનાથ ચ્યવન  
વ૦ ૬ ,, શ્રેયાસનાથ ચ્યવન  
,, ૮ ,, મુનિસુવ્રતસ્વામી જન્મ  
,, ૯ ,, મુનિસુવ્રતસ્વામી મોક્ષ  
,, ૧૩ ,, શાંતિનાથ જન્મ  
,, ૧૩ ,, શાંતિનાથ મોક્ષ  
,, ૧૪ ,, શાંતિનાથ દીક્ષા

જેઠમાં-૭

શુ૦ ૫ શ્રી ધર્મનાથ મોક્ષ  
,, ૯ ,, વાસુપૂજ્યસ્વામી ચ્યવન  
,, ૧૨ ,, સુપાર્શ્વનાથ જન્મ  
,, ૧૩ ,, સુપાર્શ્વનાથ દીક્ષા  
વ૦ ૪ ,, આદિનાથ ચ્યવન  
,, ૭ ,, વિમલનાથ મોક્ષ  
,, ૯ ,, નેમિનાથ દીક્ષા

અષાડમાં-૭

શુ૦ ૬ શ્રી મહાવીરસ્વામી ચ્યવન  
,, ૮ ,, નેમિનાથ મોક્ષ  
,, ૧૪ ,, વાસુપૂજ્યસ્વામી મોક્ષ  
વ૦ ૩ ,, શ્રેયાંસનાથ મોક્ષ  
,, ૭ ,, અનંતનાથ ચ્યવન  
તિથિ નામ કલ્યાણક  
વ૦ ૮ શ્રી નમિનાથ જન્મ  
,, ૯ ,, કુંથુનાથ ચ્યવન

શ્રાવણમાં-૮

શુ૦ ૨ શ્રી સુમતિનાથ ચ્યવન  
,, ૫ ,, નેમિનાથ જન્મ  
,, ૬ ,, નેમિનાથ દીક્ષા  
,, ૮ ,, પાર્શ્વનાથ મોક્ષ  
,, ૧૫ ,, મુનિસુવ્રતસ્વામી ચ્યવન  
વ૦ ૭ ,, શાંતિનાથ ચ્યવન  
,, ૭ ,, ચંદ્રપ્રભસ્વામી મોક્ષ  
,, ૮ ,, સુપાર્શ્વનાથ ચ્યવન

ભાદરવામાં-૨

શુ૦ ૯ શ્રી સુવિધિનાથ મોક્ષ  
વ૦ ૦)) ,, નેમિનાથ કેવલ

આસોમાં-૬

શુ૦ ૧૫ ,, શ્રી નેમિનાથ ચ્યવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| વ૦ ૫ ,, સંભવનાથ કેવલ | વ૦ ૧૩ ,, પદ્મપ્રભસ્વામી દીક્ષા |
| ,, ૧૨ ,, પદ્મપ્રભસ્વામી જન્મ | ,, ૦)) ,, મહાવીરસ્વામી મોક્ષ |
| ,, ૧૨ ,, નેમિનાથ ચ્યવન | |

## —: સૂચના :—

જો એક કલ્યાણક હોય તો એકાસણું કરવું.

બે કલ્યાણક હોય તો આયંબિલ કરવું.

ત્રણ કલ્યાણક હોય તો ૧ આયંબિલને ૧ એકાસણું.

ચાર કલ્યાણક હોય તો ઉપવાસ કરવો.

પાંચ કલ્યાણક હોય તો એક ઉપાસ ઉપર એક એકાસણું કરવું. ઇતિ.

## ચંદનબાળાના અઠ્ઠમ તપની વિધિ.

જેઠ સુદ આઠમથી અઠ્ઠમ તપ આદરે અને જેઠ સુદ એકાદશીના દીવસે મોળા અડદના બાકડા સાધુ કે સાધ્વીજી માને વહોરાવી પછી અડદના બાકળાનું આંયબીલ ઠામ ચૌવી-હારનું કરે અને શ્રી મહાવીર સ્વામીનાથાય નમઃ એ પદની ૨૦ નોકરવાલી ગણે સાથીયા વિગેરે બાર બાર કરવા તથા નીચેનો દુહો બોલી બાર ખમાસમણ દેવા.

### દુહો

ચંદન બાળા બાલકુમારી, અઠ્ઠમ તપ પુરણ કીધું,
પ્રભુ વીરને બાકુળા આપી, મોક્ષપદ તાખી લીધ. ૧ ઇતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સિદ્ધાચલજીના સાત છઠ્ઠ બે અઠમ તપ

| બે અઠ્ઠમ | નો૦ | કાં૦ | ખ૦ | સા૦ | પ્ર૦ |
|---|---|---|---|---|---|
| ૧ શ્રી પુંડરીક ગણધરાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૨ શ્રી કોડિ ગણધરાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ★ | | | | | |
| સાત છઠ્ઠ | | | | | |
| ૧ શ્રી ઋષભદેવ સર્વજ્ઞાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૨ ,, વિમલ ગણધરાય નમ; | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૩ ,, સિદ્ધક્ષેત્રાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૪ ,, હરિગણધરાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૫ ,, વજાવલ્લિનાથાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૬ ,, સહસ્ત્રાદિ ગણધરાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |
| ૭ ,, સહસ્ત્ર કમલાય નમઃ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૧ |

દરેક પદે નીચે પ્રમાણે દુહો બોલીને એકવીશ-એકવીશ ખમાસમણા કરવા,

દુહો

શ્રી સિદ્ધગિરિ ઉપરે, સિધ્યા અનંતિ ક્રોડ;
શ્રી તિર્થંકર, ગુણધર મુનિ, હું વંદુ બેકર જોડ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અષ્ટાપદ તપ વિધિ.

ઉપવાસ અનુક્રમ પ્રમાણે ગુણણું આ રીતે ગણાય છે ને કાઉ૦ સાથીઆ વગેરે ચોવીશ, ચોવીશ, ચોવીશ કરવા નોકારવાલી૨૦-૨૦ગણવી

### ચત્તારિ–ચાર ઉપવાસનું

૧ શ્રી અજિત સર્વજ્ઞાય નમઃ ૨ શ્રી સંભવ સર્વજ્ઞાય નમઃ
૩ શ્રી અભિનંદન સર્વજ્ઞાય નમઃ ૪ શ્રી સુમતિનાથ સર્વજ્ઞાય નમઃ

### આઠ ઉપવાસનું.

૧ શ્રી પદ્મપ્રભ સર્વજ્ઞાય નમઃ ૨ શ્રી સુપાર્શ્વનાથ સર્વજ્ઞાય નમઃ
૩ શ્રી ચંદ્રપ્રભ સર્વજ્ઞાય નમઃ ૪ શ્રી સુવિધિનાથ સર્વજ્ઞાય નમઃ
૫ શ્રી શીતલનાથ સર્વજ્ઞાય નમઃ ૬ શ્રી શ્રેયાંસનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી વાસુપૂજ્ય શર્વજ્ઞાય નમઃ ૮ શ્રી વિમલનાથ સર્વજ્ઞાય નમઃ

### દશ ઉપવાસનું.

૧ શ્રી અનંતનાથ સર્વજ્ઞાય નમઃ ૨ શ્રી ધર્મનાથ સર્વજ્ઞાય નમઃ
૩ શ્રી શાંતિનાથ સર્વજ્ઞાય નમઃ ૪ શ્રી કંથુનાથ સર્વજ્ઞાય નમઃ
૫ શ્રી અરનાથ સર્વજ્ઞાય નમઃ ૬ શ્રી મલ્લિનાથ સર્વજ્ઞાય નમઃ
૭ શ્રી મુનિસુવ્રત સર્વજ્ઞાય નમઃ ૮ શ્રી નેમિનાથ સર્વજ્ઞાય નમઃ
૯ શ્રી નેમિનાથ સર્વજ્ઞાય નમઃ ૧૦ શ્રી પાર્શ્વનાથ સર્વજ્ઞાય નમઃ

### બે ઉપવાસનું

૧ શ્રી આદિનાથ સર્વજ્ઞાય નમઃ ૨ શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞાય નમઃ

દરેક તિર્થંકરન ખમાસમણા નીચે પ્રમાણે દુહા બોલીને દેવા.

### દુહો

ગીરી અષ્ટાપદ ઉપરે, ચોવીશે જીનરાય;
નીત નીત ઉઠી વંદન કરૂં, સમકિત નીર્મલ થાય. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# "પુદગળ પરાવર્તન"

જીવ આઠ રીતે પુદગળ પરાવર્તન કરે છે (૧) દ્રવ્ય (૨) ક્ષેત્રથી, (૩) કાળથી, (૪) ભાવથી, એ ચારમાંના દરેકના વળી બે ભેદ છે. (૧) બાદર, (૨) સૂક્ષ્મ એ રીતે ૮ ભેદે પુદગળ પરાવર્તન થાય છે તેનો વિસ્તાર કહે છે.

(૧) "દ્રવ્યથી બાદર પુદગળ પરાવર્તન"—૧ "ઔદારિક શરીર" કે જે શરીર હાડ, માંસ અને ચામડીના પૂતળા રૂપે મનુષ્ય તથા તિર્યંચને હોય છે. (૨) "વૈક્રિય શરીર" કે જે અન્ય નઠાંરા અને સારાં પુદગલોના પૂતળા રૂપે નારકી તથા દેવતાઓને હોય છે. (૩) "તૈજસ શરીર" કે જે શરીર, અંદર રહીને, આહારને પચાવે છે તે શરીર સંસારી સર્વ જીવોને અંદર હોય છે. (૪) "કાર્મણ શરીર" કે જે ગ્રહણ કરેલા આહાર તથા પુદગળના વિભાગ કરી કર્મના રસને યથાયોગ્ય ઠેકાણે પહોંચાડે છે. એ શરીર પણ ગર્વ સંસારી જીવોને હોય છે. એ પ્રમાણે ચાર શરીર લેવાં; (૫) મનજોગ, (૬) વચનજોગ, × (૭) શ્વાસોચ્છવાસ એ સાત બોલના જેટલાં પુદગળ લોકમાં છે તે સર્વને જીવ ફરસી આવે તો તે દ્રવ્યથી "બાદર પુદગળ પરાવર્તન" થયું કહેવાય.

(૨) "દ્રવ્યથી સુક્ષ્મ પુદગળ પરાવર્તન"—ઉપરની કહી તે સાત સાત વસ્તુનાં પુદગળોને અનુક્રમે ફરસે, જેમકે પ્રથમ તો ઔદારિક શરીરના જેટલાં પુંદગળો લોકમાં હોય તે સર્વને

×શરીરનાં નામો પ્રથમ આવી ગયાં છે તેથી કામયોગ અહીં ગણ્યો નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરસી લે, પછી વૈક્રિય શરીરનાં સર્વ પુદ્દગળો અનુક્રમે ફરસે તે પછી તે જ પ્રમાણે તૈજસ શરીરનાં એમ કાર્મણ શરીરનાં એમ મનજોગનાં, વચનજોગનાં અને શ્વાસોચ્છવાસનાં સર્વ પુદ્દગળો અનુક્રમે ફરસે. ઔદારિક શરીરનાં પુદ્દગળો અનુક્રમે ફરસતાં ફરસતાં હજી પૂરેપૂરાં ફરસી લીધાં નથી તેવામાં જો વૈક્રિયાદિકનાં પુદ્દગળો ફરસવામાં આવે તો ઓદારિક શરીરનાં જે પુદ્દગળો પ્રથમ ફરસી લીધાં હતાં તે ગણતરીમાં ન લેતાં ફરી પહેલેથી ઔદારિક શરીરનાં પુદ્દગળ ફરસવા માંડે એમ શરૂથી તે છેવટ સુધી ઔદારિક શરીરનાં જ તમામ પુદ્દગળો અનુક્રમે ફરસી લે તો તે ગણતરીમાં લેવાય. એ રીતે સાતમાંના દરેકના પુદ્દગળો અનુક્રમે ફરસી પૂરા કરે તો તેને "દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્દગળ પરાવર્તન" કહે છે.

(૩) "ક્ષેત્રથી બાદર પુદ્દગળ પરાવર્તન"—મેરૂ પર્વતથી આરંભ કરીને સર્વે દિશાઓ અને વિદિશાઓમાં આકાશ પ્રદેશની અસંખ્યાતી શ્રેણિઓ ઠેઠ અલોક લગી ગોઠવાણી છે. એ તમામ આકાશ પ્રદેશોને જન્મ મૃત્યુથી ફરસી લે. એક વાલાગ્ર જેટલી જમીન પણ ખાલી ન છોડે તેને 'ક્ષેત્રથી બાદર પુદ્દગળ પરાવર્તન" કહે છે.

(૪) "ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્દગળ પરાવર્તન"—મેરૂ પર્વતથી ઉપર પ્રમાણે જે આકાશની શ્રેણિઓ નીકળી છે તેમાંની એક આકાશ શ્રેણી ઉપર અનુક્રમે જન્મ મરણ કરતાં કરતાં ઠેઠ અલોક લગી, વચમાં તે શ્રેણીનો એક પણ આકાશ પ્રદેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડતો મુકયા વીના ફરશે, પછી લગોલગની આકાશ શ્રેણિમેરૂથી અનુક્રમે લઇ તે ઉપર જન્મ મરણ કરે, તે પછી ત્રીજી શ્રેણિ પર એમ અનુક્રમે અસંખ્યાતી આકાશ પ્રદેશની શ્રેણિઓ જન્મ મરણે કરી ફરસે. એક શ્રેણિ મેરૂથી માંડીને અનુક્રમે જન્મ મરણથી ફરસતાં ફરસતાં હજી પૂરી ફરસાણી નથી તેવામાં જો એને એ આકાશ પ્રદેશ પર અગર બીજા સ્થાન પર ભવ કરે તો તે શ્રેણિ ગણતરીમાં ન લેવી. પ્રથમથી તે શ્રેણિ જેટલી ફરસાણી તે વ્યર્થ ગણવી. મેરૂથી માંડીને ફરીથી અનુક્રમે તે શ્રેણિના આકાશ પ્રદેશ અનુક્રમે ફરસે એ પ્રમાણે લગોલગની બીજી શ્રેણિ, પછી ત્રીજી શ્રેણિ એમ આકાશની બધી એટલે અસંખ્યાતી શ્રેણિઓ અનુક્રમે જન્મ મરણે કરી ફરસે તો તેને ‘ક્ષેત્રથી સુક્ષ્મ પુદગળ પરાવાર્તન” કહે છે.

(૫) “ કાળથી બાદર પુદગળ પરાવર્તન ”—(૧) સમય (૨) આવલિકા—આંગળીને એકદમ દોરો વીંટતાં એક આંટામાં જેટલો વખત લાગે તેને એક આંવલિકા કહે છે (૩) શ્વાસોચ્છવાસ (૪) સ્તોક (૭ શ્વાસોચ્છવાસ જેટલા વખતને ૧ સ્તોત કહે છે) (૫) લવ (ઘણી ઉતાવળથી ઘાસ કાપતાં જેટલા વખતમાં એક કોળી કપાય તેટલા વખતને ૧ લવ કહે છે) (૬) મુહૂર્ત્ત–(બે ઘડી) (૭) અહોરાત્રિ (દિનરાત) (૮) પક્ષ (પખવાડીઉ), (૯) માસ, (૧૦) ઋતુ (વસંત, ગ્રીષ્મ વગેરે બબ્બે માસની) (૧૧) અયન, (દક્ષિણાયન ઉત્તરાયન તે છ છ માસનું), (૧૨) સંવત્સર (૧ વર્ષ) (૧૩) યુગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫ વર્ષનો એક યુગ), (૧૪) પૂર્વ (૭૦ લાખ, ૫૬ હજાર) વર્ષનું ૧ પૂર્વ), (૧૫) પલ્ય (શાસ્ત્રમાં કહેલ માપનો ૧ કૂવો વાળના અગ્ર ભાગથી ભરે એ દ્રષ્ટાંતે ૧ પલ્ય) (૧૬) સાગર (દશક્રોડ પલ્વનો સાગર), (૧૭) અવસર્પિણી કાળ (ઉતરતો કાળ તેના છ આરા એટલે ૧૦ ક્રોડાક્રોડ સાગર (૧૮) ઉત્સર્પિણી કાળ (અડતો કાળ તેના છ આરા ગણતાં ૧૦ ક્રોડાક્રોડ સાગર (૧૯) કાળચક્ર (એક અવસર્પિણી ને એક ઉત્સર્પિણી મળીને થાય એટલે વીશ ક્રોડાક્રોડ સાગર એ સર્વ કાળને જન્મ મરણે કરીને ફરસે તેને કાળથી બાદર પુદ્ગળ પરાવર્તન કહે છે.

(૬) "કાળથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન"–સમયથી માંડીને કાળચક્ર લગી અનુક્રમે જન્મ મરણ કરી ફરસે. જેમકે પહેલી સર્પિણીનો કાળ બેસે તેના પહેલા સમયમાં જન્મીને મરે, પછી બીજી વખત સર્પિણી કાળ બેસે તેના બીજા સમયમાં જન્મીને મરે. એ પ્રમાણે કરતાં આવળિકાનો કાળ પૂરો ન થાય ત્યાંલગી કરે. પછી વળી સર્પિણી કાળ આવે ત્યારે તેની પહેલી આવળિકામાં જન્મીને મરે, સમયની પેઠે સ્તોક પૂરો થાય ત્યાંલગી આવળિકામાં અનુક્રમે જન્મે ને મરે. એ પ્રમાણે સ્તોક, લવ, વગેરે સર્વે ક.ળમાં અનુક્રમે જન્મ મરણ કરી ફરસી લે ત્યારે કાળથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન થયું એમ કહેવાય.

(૭) "ભાવથી બાદર પુદ્ગળ પરાવર્તન"–કાળો, લીલો, રાતો, પીળો ને ધોળો એ પાંચવર્ણ, સુગંધ અને દુર્ગંધ, એ બે ગંધ. ખાટો, મીઠો, તીખો, કડવો ને કસાયલો એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ રસ; હલકો, ભારે, ટાઢો; ઉનો, લુખો, ચોપડયો, સુંવાળો, ખરખરો એ પ્રમાણે ૮ સ્પર્શ; એ ૨૦ બોલવાળા સર્વ પુદગળોને જન્મ મરણ કરીને ફરશે તો ભાવથી પુદગળ પરાવર્તન થયું.

(૮) "ભાવથી સૂક્ષ્મ પુદગળ પરાવર્તન"-પહેલાં કાળા રંગનાં જેટલાં પદગળો લોકમાં છે તે સર્વને અનુક્રમે જન્મ મરણ કરી ફરસે; જેમકે પહેલા એક ગુણ કાળા પદગળને એમ અનંત ગુણ કાળા પદગળ અનુક્રમે ફરસતાં ફરસતાં વચમાં બીજા વર્ણ, ગંધાકિનાં પુદગળ ફરસી લે તો ચાલી આવતી ફરસના ગણતરીમાં ન લેખાય અને ફરી પહેલેથી ફરસના શરૂ કરવી એ પ્રમાણે વીશે બોલ પહેલેથી છેલ્લે સુધી અનુક્રમે ફરસે તો તેને ભાવથી સૂક્ષ્મ પુદગળ પરાવર્તન કહે છે.

એ આઠ પ્રકારે પરાવર્તન કરતાં એક પુદગળ પરાવર્તન થયું એવાં એવાં અનંત પુદગળ પરાવર્તન આ સંસારમાં જીવે કર્યાં છે.

પુદગળ પરાવર્તન વિષેના સૂક્ષ્મ જ્ઞાન ઉપર દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરવો કે હે જીવ ! જન્મી જન્મીને અને મરી મરીને આ સંસાર અનતીવાર પૂરો કર્યો ! એવી રીતે પરિભ્રમણ કરતાં કરતાં અનંત ભેદે અનંતા પુણ્યનો ઉદય થયો ત્યારે સર્વે પરિભ્રમણ મટાડનાર મનુષ્ય દેહ માંડમાંડ પ્રાપ્ત થયો છે *

---

* કાળ સૌથી બાદર દ્રવ્ય છે. તેનું દ્રષ્ટાંત-(૧) જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણાં પાનની થોકડીમાં કોઇ મહા પરાક્રમી પુરૂષ જોરથી સોય ઘોંચે તે સોયને એક પાનને વીંધી બીજા પાન લગી પહોંચતાં અસંખ્યાતા સમય જેટલો કાળ વીતી જાય. (૨) સમય કરતાં આકાશ ક્ષેત્રનો પ્રદેશ અસંખ્યાતમો ભાગ સુક્ષ્મ છે. કારણ કે એક આંગુલ જેટલા ભાગમાં અસંખ્યાતા આકાશ પ્રદેશો અને તેની અસંખ્યાતી શ્રેણિઓ છે. એ શ્રેણિઓ-માંથી એક શ્રેણિ એક આંગુલ જેટલી લાંબી અને એક આકાશ જેટલી માત્ર પહોળી લેવી. એક એક શ્રેણીમાંથી એક એક સમયે એક એક આકાશ પ્રદેશ કાઢીયે તો અસંખ્યાતા કાલચક્રના સમય વીતી જાય તો પણ એ એક શ્રેણિના આકાશ પ્રદેશ ખૂટે નહિ. (૩) આકાશ પ્રદેશથી પુદ્દગળ પરમાંણું દ્રવ્ય અનંતમે ભાગે સુક્ષ્મ છે. તે એમ કે એક આકાશ દેશ ઉપર અનંત પરમાણું દ્રવ્ય છે. તે પરમાણુંઓ-માંથી એક એક પરમાણુને એક એક સમયે કાઢીયે તો અનંતા કાળચક્રના સમયો વીતી જાય છતાં એક આકાશ પ્રદેશમાંનાં પરમાણુ દ્રવ્ય ખૂટે નહિ; એટલા પરમાણુઓ એક આકાશ પ્રદેશ પર છે. એ પ્રમાણે સર્વે આકાશ પ્રદેશ પર છે એમ જાણવું. (૪) દ્રવ્યથી ભાવ અનંતમે ભાગે સુક્ષ્મ છે; કારણ કે એક આકાશ પ્રદેશ પર અનંતા પરમાણુઓ છે અને તે અનંતા પરમાણુઓના અનંતા પર્યાય છે. જેમકે એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ છે, વળી વર્ણ વર્ણમાં ફેર છે. કોઈ એક ગુણ કાળો, કોઇ બે ગુણ કાળો એમ લેતાંકોઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) મનુષ્ય દેહની પ્રાપ્તિ–અનંત પૂણ્યની વૃદ્ધિ થાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે જીવે પ્રથમ તો અવ્યવહાર રાશિમાં એટલે અવકાહી નિગોદમાં જન્મ મરણે કરી અનંતકાળ કાઢયો અનંત પુણ્યની વૃદ્ધિ થઈ ત્યારે ત્યાંથી નકળી વ્યવહાર રાશિમાં બાદર એકેંદ્રિયપણે

---

અનંત ગુણ કાળો પરમાણુ હોય છે. એ પ્રમાણે પાંચે વર્ણ, બે ગંધ, પાંચ રસ ને ચાર સ્પર્શનું સમજવું, વળી એક આકાશ પ્રદેશ પર બેપ્રદેશી પુદ્ગળ સ્કંધ, ત્રણપ્રદેશી પુદ્ગળસ્કંધ એમ ગણતાં અનંત પ્રદેશી પુદ્ગળસ્કંધ પણ હોય તો તે દરેક સ્કંધના વર્ણ, ગંધ, રસ ને સ્પર્શના અનંત ભેદો થાય. હવે એક આકાશ પ્રદેશ પર રહેલા પુદ્ગળ દ્રવ્યના ભાવના અનંતાનંત પર્યાય થયા. તેમાંનો એકેક પર્યાય કાઢતાં કાઢતાં અનંતા કાળચક્રના સમય વીતી જાય છતાં એક આકાશ પ્રદેશ પર જે અનંતાં પરમાણુઓ છુટાં છે તેના પર્યાય ખૂટે નહિ તો પછી દ્વિપ્રદેશી પુદ્ગળ સ્કંધ, ત્રિપ્રદેશી પુદ્ગળ વગેરેના પર્યાય કાઢવાનું તો કયાં રહ્યું ? એ પ્રમાણે લોકમાંના અસંખ્યાતા આકાશ પ્રદેશના વર્ણાદિક ભાવના અનંતાનંત પર્યાય જાણવા. એ પ્રમાણે કાળથી સૂક્ષ્મ ક્ષેત્ર, ક્ષેત્રથી સૂક્ષ્મ પરમાણુ પુદ્ગળ દ્રવ્ય, અને પરમાણુ પુદ્ગળ દ્રવ્યથી ભાવ દ્રવ્ય સુક્ષ્મ છે. વળી સ્થૂળ દ્રષ્ટાંત–કાળ ચણા પ્રમાણે, ક્ષેત્ર જુવારના દાણા પ્રમાણે, પુદ્ગળ દ્રવ્ય બાજરાના દાણા પ્રમાણે અને ભાવ ખસખસના દાણા પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપજ્યો. એ બાદર એકેંદ્રિયના પાંચ ભેદ છે, (૧) પૃથ્વીકાય ( માટી )–એની સાત લાખ જાતિ† છે અને બાર લાખ ક્રોડ કુળ છે. પૃથ્વીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વર્ષનું છે. ( ૨ ) અપકાય–(પાણી)–એની સાત લાખ જાતિ છે. સાત લાખ ક્રોડ કુળ છે એનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત

---

†જાતિનું પ્રમાણ એવી રીતે છે કે–પૃથ્વીકાયના મૂળ પ્રકાર ૩૫૦, એને પાંચ વર્ણ બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંઠાણથી અનુક્રમે ગણતાં ૩૫૦×૫×૨×૫×૮×૫=૭૦૦૦૦૦ જાતિ પૃથ્વીકાયની થઇ. એ પ્રમાણે અપકાય, તેઉકાય અને વાયુકાયનું સમજવું, વનસ્પતિના મૂળ પ્રકાર ૧૨૦૦ છે. તેને પૃથ્વીકાયની પેઠે અનુક્રમે ગુણતાં ૧૨૦૦×૫×૨×૫×૮×૫=૨૪૦૦૦૦૦ લાખ જાતિ થઇ. એ પ્રમાણે જેની જેની : જેટલા લાખ જાતિ હોય તેથી અર્ધા સો પ્રથમ લઇ તેને ઉપર પ્રમાણે ૫×૨×૫×૮×૫=૨૦૦૦ ગુણતાં કુલ જાતિ ( જોનિ ) આવશે. એ પ્રમાણે તમામ કાયની થઇને ૮૪ લાખ જોનિ થશે. જેનો વર્ણ ગંધ રસ, સ્પર્શ અને સંઠાણ એક હોય તેને એક જાતિ કહેવી. જાતિ છે તે માતાનો પક્ષ છે (૨) કુળની સમજણનું દ્રષ્ટાંત ભમરો એ એક જાતિ તે પણ એક ભમરો ફુલમાંનો, એક ભમરો લાકડામાંનો, અને એક ભમરો કચરામાંનો એ પ્રમાણે ભમરાની એક જાતિનાં ત્રણ કુળ થયાં એ પ્રમાણે તમામ કુળોની સંખ્યા જ્ઞાનીએ ફરમાવી છે તે સત્ય કરી જાણવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજાર વર્ષનું છે. (૩) તેઉકાય (અગ્નિ)–એની સાત લાખ જાતિ છે. ત્રણ લાખ ત્રણ ક્રોડ કુળ છે એનું ઉત્કૃષ્ઠ આયુષ્ય ત્રણ અહોરાત્રિનું (ત્રણ રાત ને ત્રણ દિવસનું) છે. (૪) વાઉકાય (હવા)–એની સાત લાખ જાતિ છે. સાત લાખ ક્રોડ કુળ છે. એનું ઉત્કૃષ્ઠ આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે. એ ચાર સ્થાવરોમાં આપણા જીવે અસંખ્યાતો કાળ વીતાડયો. (૫) વનપસ્તિ કાય–એની ચોવીશ લાખ‡ જાતિ છે. અઠ્ઠાવીશ ક્રોડ કુળ છે. એનુ દશ હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. એમાં નિગોદ લેખે ગણીએ તો અનંત કાળ ગુમાવ્યો ત્યાંથી અનંત પુણ્યની વૃદ્ધિ થતાં એકેંદ્રિયમાંથી બેઇંદ્રિય (કાયા અને મુખ એ બે ઇંદ્રિયવાળા જીવો–કીડા વગેરે)માં આવ્યો એ બેઇંદ્રિય જીવોની બે લાખ જાતિ છે. સાતક્રોડ કુળ છે. એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૨ વર્ષનું છે. ત્યાંથી અનંત પુણ્યની વૃદ્ધિ થઇ ત્યારે તેઇંદ્રિય (કાયા, મુખ અને નાક એ ત્રણ ઇંદ્રિયવાળા જીવો–માંકડ, કીડી વગેરે)માં ઉપજ્યો. એની બે લાખ જાતિ છે. આઠ લાખ ક્રોડ કુગ છે. એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૯ દિવસનું છે. ત્યાંથી અનંત પુણ્યની વૃદ્ધિ થતાં ચોરેંદ્રિય (કાયા, મુખ, નાક અને આંખ એ ચાર ઇંદ્રિયવાળા જીવો-માખી, મચ્છર, વીછી વગેરે)માં જન્મ થયો. એની બે લાખ જાત છે. નવ લાખ ક્રોડ કુળ છે.

---

‡ વનસ્પતિકાયની ૨૪ લાખ જાતિ (યોનિ) છે. તેમાં ૧૦ લાખ જાતિ પ્રત્યેક વનપસ્તિની અને ૧૪ લાખ જાત સાધારણ વનસ્પતિકાયના જીવોની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એનું આયુષ્ય છ મહિનાનું છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિયના જીવોને વિકલેંદ્રિય જીવો કહે છે. એ ત્રણ વિકલેંદ્રિય જીવોમાં જન્મ મરણ કરીને સંખ્યાનો કાળ કાઢયો. + ત્યાંથી અનંતી પુંણ્યવૃદ્ધિ થઇ તેથી "અસંજ્ઞી તિર્યંચ પંચેદ્રિય" થયો; અને ત્યાંથી પણ અનંત પુણ્યની વૃદ્ધિ થઇ ત્યારે સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય" થયો એ અસંજ્ઞી અને સંજ્ઞી તિર્યંચ પંચેદ્રિયની ચાર લાખ જાતિ છે અને પાંચ ભેદ છે. તે પાંચ ભેદ વર્ણવે છે. (૧) "જળચર" (પાણીમાં રહેનારા મચ્છ, કાચબા વગેરે જીવો) એના સાડાબાર લાખ ક્રોડ કુળ છે. સંજ્ઞી અસંજ્ઞી બંને જાતના જળચર જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વેનું છે. (૨) થળચર (પૃથ્વી ઉપર ચાલનારાં ગાય, ઘોડા વગેરે પ્રાણી) એનાં દશ લાખ ક્રોડ કુળ છે. અસંજ્ઞી થળચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચોરાશી હજાર વર્ષનું અને સંજ્ઞીનું ઉત્કૃષ્ટ આયુંષ્ય ત્રણ પલ્યનું છે. (૩) "ખેચર" (આકાશમાં ઉડનાર કબુતર, પોપટ વગેરે પક્ષી) એમાં બાર લાખ ક્રોડ કુળ છે. અસંજ્ઞી ખેચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યનો અસંખ્યાત.મો ભાગ છે. (૪) "ઉરપર" (પેટ ઘસીને ચાલનાર સાપ, અજગર વગેરે પ્રાણી), એનાં દશ લાખ ક્રોડ કુળ છે.

---

+ નિગોદથી માંડીને અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયપણે ઉપજયો ત્યાંલગી જીવ, પરવશપણે ભૂખ, તરસ, ટાઢ, તાપ, છેદન, ભેદન, વગેરે ઘણાં દુઃખો સહન કરતી વખતે "અકામનિર્જરા" થાય છે, તે પણ પુણ્યવૃદ્ધિનું કારણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અસંજ્ઞી ઊરપર"નું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રેપન હજાર વર્ષનું અને સંજ્ઞી ઉરપરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વનું છે, (૫) "ભુજપર" ( ભુજાના જોરથી ચાલનાર ઉંદર વગેરે પ્રાણીઓ ) એનાં નવ લાખ ક્રોડ કુળ છે. અસંજ્ઞી ભુજપરનું ઉત્કૃષ્ટ આયુષ્ય બેંતાળીશ હજાર વર્ષનું અને સંજ્ઞી ભુજપરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વનું છે; એ પાંચેમાં જીવ, ઉત્કૃષ્ટા ૮ ભવ લગોલગ કરે છે. એ આઠ ભવમાંના સાત ભવ સંખ્યાતા આયુષ્યવાળા અને એક ભવ અસંખ્યાત વર્ષના આયુષ્ય વાળો હોય છે.

ફરતો ફરતો જીવ નરક ગતિમાં અવતાર લે તો નરકના જીવોની ૪ લાખ જાતિ છે. પચીશ લાખ ક્રોડ કુળ છે. ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરનું છે નરકમાં જીવોનો એક સાથે એકજ ભવ થાય છે. લગોલગ બીજો ભવ થતો નથી.× પરિભ્રમણ કરતો કરતો જીવ દેવગતિમા ઉપજે તો

×નરક અને સ્વર્ગ ( દેવલોક )નો એક ભવ જ થાય છે. નરકનો જીવ મરીને નરકમાં ન ઉપજે તેમ દેવતા મરીને દેવતાપણે ન ઉપજે. વળી નરકનો જીવ મરીને દેવતાપણે ન ઉપજે અને દેવતા મરીને નારકીપણે ન ઉપજે કારણકે વિષેષ શુભ અને વિષેષ અશુભ કર્મો કરવાનું સ્થળ ખાસકરીને મૃત્યુલોકમાં ( ત્રિછાલોકમાં ) છે. અહીં ના કરેલા શુભ કર્મોનો બદલો સ્વર્ગમાં દેવપણે ઉપજવાથી મળે. અને અશુભ કર્મોનુ ફળ નરકગતિમાં નારકીપણે ઉપજવાથી મળે છે. દ્રષ્ટાંત—કોઇ માણસ પોતાની દુકાને મોજમજા છોડી પ્રમાદ રહિત થઇ, કમાણી કરે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં ચાર લાખ જાતિ છે. 'દેવતાના છવીશ લાખક્રોડ કુળ છે. ઉત્કૃષ્ટ આયુષ્ય તેંત્રીશ સાગરનું છે. દેવગતિમાં પણ જીવ નો એકજ ભવ થાય છે. એ પ્રમાણે મનુષ્યગતિમાં આવતાં પહેલા જીવને બીજી ત્રણ ગતિમાં અતિશય પરીભ્રમણ કરવુ પડે છે. તે પરિભ્રમણ કરતાં અનંત પુણ્યનો ઉદય થાય તો મનુષ્યગતિ પામે છે. એ મનુષ્યગતિમાં ચૌદ લાખ જાતિ છે. બાર લાખ ક્રોડ કુળ છે ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યનું છે. મનુષ્યગતિમાં પણ જો જુગલીયા મનુષ્ય તરીકે ઉપજે તો એકજ ભવ થાય છે. અને કર્મભૂમિ મનુષ્યમાં ભદ્રિક પરિણામી તરીકે ઉપજે તો લગોલગ સાત ભવ કર્મભુમિ મનુષ્યના થાય છે. + એ પ્રમાણે અનેક મુશ્કેલીઓ વટાવ્યા પછી મનુષ્ય ગતિમાં અવાય છે શ્રીપન્નવણા સુત્રમાં જીવો ની અઠ્ઠાણું પ્રકારે ગણતરી કરી તેમાં સર્વથી થોડા ગર્ભ જ મનુષ્ય કહ્યા છે. વળી ગર્ભજ મનુષ્યને ઉપજવાનું સ્થળ

---

તે પોતાને ઘેર જઈ સુખેથી આરામ પામે છે. પણ જે માણસ દુકાને મોજમજા ઉડાવી પ્રમાદી બની પોતાના પૈસામાં આગ લગાડે છે. તેને પોતાને ઘેર એકાદશી કરવી પડે છે. અર્થાત ગરીબાઇ વગેરે દુઃખ ભોગવવી પડે છે. દુકાનને મધ્યલોક સમજો. અને ઘરને સ્વર્ગ તથા નરક ગણો.

---

+ એ સર્વ મળી ૮૪ લાખ જીવ યોનિ થઇ અને એક કરોડ સાડીસતાણું લાખ એટલી ક્રોડનાં કુળ થયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીછા લોકમાં માત્ર અઢી દ્વીપની અંદર છે. આખા લોકનું ઘનાકારે પરિમાણુ ૩૪૩ રાજુ છે. તેમાં અઢી દ્વીપ તો માત્ર ૪૫ લાખ જોજનમાં જ છે. વળી તે ૪૫ લાખ જોજનમાં પણ બે લાખ ને આઠ લાખ જોજનના પહોળા એવા મોટા સમુદ્રો પડયા છે. એ સિવાય દ્વીપની ભૂમિમાં પણ નદીઓ-પહાડો, વનો વગેરે ઘણાં સ્થળો મનુષ્ય રહિત છે. એ બધો વિચાર કરતાં મનુષ્ય ભવ મળવો ઘણો દુષ્કર છે.

(૨) "આર્ય ક્ષેત્ર"—મનુષ્યનો અવતાર માત્ર મળવાથી કંઇ ધર્મ પ્રાપ્તિ થઇ ગઇ એમ ન સમજવું. મનુષ્ય ગતિ તો મળી પણ તેમાં આર્ય ભુમિ મળવી બહુ દૂર્લભ છે. મનુષ્યની ઉત્પત્તિનાં અઢી દ્વીપની અંદર ત્રીશ ક્ષેત્ર તો અકર્મ ભુમિ ( જુગલીઆ ) મનુષ્યનાં છે, અને છપ્પન ક્ષેત્ર અંતર દ્વિપનાં મનુષ્યનાં છે. એ છયાશી ક્ષેત્રનાં મનુષ્યો ધર્મ કર્મમાં બિલકુલ સમજતાં નથી. એ મનુષ્યો તો પોતાનાં પૂર્વે કરેલાં પુણ્યોનાં ફળો, દેવતાઓની પેઠે સુખ ભોગવે છે. માટે અઢી દ્વીપ કર્મ ભુમિ મનુષ્યનાં પંદર ક્ષેત્ર માત્ર ધર્મ કરણી કરવાનાં રહ્યાં. એ પંદર ક્ષેત્રમાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે ત્યાં તો સદા કાળ જૈન ધર્મ પ્રવર્તે છે, અને બાકીના પાંચ ભરત ક્ષેત્ર અને પાંચ ઇરવત ક્ષેત્રમાં દશ ક્રોડાક્રોડી સાગરનો સર્પિણી કાળમાંથી એક ક્રોડાક્રોડ સાગરથી સહેજ વધારે વખત ધર્મ કર્મ કરવાનો રહે છે. પાંચ ભરત ને પાંચ ઇરવત એ દશ ક્ષેત્રમાંના અકેક ક્ષેત્રમાં બત્રીશ હજાર દેશ છે. બત્રીશ હજાર દેશમાંથી પણ ધર્મ કર્મ કરવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો માત્ર સાડી પચીશ આર્ય દેશ જ છે સાડીપચીશ આર્ય દેશનાં નામો + તેનું મુખ્ય શહેર અને ગામોની સંખ્યા કહે છે. (૧) મગધ દેશ—એની રાજધાની રાજગ્રહી નગરી છે અને એ દેશમાં એક ક્રોડ છાસઠ લાખ ગામો છે. (૨) 'અંગ દેશ'-ચંપાનગરી અને પચાસ લાખ ગામો. (૩) 'વંગ દેશ'-તામલિતા નગરી અને એંશી હજાર ગામો છે. (૪) 'કલિંગ દેશ'-કંચનપુર નગર અને અઢાર હજાર ગામ છે. (૫) 'કાશી દેશ'-વારાણસી નગરી અને એક લાખ પચાણું હજાર ગામો છે. (૬) 'કોશળ દેશ'-શાકેતપુર

---

શ્લોક—આસમુદ્રાતુ વૈ પૂર્વાત્, આસમુદ્રાતુ ષશ્ચિમાત્ ॥
તયો દેવાન્તરં ગિર્યો રાર્યાવર્તં વિદુ ર્બુધાઃ ॥૨૨॥
મનુસ્મૃતિ.

અર્થ—ઉતરમાં હિમાલય પર્વત, દક્ષિણમાં વિધ્યાચળ પર્વત અને પૂર્વ પશ્ચિમે સમુદ્રો એની વચ્ચે આર્ય ભૂમિની હદ છે.

શ્લોક—સરસ્વતી દવદત્યો દ્દર્ઘો શ્રનધોર્યદન્તરમ્ ॥
તદ્દેવ નિર્મિત દેશ માર્યાવતં પ્રવક્ષ્યતે ॥
મનુસ્મૃતિ શ્લોક ૧૭ અધ્યાય ૨.

અર્થ-સરસ્વતી નદીની પશ્ચિમે, અટક નદીની પૂર્વમાં, હિમાલયથી દક્ષિણમાં, અને રામેશ્વરની ઉત્તરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ચારે નગર અને નવ હજાર ગામ છે. (૭) 'કુરૂદેશ'–ગજપુર પંચાવન હજાર ગામ (૮) 'કુશાવર્ત દેશ'–સૌરીપુર નગર, છાસઠ હજાર ગામો (૯) પંચાળ દેશ'–કપિલપુર નગર અને ત્રણ લાખ ને ત્રાશી હજાર ગામો છે. (૧૦) જંગાલ દેશ–આઇછિતા નગરી, અઠ્ઠાવીશ હજાર ગામો. (૧૧) 'વિદેહ દેશ'–મથુરા નગરી, આઠ હજાર ગામો. (૧૨) 'સોરઠ દેશ'–દ્વારિકા નગરી, છ લાખ એંસી હજાર ત્રણસો ત્રેવીશ ગામો. (૧૩) વચ્છ દેશ'–કૌશાંબી નગરી, અઠ્ઠાવીશ હજાર ગામો (૧૪) 'સાંડિલ દેશ'–આંનંદપુર નગર, એકવીશ હજાર ગામો (૧૫) 'મલય દેશ' ભદ્દિલપુર નગર, સાત હજાર ગામો (૧૬) 'વરાડ'–બહુલપુર નગર, અઠ્ઠાવીશ હજાર ગામ (૧૭) 'વરણ દેશ'–અછા નગરી, બેંતાલીશ હજાર ગામો. (૧૮) 'દશારણ'–મૃતિકાવલી નગરી તેંતાલીશ હજાર ગામો. (૧૯) 'એદકા દેશ' સોકિકકાવતી નગરી, તેંતાલીશ હજાર ગામો. (૨૦) 'સિંધુ દેશ'–વીતભય પટ્ટણ. છ લાખ પંચાસી હજાર ગામો. (૨૧) 'સોવીર દેશ' મથુરા નગરી, આઠ હજાર ગામો (૨૨) 'સુરસેન દેશ'–પાવાપુર નગર છત્રીશ હજાર ગામો (૨૩) 'ભંગ દેશ' – મિશ્રપુર નગર, એક હજાર ચારસો વીશ ગામો. (૨૪) 'કુણાંલ દેશ' સાવત્થી-નગરી, તેત્રીશ હજાર ગામો. (૨૫) 'લાટ દેશ'–કોટીપર્વ નગરી, બે લાખ બેતાલીશ હજાર ગામ. (૨૫॥)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

× કેકે દેશ ( અર્ધ )–સેતંબિકા નગરી, એ હજાર પાંચસો ગામ. એ દેશો ધર્મવાળા છે અને એમ આર્ય દેશકહે છે આર્ય દેશમાં મનુષ્યઅવતાર મળવો મહા દુર્લભ છે.

(૩) "ઉંત્તમ કુળ"–એવા આર્ય દેશમા જન્મ થયા પછી ઉત્તમ કુળનો જોગ મળવો બહુજ મુશ્કેલ છે. મહાન પુણ્યશાળી હોય તેનો જ ઉત્તમ કૂળમાં જન્મ થાય છે. કેટલાક કૂલીન માણસો પુત્ર ન હોવાને લીધે ભારે આતુર રહે છે. પણ પૂર્વના મહાન પુણ્ય સમુહ વિના પુત્રપ્રાપ્તિ થતી નથી. કારણ કે આ દુનિયામાં પુણ્ય શાળી જીવો થોડા હોય છે. પણ નીચ કૂળોમાં જોશો તો પાપી જનોની પેદાશ ઘણી જ જોવામાં આવે કારણ કે આ જગતમાં પાપી જીવો બહુ જ જોવામાં આવે છે. વળી કેવળ જાતિ માત્રથી જ ઉંચ નીચ કહી શકાય નહિ. કારણ કે શરીરની આકૃતિ, અવયવ શરીરના અંદરના વિભાગ તો સર્વ મંનુષ્યોના એક સરખા જ હોય છે પરંતુ શાસ્ત્રમાં ઉંચ નીચ પણું જાતિથી નહી પણ ગુણ કર્મથી કહ્યું છે. ઉત્તમ ગુણોવાળાં અને સત્કર્મ કરનારાં મનુષ્યો ઉંચ ગણાય છે. અને નીચ કર્મ કરનરાં મનૂષ્યો નીચ

× અનાર્ય પરદેશી રાજાને શ્રી કેશિશ્રમણ આચાર્યે ધર્મ સમજાવ્યો હતો. એ આચાર્ય મહારાજ એ દેશની જેટલી જગામાં વિચર્યા તેટલી જગા, આર્યભૂમિ થઈ બાકીની અનાર્ય ભૂમિ રહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણાય છે. શ્રી ઉતરાધ્યન સૂત્રના ૨૫માં અધ્યયનમાં શ્રી જયઘોષ મુનિ આ પ્રમાણે કહે છે :—

ગાથા—કમ્મુણા બંભણો હોઇ, કમુમ્ણા હોઈ ખતિઓ ।
વઇસ્સો કમ્મુણા હોઈ, સુદ્દો હવઈ કમ્મુણા ॥૩૩॥

અર્થાત્ :–કર્મ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર કહેવાય છે. બ્રહ્મ જાનાતીતિ બ્રાહ્મણ" જે બ્રહ્મ એટલે આત્માને જાણે–આત્મજ્ઞાન પ્રાપ્ત કરે તેજ બ્રાહ્મણ કહેવાય. ક્ષતાત્ ત્રાયતે યઃ સઃ ક્ષત્રિયઃ" અનાથોનું રક્ષણ કરે તેજ ક્ષત્રિય, વાણિજ્ય (નિતિથી વેપાર) કરે તે વૈશ્ય કહેવાય અને શુદ્ર સેવા કરે તે શૂદ્ર કહેવાય છે. વળી ગ્રંથાતરમાં નીચ જાતિનાં લક્ષણ નીચે પ્રમાણે બતાવ્યાં છે.

ન વિશેષ ઇતિ વર્ણાનામ્ સર્વં બ્રહ્મમયં જગતત ।
બ્રાહ્મણપૂંર્વ શ્રેષ્ઠં હિ કર્મણા વર્ણતાં ગતમ્ ॥

મહાભારત શાંતિ પર્વ.

અર્થ :– વર્ણનું કંઇ વિશેશ પણું નથી. આ બધું જગત બ્રહ્મમય છે. પ્રથમ બધા બ્રાહ્મણ હતા. પછી જેવાં જેવાં કર્મ કર્યા તેવા વર્ણન પ્રાપ્ત થયાં.

"અધર્મચર્યયા પુર્વો વર્ણો જઘન્યં
વર્ણ માપધતે જાતિપરિવૃત્તો"

અર્થાત : ઉત્તમ વર્ણવાળા પણ અધર્માચરણથી નીચતાને પ્રાપ્ત થતા જાય છે. અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" ધર્મચર્યયા જઘન્યો વર્ણ: પૂર્વ
વર્ણમાપદ્યતે જાતિ પરિવૃત્તો "

અર્થાત્- નીચ વર્ણવાળા પણ ધર્માચરણથી ઉત્તમતાને પ્રાપ્ત થતા જાય છે. આ આ પ્રમાણે આપસ્તંબ ધર્મ સુત્રના પ્રશ્ન ૨ પટલ ૪ માં કહ્યું છે.

વિશ્વામિત્રો વસિષ્ઠશ્ચ મતંગો નારદોઽપિ ચ
તપો વિશેષ સંપ્રાપ્તા, ઉત્તમત્વં ન જાતિન: ॥

શુક્ર નીતિ અધ્ય. ૪ પ્રકરણ ૪

વિશ્વામિત્ર, વસિષ્ઠ અને નારદ ઋષિ નીચ જાતિમાં ઉત્પન્ન થયા છતાં પણ તપશ્ચરણ કરીને ઉત્તમ થયા છે. એટલા માટે જાતિનું કશું વિશેષત્વ નથી.

જપો નાસ્તિ, તપો નાસ્તિ, નાસ્તિ ચેન્દ્રયનિગ્રહ ॥
દયા દાનં દમો નાસ્તિ, ઇતિ ચંડાલલક્ષણમ્ ॥

અર્થાત- પરમેશ્વરનો જપ, સ્મરણ, ધ્યાન ગુણાનુવાદ, સ્તવનકીર્તન ન કરે, રાતદિન પોતાના ઘર ધંધામાં જ રચ્યો પચ્યો રહે; વ્રત-નિયમ-ઉપવાસ ન કરે, પણ સદા ખાઇ પીને શરીરને હૃષ્ઠપુષ્ટ બનાવવામાં આનંદ માને, ભક્ષ્ય અભક્ષ્ય વસ્તુનો પણ વિચાર કરે નહિ પણ અગ્નિની પેઠે કંઇપણ ન છોડતાં સર્વનો આહાર કરે; પાંચ ઇન્દ્રિયોને ખરાબ રસ્તે જતી રોકે નહિ, પણ હમેશાં ગાનતાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોજમજા, નાટક ચેટક તથા પરસ્ત્રીઓ સાથે વિષયભોગ ભોગવી આનંદ માને; કોઇપણ દુઃખી પ્રાણીને દેખીને દિલમાં અનુકંપા લાવે નહિ અને સદા પૃથિવ્યાદિક છએ કાયન જીવોની હિંસા કર્યાં કરે અને મદ્યમાંસનું ભક્ષણ કરે; કોઇને પણ કિંચિન્માત્ર દાન આપે નહિ, મહા પરિગ્રહી, કંજુસ અને મૂંજી બનીને બીજો કોઇ ઉદાર જન દાન કરતો હોય તેને પણ અટકાવી અંતરાય કર્મ બાંધે છે; આત્મદમન, નિયમ, વ્રતપચ્ચકખાણ કંઇપણ કરે નહિ; એ પ્રમાણેનાં લક્ષણો જેમાં હોય તેને નીચ ચંડાળ જાતિનો ગણવો. એ દુર્ગુણો જેનામાં ન હોય, યથાશકિત જપ. તપ, ઈંદ્રિયદમન. દયા, દાન કરે તેને ઉત્તમ કુળનો કહેવો એવું ઉત્તમ કુળ જૈનકૂળ છે, અને જૈન કુળમાં જન્મ થવો મહા મુશ્કેલ છે.

(૪) "દીર્ઘ આયુષ્ય"-ઉત્તમ કુળ તો મળ્યું પણ તેની સાથે લાંબુ આયુષ્ય મળવું જોઇએ. એવું લાંબુ આયુષ્ય મળવું પણ મહા મુશ્કેલ છે. ત્રીજા તથા ચોથા આરાનાં મનુષ્યોનાં આયુષ્ય પૂર્વે જેટલાં હતાં એમના આયુષ્યના જેટલા સેંકડા થાય તેટલા શ્વાસોચ્છ્વાસ ચાર અબજ, સાત કરોડ, અડતાલીશ લાખ અને ચાળીશ હજાર થાય છે. એવાં સો વર્ષ સુખે સુખે પૂરાં કરનાર તો કોઇક મહાભાગ્યશાળી હોય છે.

શ્લોક :-આયુર્વર્ષશતં નૃણાં પરિમતં, રાત્રૌ તદર્ધં ગતં ।<br>
તસ્યાર્ધસ્ય પરાર્ધમપરં. બાલત્વવૃદ્ધત્વયો: ॥<br>
શેષં વ્યાધિવિયોગદુ ખસહિતં, સેવાદિભિર્નીયતે ।<br>
જીવે વારિતરંગચંચલતરે, સૌખ્યં કુતઃ પ્રાણીનામ્ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારાંશ સો વર્ષની જીંદગીમાં માણસને કેટલું સુખ મળે છે તે જરા વાણીઆની રીતે હિસાબ કરીને જોઇએ. એક વર્ષના ૩૬૦ દિવસ થાય છે તેથી ૧૦૦ વર્ષના ૩૬૦૦૦ દિવસ થયા. એ છત્રીશ હજારમાંથી અર્ધા એટલે અઢાર હજાર તો નિદ્રામાં ગયા! કારણકે 'નિદ્રાગુરૂજી પણ મોત મૂવા" હે ગુરૂજી! વગર મોતે મોતરૂપ નિદ્રા છે. નિદ્રામાં સુખદુઃખ વગેરેનું કાંઇપણ ભાન રહેતું નથી. બાકીના અઢાર હજાર દિવસના ત્રણ ભાગ કરો. છહજાર દિવસો બાળપણમાં જતા રહ્યા. તે પણ અજ્ઞાન દશામાંજ ગુમાવ્યા ગણાય કારણ કે બાળકને સત્યાસત્યનું જ્ઞાન હોતું નથી. બીજા છહજાર દિવસો જરા અવસ્થા (ઘડપણ)માં કાઢયા. વૃદ્ધાવસ્થા પણ મહાદુઃખનું કારણ છે એમ શાસ્ત્રમાં સ્થળે સ્થળે બતાવેલ છે. ॥ જન્મ દુઃખં જરા દુઃખં ॥ એ અવસ્થામાં મન મોજ શોખ ભોગવવા ઇચ્છા કરે છે પણ ઇંદ્રિયો ઘણીજ નબળી પડી જાય છે તેથી ખાનપાનાદિ ભોગવતાં છતાં દુઃખનો ખરેખર વધારો થાય છે. ઘડપણમાં આંખે બરોબર દેખાતું નથી. કાને સંભળાતું નથી. દાંત પડી જવાથી ખાવામાં મજા આવતી નથી અને ખોરાક ચવાતો ન હોવાથી પચતું પણ નથી. અપચો થવાથી અનેક રોગો ઉત્પન્ન થાય છે વૃદ્ધનું શરીર અશક્ત નકામું, તથા અળખામણું લાગે એવું થતું જતું હોવાથી સ્વજનો અપમાન કરે છે. ઇત્યાદિ અનેક દુઃખો જરા અવસ્થામાં છે. એ રીતે બાળપણ ને ઘડપણના મળી બાર હજાર દિવસો ફોકટ ગયા. હવે જે છહજાર દિવસો જુવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થાના રહ્યા. તેમાં પણ કોઇ વાર શરીરમાં અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે, રોગથી મુક્ત થાય તો કોઈ સ્વજનના વિયોગનું દુઃખ પડતાં વિલાપ કરવામાં દિવસો જાય છે, એમાંથી પણ કાંઇ આરામ મળે ત્યાં તો લેણુ દેણુ, આબરૂ લાભ હાનિ, તેજી મંદી, કજીઆ કંકાસ, સગપણ વિવાહ, વગેરે અનેક ઉપાધિઓ આવી પડે છે. હે! હિસાબી સુજ્ઞ બંધુઓ ! હવે વિચાર તો કરો કે સો સો વર્ષનું આયુષ્ય છતાં તેમાંના કેટલા દિવસો તમે સુખમાં ગાળી શકો છો ? વળી કહ્યું છે કે:—

ગાથા:—ગબ્ભાઇમજ્જંતિ વુયાબુયાણાં, નરા પરા પંચસિહા કુમારા॥
જોવણુગા મજ્જિમા થેરગાયં, ચયંતિ આયુકખય પલીણા॥

સૂયગડાંગ સૂત્ર

સારાંશ:—ભોગ ભોગવવા ટાણે નવ લાખ સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્ય સ્ત્રીના ગર્ભાશયમાં ઉપજે છે. એમાંના એક બે કે ચાર જીવતા રહે છે. બાકી બધા પુરૂષના વીર્યના સ્પર્શથી મરી જાય છે. તે પછી પણ કેટલાક ગર્ભાશયમાં તરતજ, કેટલાક ગર્ભાશયમાં થોડા મહિના થયા પછી, કેટલાક અન્ય અસહ્ય સંયોગ થવાથી, કેટલાક પ્રસવતાંજ આડા આવે છે ત્યારે કાપીને કાઢવા પડે છે તેથી, કેટલાક જન્મ થયા બાદ મૂર્ખાઇને લીધે બાળપણમાં અને કેટલાક ભરજુવાનીમાં મૃત્યુ પામે છે. બધા વિઘ્નોથી બચી જો કોઈ ઘડપણ લગી ટકે છે તો તેનો છેવટ કાળ તો આવે છે. જેમ ફરતી ઘંટીનાં બે પડ વચ્ચે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે દાણા આવ્યા તે આખા ને આખા રહેવાનો ભરોસો રહેતો નથી; ઘંટીના કેટલાક આંટા ફર્યા પછી તેનો લોટ થવાનોજ; તે પ્રમાણે કાળ રૂપ ઘંટી છે, તેનાં બે પડ છે; ભૂતકાળરૂપી નીચેનું એક સ્થિર પડ અને ભવિષ્ય કાળરૂપી ઉપરનું ફરતું પડ એમ બે પડ છે એ બે પડની વચમાં સાંસારિક અનંત જીવો આવેલા છે; હવે એ જીવોની કાયાનો શો ભરોસો કે આટલા દિવસની અંદર કાયા પડી જઇ તેની ભસ્મ થશેજ!! એમની કાયાનો એક દિવસ અંત આવશે એટલી વાત તો નક્કી છે.

પ્ર૦ ૧ શ્રીતીર્થંકરદેવના શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા કલ્પસૂત્રમાં આવે છે, તે ચોથા ગુણસ્થાનકની કે પાંચમા ગુણસ્થાનકની ?

ઉ૦ પાંચમા ગુણસ્થાનકની હોય એમ લાગે છે.

સેન પ્રશ્ન ઉલ્લાસ ત્રીજો પ્રશ્ન ૨૩૨ માં જણાવ્યું છે કે–

શ્રી તીર્થંકર મહારાજા પાસે જેઓ સમ્યક્ત્વ પામવાપૂર્વક દેશવિરતિ આદિ પામ્યા હોય, તેઓને જ શ્રી તીર્થંકરના પરિવારમાં ગણવા.

પંડિત શ્રી વીરવિજયજી કૃત પંચકલ્યાણની પૂજામાં કહ્યું છે કે–

એક લખ ચઉસઠ સહસ છે, શ્રાવકનો પરિવાર;
સગવીસ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશવિરતિધર એ સહુ, પૂજે જિન ત્રણ કાળ;
પ્રભુ-પડિમાં આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ. (૩)

આ બન્ને કથનથી **શ્રી** તીર્થંકરદેવના શ્રાવક-શ્રાવિકા પાંચમાં ગુણસ્થાનકવાળા હોય એમ લાગે છે.

પ્ર૦ ૨ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા એટલે શું અને તે સાધુને જ હોય કે શ્રાવકને પણ હોય?

ઉ૦ ગ્રહણશિક્ષા એટલે જ્ઞાન મેળવવું અને આસેવન-શિક્ષા એટલે ક્રિયાનુષ્ઠાન કરવું.

આ ઉભય પ્રકારની શિક્ષા સાધુ તથા શ્રાવક બન્નેને હોય. સાધુની ગ્રહણશિક્ષા જઘન્યથી અષ્ટપ્રવચન માતાનું સુત્રાર્થથી જ્ઞાન અને ઉત્કૃષ્ટથી બિન્દુસાર પર્યન્ત ચૌદ પૂર્વનું જ્ઞાન.

શ્રાવકની ગ્રહણશિક્ષા જઘન્યથી સામાયિકાદિ સુત્રાર્થ ગ્રહણરૂપ અને ઉત્કૃષ્ટથી દશવૈકાલિકના ચાર અધ્યયન સુધી સૂત્ર તથા અર્થથી અને પાંચમું અધ્યયન વગેરે માત્ર વ્યાખ્યાનાદિ દ્વારા અર્થ સાંભળવા રૂપ જ.

સાધુની આસેવનશિક્ષા–પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામન્ત્રને (સાત-આઠવાર) ગણવા પૂર્વક જાગ્રત થઇને સ્વાધ્યાય–પ્રતિક્રમણ–પ્રતિલેખનાદિ સંપૂર્ણ સમાચારીનું વિધિપૂર્વક હંમેશ પાલન કરવું તે.

શ્રાવકની આસેવનશિક્ષા–નમસ્કાર મહામન્ત્રના સ્મરણ-પુર્વક જાગ્રત થઈ પ્રાતકાલથી માંડીને અહોરાત્રિ–પાક્ષિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિના પ્રત્યેક ધર્માનુષ્ઠાનોનું વિધિપૂર્વક પાલન કરવું તે.

પ્ર૦ ૩ સામાયિકનો કાળ બે ઘડીજ કેમ ?

ઉ૦ સામાયિકનો બે ઘડી કાળ કહ્યો છે, તે સામાન્યથી છે.

શાસ્ત્રમાં કહયું છે કે– 'જાવ નિયમં પજ્જુવાસામિ' એ પ્રમાણેનો પાઠ જો કે સામાન્ય વચનરૂપ છે, તો પણ જઘન્યથી ઓછામાં ઓછું અન્તર્મુહુર્ત્ત સુધી તો ( બે-ઘડી સુધી ) અવશ્ય સામાયિકમાં રહેવું જોઇએ. અન્તર્મુહુત્ત પછી પણ ચિત્તની સ્થિરતા ટકે ત્યાં સુધી બીજું સામાયિક લઈ સામાયિકમાં રહી શકાય. વર્તમાનમાં વધારેમાં વધારે લાગલાગટ ત્રણ સામાયિક લેવાની પ્રથા છે.

પ્ર૦ ૪ અલ્પસંસારીને ઓળખવા માટે સામાન્ય લક્ષણો કયાં છે ?

ઉ૦ અલ્પાહાર, અલ્પનિદ્રા, અલ્પારંભ, અલ્પરિગ્રહ, અલ્પકષાય, સ્વાર્થત્યાગ, પરાર્થકરણ, પાપભીરૂતા, જિનભકિત, જીવમૈત્રી, ગુણાનુરાગ દુઃખિત-દયા, દુર્ગુણી પ્રત્યે માધ્યસ્થ્ય, પ્રશમ, સંવેગ ભવનિર્વેદ, અનુકંપા, આસ્તિકય વગેરે.

પ્રં૦ ૫ આબન્નસિદ્ધિક જીવનું લક્ષણ શું ?

ઉ૦ સર્વજ્ઞકથિત ધર્મનુષ્ઠાનોમાં વિધિનું પાલન અને હંમેશા વિધિમાં સતત આદર વગેરે.

પ્ર૦ ૬ સમકિત અને દેશવિરતિ કાળ કરીને કયી ગતિમાં જાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦ સમકિતની હાજરીમાં આયુષ્ય બાંધ્યું હોય એવા દેવતાઓ અને નારકો મનુષ્ય ગતિમાં જાય.

સમકિતી અને દેશવિરતિ એવા તિર્યંચો તથા મનુષ્યો જઘન્યથી પહેલે દેવલોકે જાય.

દેશવિરતિ તિર્યંચ ઉત્કૃટથી આઠમા દેવલોકે જાય.

દેશવિરતિ મનુષ્ય ઉત્કૃષ્ટથી બારમે દેવલોકે જાય.

પ્ર૦ ૭ સાધુ કાળ કરીને ક્યાં જાય ?

ઉ૦ સાધુ સામાન્ય રીતે બે પ્રકારનાં છે.

૧ છદ્મસ્થ અને ૨ કેવલી. તેમાં કેવલી સાધુ મોક્ષમાં જ જાય.

છદ્મસ્થ સાધુ ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય અને જઘન્યથી પહેલા દેવલોકમાં જાય. પણ જો તે સાધુ ચૌદપૂર્વી હોય તો જગન્યથી છઠ્ઠા દેવલોકમાં જાય.

અહિં છઠ્ઠા તથા સાતમા પ્રશ્નમાં જે ગતિના પ્રકારો બતાવ્યા છે, તે પોતપોતાના આચારમાં રકત હોય એવા સાધુ અને શ્રાવકો માટે સમજવાના છે.

સાધુક્રિયામાં સારી રીતે રહેલા દ્રવ્યલિંગી (મિથ્યાદ્રષ્ટિ) ભવ્ય કે અભવ્ય જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી જાય છે.

પ્ર૦ ૮ દેવતાઓ ચ્યવીને ક્યાં ઉત્પન્ન થાય છે ?

ઉ૦ ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી અને પહેલા બીજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકના દેવો બાદર લબ્ધિ પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાય અને ગર્ભજ લબ્ધિપર્યાપ્તા સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્ય તથા તિર્યંચમાં ઉત્પન્ન થાય.

ત્રીજાથી આઠમા દેવલોકવાળા દેવો, ઉપર કહેલા સંખ્યાત આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય.

નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનવાળા સર્વ દેવો, કેવળ ઉપર કહેલા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાંજ ઉત્પન્ન થાય.

પ્ર૦ ૯ સાધારણ વનસ્પતિકાયના જીવો એક સમયમાં કેટલા જન્મે છે અને કેટલા મરે છે.

ઉ૦ સાધારણ વનસ્પતિકાયાના જીવો પ્રતિ સમય અનન્ત લોકાકાશના પ્રદેશ રાશિ જેટલા જન્મે છે અને મરે છે.

પ્ર૦ ૧૦ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાગ, વાઉકાય અને પ્રત્યેક વનસ્પતિકાયના જીવો એક સમયમાં કેટલા જન્મે અને મરે ?

ઉ૦ આ જીવો પ્રતિ સમય અસંખ્ય લોકાકાશના પ્રદેશ રાશિ જેટલા જન્મે છે અને મરે છે.

પ્ર. ૧૧ ત્રસ જીવો એક સમયમાં કેટલા જન્મે અને મરે ?

ઉ૦ ૧ બેઇન્દ્રિય.
૨ તેઇન્દ્રિય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. ચઉરિન્દ્રિય.

૪. પંચેન્દ્રિય તિર્યંચ.

૫. સંમુચ્છિંમ મનુષ્ય.

૬. અપ્રતિષ્ઠાન નરકાવાસને છોડી બાકીના નરકાવાસના નારકો અને

૭. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને છોડીને બાકીના સર્વ દેવો—

આ સાત ત્રસ રાશિઓ અસંખ્ય જીવરૂપ છે, તે સાતે ત્રસ રાશિમાં પ્રતિ સમય જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી અસંખ્ય-અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે, અને તે પણ ઉત્કૃષ્ટથી નિરંતર આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય સુધી.

અહિં સાતમી રાશિમાં-સ્વાર્થસિદ્ધ સિવાયના સમગ્ર દેવોની એક રાશિ ગણેલી છે, એમ સમજવું. બાકી અલગ અલગ ગણવામાં આવે તો-નવમા દેવલોકથી માંડીને છેક અનુત્તરના ચાર વિમાનવાસી દેવો અસંખ્ય-અસંખ્ય હોવા છતાં તેમાં પ્રતિ સમય ઉત્કૃષ્ટથી સંખ્યાતા જ ચ્યવે છે અને સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે, કારણ કે-એ આનત દેવલોકથી છેક સર્વાર્થસિદ્ધ સુધીના દેવો સંખ્યાત આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યમાં જ જાય છે અને તે દેવલોકમાં આવનારા પણ સંખ્યાત આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો જ હોય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મરૂદેવી માતાની સઝાય.

(મનુષ્ય ભવનું ટાણુંરે કાલે વહી જસેરે,
આરેહંત ગુણ ગાવો નરનાર એ રાગ)

ભારત ભૂષણ માતા મરૂદેવી થયારે, જુઓ જુઓ સતીનું ચરિત્ર;
જીવન ભરમાં દુઃખ દીઠું નહિરે, જેહનું પુણ્ય પવિત્ર,
ભારત૦ ૧

સુહાસણ રહ્યા ક્રોડ પુરવ લગીરે, નિત નિત નવલારે વેશ
ભર યૌવન સમ સોહામણારે, કાળા ભમર રહ્ય કેશ.
ભારત૦ ૨

પાંચસે ધનુષ્યની ઉંચી દેહડીરે, સોવન વરણીરે હોય;
કેળ સરીખી કોમલ વળીરે, ચમકતી ચામડી જોય.
ભારત૦ ૩

ગજ ગામીની મૃગનયણી સતીરે, શશી સમ વયણીરે હોય;
નારી વૃંદમાં અધિકી દીપતીરે, એ સમ જોડી ન કોય
ભારત૦ ૪

પીયર સાસરૂં સત્તીએ જાણ્યું નહિરે, નવિ જાણ્યા દેશ વિદેશ;
સુખ કે દુઃખનું નામ નવિ જાણીયુંરે, જીવન ભરમાંરે લેશ;
ભારત૦ ૫

જન્મથી માંડી માતા મરણ લગીરે, નવિ લીધું ઔષધ એક
શરીરે વ્યાધી કદી નવ ઉપજીરે, જીવન ભરમાંરે છેક
ભારત૦ ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ્ત્ર ચોસઠ નિરખી પેઢીનેરે, એકે મુવો નવ સુણ્યો કાન;
સ્વર્ગથી અધિક સુખમાં ઝીલતારે, પામ્યા ચૌદશી માન.
ભારત૦ ૭

ક્રોડ પુરવમાં થયું એકજ જોડલુંરે, રૂષભદેવ સુમંગલા નામ;
ધર્મ પ્રરૂપક ત્રિભુવન ધણીરે, થયા રૂષભદેવ સ્વામ.
ભારત૦ ૮

એકસો પ્રૌત્ર દાદીને થયારે, પ્રૌત્રી બ્રાહ્મી સુંદરી દોય;
કુટુંબ કબીલો સૌ સાજન સુખીરે, દુઃખી નવ જોયો કોય.
ભારત૦ ૯

રત્ન સિંહાસણ માતાના બેસણારે, અંગે શોભે શણગાર;
અમરી ભમરી દોય ઘરે ચમ્મરીરે, ધન્ય માતા અવતાર.
ભારત૦ ૧૦

ચક્રી ભરત છ ખંડનો ધણીરે, એહવો પ્રૌત્ર તુજ થાય;
ચરણ કમળમાં નિત્ય કરે વંદનારે, આજ્ઞા શીર ઉઠાય.
ભારત૦ ૧૧

કુટુંબ કબીલો સૌ તુજ ખોળે રમેરે, પ્રણમે નિત્ય નિત્ય પાય;
ખમા ખમા તુજ ભણી સૌ ઉચ્ચરેરે, સૌકો સેવાને ચહાય.
ભારત૦ ૧૨

બત્રીસ બધ નાટક નિત્ય નિહાળતાંરે, તુજ આગળ વાગતા તૂર;
જગ જનની માતા ઘણું જીવજોરે, સંભળાતા નિત્ય એ સૂર.
ભારત૦ ૧૩

પુણ્ય પનોતી માતા તુજ સમીરે, જગમાં અન્ય ન કોય;
સુર નર વિદ્યાધર ધરણિપતિરે, એ તુજ સેવક હોય
ભારત૦ ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીભુવન નાયક લાયક પ્રભુરે, રૂષભ તુજ બેટડો હોય;
ચૌદ રતન નવનિધિ આંગણેરે, ઇચ્છા અપૂરણ ન કોય,

ભારત૦ ૧૫

તુજ સરીખા આ સંસારમાંરે, પુણ્ય વંતા નવ હોય.
અજબ માતા ગછબ તુજ વાતડીરે, પાર ન પામે કોય.

ભારત૦ ૧૬

હાથીના હોદ્દે માતાજી ચાલીયારે, પુત્રને દેખણ કાજ;
દેવ દુંદુભિના નાદે જાણીયુ રે, એ રૂષભનું ધર્મરાજ.

ભારત૦ ૧૭

પુત્રની રૂદ્ધિ જોઇ માતા હરખીયારે, તજ્યો તજ્યો મોહ તેવાર;
અંત કૃત કેવળી માતાજી થયારે, પોચ્યા પોચ્યા મોક્ષ મજાર.

ભારત૦ ૧૮

ત્રીગડે બેઠા રૂષભ જીણંદજીરે, સેવે સુર નર પાય;
ખાંતિ શાંતિધર પ્રભુ તારજોરે, શ્રી સંઘ એમ ગુણ ગાય.

ભારત૦ ૧૯

નાગોરી વડ તપ ગચ્છ પતિરે, પાર્શ્વચંદ્ર સૂરી રાય;
જગતચંદ્ર કુલચંદ્રમણિરે, એમ મરૂદેવીના ગુણ ગાય.

ભારત૦ ૨૦

દીપક આર્ટ પ્રિન્ટરી : દફતરી રોડ, મુંબઇ-૬૪, ફોન : ૬૮૩૪૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષાંત્યાદિ ગુણ સંપન્ના,
તિલ કાંકિત ભાલિકા;
શ્રીમતી ભારતી દેવી,
ભૂયાન્ન; સુખદાયિની! ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org